પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૨૬-૨-૨૦૨૬, ગુરૂવાર
વર્ષ: ૧૪, અંક: ૨૯૮

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

દુકાળ પડ્યો છે આખી દુનિયામાં પ્રેમ આદર અને સન્માનનો કારણ કે લેવા દરેક માંગે છે પણ કોઈ આપવા માંગતું નથી.

**ધો.૧૦-૧૨ની પરીક્ષાનો પ્રારંભ બેન્ડબાજા અને ડાંડીયાના તાલે વિદ્યાર્થીઓનું સ્વાગત**

(વાંચો છેલ્લા પાને)

### ભારત-ઈઝરાયેલનો મિત્રથી પણ વિશેષ 'ભાઈ' જેવો નાતો છે

# દુશ્મનની મિસાઈલ વાળ પણ વાંકો નહીં કરી શકે, હવે ઈઝરાયેલની આયર્ન ડોમ ભારતને સુરક્ષા કવચ આપશે

## આયર્ન ડોમ અને આયર્ન બીમ સિસ્ટમ 300 કિમી દૂરથી આવતા ડ્રોન કે મિસાઈલને હવામાં જ તોડી પાડશેઃ ઈઝરાયેલ માત્ર હથિયાર વેચશે નહીં, પણ તેની 'આધુનિક' ટેકનોલોજી ભારતને ટ્રાન્સફર કરશે

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈઝરાયલ મુલાકાતે વૈશ્વિક સંરક્ષણ ક્ષેત્રે ખળભળાટ મચાવી દીધો છે. દુનિયાના અનેક દેશો જે હથિયારો માટે વર્ષોથી લાઈનમાં હતા, તે અત્યાધુનિક ટેકનોલોજી ઈઝરાયલ હવે માત્ર ભારતને સોંપવા જઈ રહ્યું છે. આ ડીલથી ભારતની સૈન્ય શક્તિમાં એવો ઉછાળો આવશે કે દુશ્મન દેશોના રડાર પણ નિષ્ફળ સાબિત થશે.એટલે સચ દુશ્મનની મિસાઈલ વાળ પણ વાંકો નહિ કરી શકે, હવે ઈઝરાયલની આયર્ન ડોમ ભારત દેશને સંપૂર્ણ સુરક્ષા કવચ આપશે.



આ વખતે ઈઝરાયલ માત્ર હથિયાર વેચશે નહીં, પણ તેની 'એક્સક્લુઝિવ' ટેકનોલોજી ભારતને ટ્રાન્સફર કરશે. 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ આ ઘાતક હથિયારોનું નિર્માણ હવે ભારતીય ધરતી પર થશે. આ સિવાય 'રેમ્પેજ' એર-ટુ-ગ્રાઉન્ડ મિસાઈલ અને 'આઈસ બ્રેકર' નેવલ ક્રૂઝ મિસાઈલ પર પણ મહોર લાગવાની પૂરેપૂરી શક્યતા છે.

એન્ડવાન્સ મિલેટ્રી ટેકનોલોજીની દુનિયામાં યુનાઈટેડ સ્ટેટ્સ અને ચીન જેવા મહાસત્તાઓ હેડલાઈન્સમાં પ્રભુત્વ ધરાવે છે. છતાં, આધુનિક હવાઈ સંરક્ષણમાં સૌથી વિક્ષેપકારક નવીનતાઓમાંની એક ઈઝરાયલ તરફથી આવી રહી છે. આ સિસ્ટમને આયર્ન ડોમ અને બીમ કહેવામાં આવે છે. તે રક્ષણાત્મક યુદ્ધમાં એક મોટી છલાંગ રજૂ કરે છે. ઈન્ટરસેપ્ટર રોકેટ પર આધાર રાખતી પરંપરાગત મિસાઈલ ડિફેન્સ સિસ્ટમથી વિપરીત, આયર્ન બીમ આવનારા જોખમોનો નાશ કરવા માટે નિર્દેશિત લેસર ઊર્જાનો ઉપયોગ

(અનુ. આઠમા પાને)


## ઈસ્લામ નહિ પણ એક્સ્ટ્રીમિસ્ટ ઈસ્લામ સામે પણ સુરક્ષા કવચ કેળવશે ભારત-ઈઝરાયેલઃ નેતન્યાહુ



ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ તાજેતરમાં એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે કે ભારત અને ઈઝરાયેલ આયર્ન એલાયન્સ નામના મજબૂત ગઠબંધનનું નિર્માણ કરશે, જે કટ્ટરપંથી ઈસ્લામના જોખમ સામે લડવા માટે હશે.આજાહેરાત ઈઝરાયેલની સંસદ નેસેટમાં કરવામાં આવી, જ્યાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઐતિહાસિક સંબોધન કરવા પહોંચ્યા હતા. નેતન્યાહુએ પીએમ મોદીના સંબોધન પહેલાં આ વાત કરી હતી. નેતન્યાહુએ કહ્યું કે,કટ્ટરપંથી ઈસ્લામ જે સમગ્ર માનવજાત અને સ્વતંત્ર રાષ્ટ્રોને ધમકી આપે છે, તેની સામે અમે એકસાથે આયર્ન એલાયન્સ બનાવીશું. એવા દેશોનું ગઠબંધન જે પ્રગતિ, માનવ મર્યાદા અને પરસ્પર આદરમાં માને છે. એવા દેશોનું ગઠબંધન જે જીવનને પવિત્ર માને છે અને તેમની સામે લડવા તૈયાર છે જેઓ મૃત્યુને પવિત્ર માને છે અને આપણને મધ્યયુગીન અંધકારમાં પાછા લઈ જવા માંગે છે.સાથે તેમણે ભારત-ઈઝરાયેલ સંબંધોને અદ્ભુત અને અદ્વિતીય ગણાવ્યા. તેમણે જણાવ્યું કે બંને દેશો વચ્ચે વેપાર બમણો થયો છે, સહકાર ત્રણ ગણો વધ્યો છે અને સમજણ ચાર ગણી વધી છે. તેઓએ કહ્યું કે ભારત અને ઈઝરાયેલ બંને પહેલાં કરતાં વધુ મજબૂત છે.

### 'વસુધૈવ કુટુમ્બકમ'

## વિશ્વની શાંતિ, સ્થિરતા અને વાટાઘાટોને લઈ ઈઝરાયેલની પડખે રહેશે ભારતઃ પીએમ મોદી



ઈઝરાયેલની સંસદમાં સંબોધન કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આતંકવાદ ગમે ત્યાં હોય, પરંતુ તે દરેક જગ્યાએ શાંતિ માટે ખતરો ઊભો કરે છે. વિશ્વની શાંતિ, સ્થિરતા અને વાટાઘાટોને લઈ ઈઝરાયલની પડખે ભારત હરહંમેશ ઉભું રહેશે.આતંકવાદનો સામનો કરવા માટે સતત અને સંકલિત વૈશ્વિક કાર્યવાહીની જરૂર છે, કારણ કે આતંકવાદ ગમે ત્યાં હોય પણ દરેક જગ્યાએ શાંતિને જોખમમાં મૂકે છે. તેથી જ ભારત કાયમી શાંતિ અને પ્રાદેશિક સ્થિરતામાં યોગદાન આપતા તમામ પ્રયાસોને સમર્થન આપે છે. ગાઝા શાંતિ પહેલનો ઉલ્લેખ કરીને વડાપ્રધાને જણાવ્યું હતું કે યુએન સુરક્ષા પરિષદના સમર્થન સાથેની ગાઝા શાંતિ પહેલ એક માર્ગ પ્રદાન કરે છે. ભારતે આ પહેલ માટે પોતાનો મજબૂત ટેકો વ્યક્ત કર્યો છે.આતંકવાદના મુદ્દે ઈઝરાયેલની જેમ ભારત પણ કોઈ બેવડા ધોરણો વગર ઝીરો ટોલેરન્સની નીતિ ધરાવે છે. મોદીએ આની સાથે ગાઝા શાંતિ પહેલનું સમર્થન કરતાં જણાવ્યું હતું કે તે પ્રદેશમાં ન્યાયી અને કાયમી શાંતિનું વચન ધરાવે છે.ઈઝરાયેલ પર હમાસના આતંકવાદી હુમલામાં પોતાના નજીકના અને પ્રિયજનો ગુમાવનારા ઈઝરાયેલી પરિવારો પ્રત્યે ભારતની ઊંડી સંવેદના

(અનુ. આઠમા પાને)

### હવે વધુ પાવરફૂલ લોકોએ 'પ્રીમિયમ ચાર્જ' આપવો પડશે

# એમેઝોન, ગુગલ, માઈક્રોસોફ્ટ, મેટા જેવી વધુ વીજળી "ઓહ્યા" કરતી કંપનીઓએ વધારે ફ્યુઅલ ચાર્જ આપવો પડશે!!!

## અમેરિકામાં સામાન્ય લોકો ઉપર વીજ બિલનો વધુ બોજ હટાવવા વ્હાઈટ હાઉસની મોટી પહેલઃ આગામી દિવસોમાં ભારત સહિતના દેશોમાં પણ આ પહેલ થાય તો નવાઈ નહિ

**અબતક, નવી દિલ્હી**

આગામી ૪ માર્ચે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ટેક કંપનીઓના પ્રતિનિધિઓ વચ્ચે મહત્વની બેઠક યોજવાના છે. જેમાં ડેટા સેન્ટરના કારણે વધતા વીજ વપરાશનો બોજ સામાન્ય નાગરિકો પર ન પડે તે માટે ખાસ કરાર પણ થવાનો છે. જેમાં એમેઝોન, ગુગલ, માઈક્રોસોફ્ટ, મેટા જેવી વધુ વીજળી ઓહ્યા કરતી કંપનીઓ માટે વધારે ફ્યુઅલ ચાર્જની જોગવાઈ કરવામાં આવશે.

અમેરિકામાં ડેટા સેન્ટર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વધતા વ્યાપને કારણે વીજળીના વપરાશમાં તોતિંગ વધારો થયો છે. જેના કારણે સામાન્ય અમેરિકનોના વીજ બિલમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આ સમસ્યાને ઉકેલવા માટે વ્હાઈટ હાઉસ દ્વારા એક મહત્વની યોજના તૈયાર કરવામાં આવી રહી છે, જેમાં ગૂગલ, માઈક્રોસોફ્ટ, એમેઝોન અને મેટા સહિતની મોટી ટેક કંપનીઓ સાથે વાટાઘાટો ચાલી રહી છે, જેથી નાગરિકોને મોંઘી વીજળીમાંથી રાહત આપી શકાય.




રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં તેમના 'સ્ટેટ ઓફ ધ યુનિયન' સંબોધનમાં આ અંગે સ્પષ્ટતા કરી હતી કે, ટેક કંપનીઓએ તેમની વીજળીની જરૂરિયાતો જાતે જ પૂરી કરવી પડશે. તેમણે જણાવ્યું હતું કે કંપનીઓએ પોતાના ડેટા સેન્ટર માટે જાતે જ પાવર પ્લાન્ટ બનાવવા પડશે અથવા વીજળીની વ્યવસ્થા કરવી પડશે, જેથી સામાન્ય નાગરિકોને મોંઘી વીજળીનો માર સહન ન કરવો પડે. ટ્રમ્પે આ પહેલને 'રેટપેયર પ્રોટેક્શન પ્લેજ' (ગ્રાહક સુરક્ષા સંકલ્પ) નામ આપ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આગામી ૪ માર્ચે વ્હાઈટ હાઉસ ખાતે એક મહત્વપૂર્ણ બેઠક યોજાવા જઈ રહી છે. આ બેઠકમાં એમેઝોન, મેટા, માઈક્રોસોફ્ટ, આલ્ફાબેટ (ગૂગલની પેરન્ટ કંપની), ઈલોન મસ્કની એક્સએઆઈ, ઓરેકલ અને ઓપન એઆઈ સહિતની કંપનીઓના પ્રતિનિધિઓ હાજરી આપે તેવી શક્યતા છે. આ બેઠકમાં ટેક કંપનીઓ પાસે તેમના ડેટા સેન્ટરનો વીજ ખર્ચ જાતે ભોગવવાના કરાર પર હસ્તાક્ષર કરાવવામાં આવી શકે છે.

વ્હાઈટ હાઉસના પ્રવક્તા ટેલર રોજર્સે આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, "આ બોલ્ડ પહેલ હેઠળ, વિશાળ ટેક કંપનીઓ નવા એઆઈ ડેટા સેન્ટર્સ માટે પોતાનો પાવર સપ્લાય જાતે જ બનાવશે અથવા ખરીદશે. આનાથી એ સુનિશ્ચિત થશે કે ભવિષ્યમાં ડેટા સેન્ટર્સની માંગ વધવા છતાં અમેરિકનોના વીજ બિલમાં કોઈ વધારો થશે નહીં." અગાઉ માઈક્રોસોફ્ટે પણ ગ્રાહકોના હિતમાં વીજ ઉત્પાદન અને કાર્યક્ષમતા વધારવા માટે સહયોગ આપવાની તૈયારી દર્શાવી હતી.

(અનુ. આઠમા પાને)

### ટેક કંપનીઓએ 'પોતાનો ખર્ચ જાતે ઉઠાવવો' પડશે

અમેરિકન સરકાર સ્પષ્ટ માને છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની આધુનિક ટેકનોલોજી દેશના વિકાસ માટે જરૂરી છે, પરંતુ તેનો આર્થિક બોજ જનતા પર ન આવવો જોઈએ. પ્રસ્તાવિત કરાર મુજબ, ડેટા સેન્ટર ડેવલપર્સે નવી વીજ ઉત્પાદન સુવિધાઓ માટેનો ૧૦૦% ખર્ચ જાતે જ ઉઠાવવો પડશે. આ ઉપરાંત, કંપનીઓએ લાંબા ગાળાના વીજ કરાર પણ કરવા પડશે જેથી જો ભવિષ્યમાં ડેટા સેન્ટર નિષ્ફળ જાય કે બંધ પડે તો પણ અન્ય સામાન્ય ગ્રાહકોને કોઈ આર્થિક નુકસાન ન જાય.

### કંઈ-કંઈ કંપનીઓનો સમાવેશ થાય છે?

વ્હાઈટ હાઉસના આ અભિયાનમાં વિશ્વની ટોચની ટેક કંપનીઓને આવરી લેવામાં આવી છે. જેમાં ગૂગલ (આલ્ફાબેટ), માઈક્રોસોફ્ટ, એમેઝોન, ફેસબુકની પેરન્ટ કંપની મેટા, ઓરેકલ અને એન્થ્રોપિકનો સમાવેશ થાય છે. આ સાથે જ ઈલોન મસ્કની એક્સએઆઈ અને ચેટજીપીટી બનાવનાર ઓપનએઆઈ જેવી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રની દિગ્ગજ કંપનીઓને પણ આ જવાબદારીના દાયરામાં લાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે.


### પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર

# ગર્ભાશયના કેન્સરને નાથવા ૧૪ વર્ષની બાળાઓને વેક્સિન અપાશે

## સ્તન કેન્સર બાદ સૌથી વધુ દર વર્ષે ગર્ભાશય કેન્સરના અંદાજે ૮૦,૦૦૦ નવા કેસો નોંધાય છે જેમાં ૪૨,૦૦૦થી વધુ મહિલાઓ જીવ ગુમાવે છે

**અબતક, રાજકોટ**

ભારત સરકાર દ્વારા મહિલાઓના સ્વાસ્થ્ય સુરક્ષા કાજે એક ક્રાંતિકારી પગલું ભરવામાં આવ્યું છે. દેશમાં ગર્ભાશયના કેન્સર (સર્વાઈકલ કેન્સર) ના વધતા જતા કેસોને રોકવા માટે હવે ૧૪ વર્ષની દીકરીઓને મફતમાં HPV (હ્યુમન પેપિલોમાવાયરસ) રસી આપવામાં આવશે. આગામી ગણતરીના દિવસોમાં જ આ દેશવ્યાપી રસીકરણ અભિયાનનો પ્રારંભ થવા જઈ રહ્યો છે.અત્યાર સુધી ખાનગી હોસ્પિટલોમાં આ રસીના એક ડોઝની કિંમત આશરે ₹૪,૦૦૦ જેટલી હતી, જે હવે સરકારી હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રો પર તદ્દન મફત ઉપલબ્ધ થશે.




નિષ્ણાતોના મતે ૧૪ વર્ષની બાળાઓ માટે આ રસીનો એક જ ડોઝ લાંબા ગાળાનું અને મજબૂત રક્ષણ પૂરું પાડવા માટે પૂરતો છે.આ અભિયાનમાં 'ગાર્ડાસિલ' નામની રસીનો ઉપયોગ કરવામાં આવશે, જે આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય છે અને કેન્સર ફેલાવતા વાયરસ સામે રક્ષણ આપે છે.

ભારતમાં દર વર્ષે ગર્ભાશયના કેન્સરના અંદાજે ૮૦,૦૦૦ નવા કેસો નોંધાય છે અને આ ગંભીર બીમારીને કારણે ૪૨,૦૦૦ થી વધુ

(અનુ. આઠમા પાને)

### શા માટે ૧૪ વર્ષની બાળાને જ રસી આપવામાં આવશે ?

વૈજ્ઞાનિક અભ્યાસો દર્શાવે છે કે નાની ઉંમરે (ખાસ કરીને ૯ થી ૧૫ વર્ષની વચ્ચે) જ્યારે HPV રસી આપવામાં આવે છે, ત્યારે શરીરની રોગપ્રતિકારક શક્તિ પુખ્ત વયની સરખામણીએ ઘણી વધારે એન્ટિબોડીઝ બનાવે છે. આનાથી કેન્સર સામે લાંબા સમય સુધી અને મજબૂત રક્ષણ મળે છે.



## પરીઓના સોનેરી તારા અને જાદુઈ ગીતો

# પરી કથાઓ તમારા બાળકોને વધુ બુદ્ધિશાળી બનાવે

**પરીઓની વાર્તાઓમાં સામાન્ય રીતે સારા અને ખરાબ વચ્ચેનો સંઘર્ષ દર્શાવવામાં આવે છે, જેમાં અંતે સત્ય અને સદાચારનો વિજય થાય છેઃ તે બાળકોમાં નૈતિક મૂલ્યો, સત્ય, દયા અને સહાનુભૂતિ જેવા ગુણો ખીલવે છેઃ પરીઓની બાળવાર્તાઓ બાળકોની કલ્પનાશક્તિને પાંખ આપે છે**



આપણે નાના હતા ત્યારે દાદા દાદી પાસેથી ઘણી બધી બાળવાર્તાઓ સાંભળતા આવ્યા છીએ, એમાંય પરીઓની અને ઘોડા ઉપર આવતા રાજકુમારની વાર્તા માં ખૂબ જ મજા પડી જતી હતી. આ વાર્તા ઉપરથી એ જમાનાને ઘણું શીખવા મળતું હતું. બદલાતા યુગ સાથે એ વાર્તા પણ હવે બદલાઈ ગઈ છે. આજે વિશ્વના ઘણા દેશોમાં રાષ્ટ્રીય પરીકથા દિવસ ઉજવાઈ રહ્યો છે, ત્યારે આપણે તેને યાદ કરીને આપણા સંતાનોને આ વાત કરીશું. ૧૮ મી સદીથી, ઘણી પરીકથાઓને બાળકો માટે વધુ યોગ્ય બનાવવા માટે તેને ટોન કરવામાં આવી અને ફરીથી બનાવવામાં આવી.આ વાર્તાઓ અને શૈલીને પણ વિવિધ સમયગાળા અને સંસ્કૃતિઓ માટે અનુકૂલિત અને પુનઃશોધ કરવામાં આવી છે. મૂળ આધુનિક પરીકથાઓ ઉપરાંત, વિવિધ પુનઃકથનો પણ છે. પરીઓની બાળવાર્તાઓ બાળકોની કલ્પનાશક્તિને પાંખ આપે છે. જ્યારે બાળક પરીઓ, જાદુઈ દુનિયા અને અદભૂત ઘટનાઓ વિશે સાંભળે છે, ત્યારે તેના મનમાં નવી નવી કલ્પનાઓ જન્મે છે. આવી વાર્તાઓ બાળકને સર્જનાત્મક બનાવે છે અને ત પોતાના વિચારોને ખુલ્લેઆમ વ્યક્ત કરવાનું શીખે છે. પરીઓની બાળવાર્તાઓ બાળકના ભાવનાત્મક વિકાસમાં પણ મદદરૂપ બને છે. વાર્તાઓ સાંભળતા બાળકોમાં આત્મવિશ્વાસ વધે છે અને તેઓ ભય કે મુશ્કેલી સામે હિંમત રાખવાની પ્રેરણા મેળવે છે. આમ પરીઓની વાર્તાઓ માત્ર મનોરંજન જ નહીં, પરંતુ બાળકોના સર્વાંગી વિકાસ માટે પણ મહત્વપૂર્ણ સાબિત થાય છે.

પરીઓની વાર્તાઓમાં સામાન્ય રીતે સારા અને ખરાબ વચ્ચેનો સંઘર્ષ દર્શાવવામાં આવે છે, જેમાં અંતે સત્ય અને સદાચારનો વિજય થાય છે. આથી બાળકોને નૈતિક મૂલ્યો, સત્ય, દયા અને સહાનુભૂતિ જેવા ગુણો શીખવા મળે છે. તેઓ સમજવા લાગે છે કે સારા કાર્યોનું પરિણામ હંમેશા સકારાત્મક જ હોય છે. આજે પરીઓ અને રાજકુમારની વાર્તાઓ લુપ્ત થઈ ગઈ એવું નથી, પરંતુ સમય સાથે તેમની લોકપ્રિયતા ઘટી ગઈ છે. તેના પાછળ કેટલાક કારણો છે. સાંસ્કૃતિક પરિવર્તન, નવી વાર્તાઓનો પ્રવાહ, શૈક્ષણિક દ્રષ્ટિકોણ અને ડિજિટલ મનોરંજન જવાબદાર છે.જૂની પરીકથાઓમાં ઘણી વાર રાજકુમાર રાજકુમારીને બચાવે છે, આજના સમયમાં બાળકોને એવી વાર્તાઓ ગમે છે જ્યાં નાયિકા પોતે શક્તિશાળી હોય. કાર્ટૂન, ફિલ્મો અને કોમિક્સમાં સુપરહીરો, સાયન્સ-ફિક્શન અને આધુનિક પાત્રો વધુ લોકપ્રિય બન્યા છે.માતા-પિતા અને શિક્ષકો હવે એવી વાર્તાઓ પસંદ કરે છે જે બાળકોને મૂલ્યો, વિજ્ઞાન, પર્યાવરણ અને સામાજિક સમજણ આપે. આજના યુગમાં ડિજિટલ મનોરંજન, મોબાઈલ ગેમ્સ, એનિમેશન અને વેબ સિરીઝે પરંપરાગત પરીકથાઓને પાછળ ધકેલી દીધી છે.

હાલની સ્થિતિ જોઈએ તો પરીકથાઓ હજુ પણ પુસ્તકોમાં, બાળવાર્તાઓના સંગ્રહોમાં અને એનિમેટેડ ફિલ્મોમાં જીવંત છે. પરંતુ તેઓ હવે મુખ્ય પ્રવાહમાં નથી, કારણ કે બાળકોને માર્વેલ, ડિઝની, એનિમી કે મીનેક્રાફ્ટ જેવી દુનિયા વધુ આકર્ષે છે. મૂળ વાત એ છે કે વાર્તાઓ બદલાઈ ગઈ છે, પરંપરાગત પરીઓ અને રાજકુમારની જગ્યા હવે આધુનિક નાયકો અને નાયિકાઓએ લઈ લીધી છે.



રાષ્ટ્રીય પરીકથા કહેવાનો દિવસનો અર્થ એક સમયે રાજકુમારીઓ, શૂરવીર અને વાતો કરતા પ્રાણીઓની જાદુઈ વાર્તાઓ આપણા હૃદયને આશ્ચર્ય અને કલ્પનાથી ભરી દેતી હતી.

આપણે જાણીએ છીએ અને પ્રેમ કરીએ છીએ તેવી વાર્તાઓ શેર કરવાની સાથે, પરીકથાઓ સર્જનાત્મક બનવા અને તમારા લેખન કૌશલ્યને નિખારવા માટે એક સંપૂર્ણ શૈલી છે. એક જાણીતી વાર્તા લો અને તેને અલગ સમય અથવા સેટિંગને અનુરૂપ બનાવો, અથવા તમારી પોતાની વાર્તા શોધવાની કળા શોધો. તે 'વન્સ અપોન અ ટાઈમ' થી શરૂ થઈ શકે છે, પરંતુ 'હેપ્પીલી એવર આફ્ટર' છે કે નહીં તે સંપૂર્ણપણે તમારા પર નિર્ભર છે. ઘણી લાઈબ્રેરીઓ અને સાહિત્યિક સંસ્થાઓ વાર્તાઓ અને સર્જનાત્મક સંસાધનો પણ શેર કરશે અને પ્રસંગને ચિહ્નિત કરવામાં મદદ કરવા માટે કાર્યક્રમો પણ યોજશે. અજાયબીની વાર્તાઓ, જાદુઈ વાર્તાઓ કે પરીકથાઓ તરીકે પણ ઓળખાતી, ફેરી ટેલ્સ એ યુરોપિયન લોકકથાઓમાંથી ઉદ્ભવેલી કાલ્પનિક શૈલી છે. આ વાર્તાઓમાં ઘણીવાર ઝનુન, વામન, જાયન્ટ્સ, પરીઓ, જીનોમ, મરમેઈડ્સ જેવા પૌરાણિક જીવો દર્શાવવામાં આવે છે.મૂળ વાર્તાઓ હજારો વર્ષોથી મૌખિક રીતે પસાર થતી આવી છે, તેથી તે કોણે શરૂ કરી તે કહેવું અશક્ય છે. જોકે, કેટલીક પહેલી પરીકથાઓ જે લખાઈ અને પ્રકાશિત થઈ હતી તે ફ્રેન્ચ લેખકો ચાર્લ્સ પેરાઉલ્ટ અને મેડમ ડી'ઓલનોય દ્વારા લખાઈ અને પ્રકાશિત થઈ હતી. અત્યાર સુધીની સૌથી લોકપ્રિય વાર્તાઓમાં સિન્ડ્રેલા, બ્યુટી એન્ડ ધ બીસ્ટ, લિટલ રેડ રાઈડિંગ હૂડ, સ્નો વ્હાઈટ એન્ડ ધ સેવન ડ્વાર્વ્સ, જેક એન્ડ ધ બીનસ્ટોક અને સ્લીપિંગ બ્યુટીનો સમાવેશ થાય છે.૧૯મી સદીની શરૂઆતમાં, ગ્રિમ બ્રધર્સે જર્મનીના તમામ વર્ગના લોકો પાસેથી વાર્તાઓ એકત્રિત કરવામાં સમય પસાર કર્યો. તેમની કેટલીક પરીકથાઓમાં સિન્ડ્રેલા, સ્નો વ્હાઈટ, હેન્સેલ અને ગ્રેટેલ, રેપુંઝેલ, ધ ફ્રોગ કિંગ, રમ્પલેસ્ટિલ્ટસ્કીન અને લિટલ રેડ રાઈડિંગ હૂડનો સમાવેશ થાય છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

આ પરીકથાના પ્રાચીન મૂળ સમગ્ર વિશ્વમાં જોવા મળે છે, ભારતમાં વિક્રમ-બેતાલ અને પ્રાચીન ગ્રીસમાં એસોપની દંતકથાઓથી લઈને મધ્ય પૂર્વમાં અરેબિયન નાઈટ્સ સુધી. ૧૭ મી થી ૧૯ મી સદીના અંતમાં પરીકથાઓના સંગ્રહકો ઉભરી આવ્યા હતા.જેમાં સૌથી પ્રખ્યાત ચાર્લ્સ પેરાઉલ્ટ અને બ્રધર્સ ગ્રિમ હતા. જેમ જેમ પરીકથાનો ઈતિહાસ આધુનિક સમયમાં ઉભરી રહ્યો છે, તેમ તેમ તે સ્પષ્ટ છે કે આ શૈલી હજુ પણ પહેલા જેટલી જ લોકપ્રિય છે - ડિઝની ફિલ્મોની સફળતા પર નજર નાખો અને જુઓ કે આ વાર્તાઓ આપણા હૃદય અને કલ્પનાઓને કેવી રીતે આકર્ષિત કરે છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈને એક વાર કહ્યું હતું, ''જો તમે તમારા બાળકોને બુદ્ધિશાળી બનાવવા માંગતા હો, તો તેમને પરીકથાઓ વાંચી સંભળાવો. આઈન્સ્ટાઈને આ વાર્તામાં કલ્પનાશકિતના મહત્વને ઓળખ્યું છે. મનોવિશ્લેષકો દ્વારા પરીકથાઓને ફળદ્રુપ જમીન પણ માનવામાં આવે છે. તે આપણા વ્યકિતગત અર્ધજાગ્રતના કાર્યને જ નહીં પરંતુ આપણા સામૂહિક માનસના મૂળભૂત તત્વોને પણ પ્રગટ કરી શકે છે. ઈ.સ. પૂર્વે ૩૦૦૦-ઈ.સ. પૂર્વે ૧૨૦૦માં પરીકથાઓની શરૂઆત થઈ હતી.૧૬૯૭માં ''ફેરી ટેલ'' શબ્દનો ઉપયોગ થયો હતો. આજ વર્ષ ચાર્લ્સ પેરાઉલ્ટ પોતાનું પહેલું વાર્તા પુસ્તક પ્રકાશિત કરે છે.૧૯મી સદીની શરૂઆતમાં બ્રધર્સ ગ્રિમની પરીકથાઓને લોકપ્રિય બને છે.

# ગુજરાત આરોહણ-અવરોહણ સ્પર્ધાના સ્પર્ધકો માટે રૂ.૪ લાખનું વિમા કવચ

## સ્પર્ધાનું જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે

**અબતક, રાજકોટ**

ગુજરાતના અલગ-અલગ વિસ્તારોમાં યોજાતી આરોહણ-અવરોહણ સ્પર્ધામાં દરેક સ્પર્ધકોને ૪ લાખ રૂપિયાનું વિમા કવચ આપવામાં આવશે.

'ગુજરાત આરોહણ-અવરોહણ સ્પર્ધા' વિશે વિગતો આપતા રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજ્ય મંત્રી ડો.જયરામ ગામીતે જણાવ્યું હતું કે, આ સ્પર્ધામાં ભાગ લેનારા તમામ ખેલાડીઓની સુરક્ષાને ધ્યાને રાખીને વીમા નિયામકની કચેરી મારફત દરેક સ્પર્ધકનો વીમો ઉતારવામાં આવે છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે અંદાજે રૂ.૭.૮૦ લાખનું પ્રીમિયમ ભરવામાં આવે છે. સ્પર્ધા દરમિયાન પૂર્ણ ઈજા કે જાનહાનિના કિસ્સામાં સ્પર્ધકને રૂ.૪ લાખ અને આંશિક ઈજાના કિસ્સામાં રૂ.૨ લાખની સહાય આપવામાં આવે છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતુંકે, રાજ્યના ૧૪ થી ૩૫ વર્ષની વયના યુવક-યુવતીઓમાં સાહસિકતાના ગુણો વિકસે તે હેતુથી દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા 'આરોહણ-અવરોહણ' સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. આ સ્પર્ધાના લાઈવ પ્રસારણ માટે હાઈ-ટેક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે, જેમાં સ્પર્ધાની પારદર્શિતા માટે લાઈવ કેમેરા અને હાઈ-ડેફિનેશન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે.

માત્ર ગુજરાત જ નહીં પરંતુ અન્ય રાજ્યોના યુવાનો પણ આ સ્પર્ધામાં સહભાગી થાય તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. આગામી વર્ષ ૨૦૩૦માં યોજાનાર કોમનવેલ્થ ગેમ્સના આયોજનને ધ્યાને રાખીને આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે. તાજેતરમાં અંબાજી ખાતે યોજાયેલ સ્પર્ધામાં પણ સમગ્ર દેશભરમાંથી ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

મેડિકલ સુવિધાઓ વિશે મંત્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર સ્પર્ધા દરમિયાન સારવારના સાધનો સાથેની મેડિકલ ટીમ કાર્યરત રાખવામાં આવે છે. વધુમાં પર્વત પર દર ૨૦૦ પગથિયે એક વ્યાયામ શિક્ષક પણ ખડેપગે તૈયાર રાખવામાં આવે છે. આ ઉપરાંત દરેક સ્પર્ધકને પૌષ્ટિક ભોજન અને નિર્ધારિત સમયમાં સ્પર્ધા પૂર્ણ કરનારને પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવે છે. તેમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં, તેમણે કહ્યું હતું કે આ સ્પર્ધા અંતર્ગત ઓસમ પર્વત(રાજકોટ), ચોટીલા પર્વત(સુરેન્દ્રનગર), ઈડરીયો પર્વત(સાબરકાંઠા), પાવાગઢ પર્વત (પંચમહાલ), પારનેરા પર્વત (વલસાડ) ખાતે વર્ષ ૨૦૨૪-૨૫માં ૯૧૮ ભાઈઓ, ૫૦૮ બહેનો સહિત કુલ ૧,૪૨૬ તેમજ વર્ષ ૨૦૨૫-૨૬માં ૧,૦૩૩ ભાઈઓ, ૫૬૪ બહેનો સહિત કુલ ૧,૫૯૭ સ્પર્ધકોએ ભાગ લીધો છે.

# અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘની હડતાલ નોટિસ મામલે પીજીવીસીએલનું સ્પષ્ટીકરણ

**અબતક, રાજકોટ,**

અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ (એ.જી.વી.કે.એસ.) દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નોને લઈ હડતાલની આપવામાં આવેલી નોટિસ અંગે પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ (પી.જી.વી.સી.એલ.) દ્વારા સત્તાવાર સ્પષ્ટીકરણ આપવામાં આવ્યું છે. કંપનીના જણાવ્યા મુજબ યુનિયન દ્વારા તા. ૧૭-૦૧-૨૦૨૬ના રોજ મીટીંગની માંગ કરવામાં આવી હતી, જેના અનુસંધાને તા. ૦૨-૦૨-૨૦૨૬ના રોજ મેનેજમેન્ટ સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં યુનિયનના ઉચ્ચ હોદેદારો હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન યુનિયન દ્વારા રજૂ કરાયેલા પાંચ પ્રશ્નોમાંથી ચાર પ્રશ્નો અંગે સકારાત્મક અને જરૂરી કાર્યવાહી કરવામાં આવી હોવાનું કંપનીએ જણાવ્યું છે. બાકી રહેલા એક પ્રશ્ન બાબતે કંપનીના નિયમો તથા કાયદાકીય અભિપ્રાયને ધ્યાને લઈ યોગ્ય નિર્ણય લેવાયો હોવાનું પણ સ્પષ્ટ કરાયું છે. આ તમામ મુદ્દાઓ અંગેનો વિસ્તૃત અને લેખિત જવાબ તા. ૧૮-૦૨-૨૦૨૬ના રોજ યુનિયનને પાઠવવામાં આવ્યો હતો. કંપનીએ વધુમાં ઉમેર્યું છે કે બેઠક બાદ રજૂ થયેલા અન્ય પ્રશ્નોનું પણ નિયમોનુસાર નિરાકરણ લાવવામાં આવશે. ત્યારબાદ યુનિયન દ્વારા અગાઉના મુદ્દાઓ ઉપરાંત વધુ ૧૧ મુદ્દાઓ ઉમેરી તા. ૨૩-૦૨-૨૦૨૬ના રોજ હડતાલની નોટિસ આપવામાં આવી હતી. તેના પ્રતિસાદરૂપે મેનેજમેન્ટ દ્વારા સિનિયર સેક્રેટરી જનરલ, ઊંઝાને તા. ૨૪-૦૨-૨૦૨૬ના રોજ ૨૪ કલાકમાં જ વિગતવાર અહેવાલ મોકલી આપવામાં આવ્યો હતો. કંપનીએ વધુમાં જણાવ્યું છે કે હડતાલની ચીમકી દ્વારા કંપનીની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાની અને આવનારા માર્ચ મહિનાની કામગીરીને અસર પહોંચાડવાની પરિસ્થિતિ ઊભી કરવાની કોશિશ કરવામાં આવી રહી છે. આંતરિક તપાસમાં કોઈપણ કર્મચારીને અન્યાય થયો હોવાની સત્તાવાર રજૂઆત કંપનીને પ્રાપ્ત થઈ નથી, તેમ પણ સ્પષ્ટ કરાયું છે.

## કાર્યક્રમોની યાદી


અબ તક CHANNEL

**તારીખ ૨૬-૦૨-૨૦૨૬ ગુરુવાર**

૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઓલ ધ બેસ્ટ પંડ્યા)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (માર્ગરીટા પીઝા)+(રાગી નો શીરો)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃઆજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.સુશીલ કારીઆ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૭-૦૨-૨૦૨૬ શુક્રવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ



## અબતક પંચાગ

**તા. ૨૭-૨ -૨૦૨૬ શુક્રવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિઃ** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ શુદ અગીયારસ
**નક્ષત્ર** આર્દ્રા
**યોગ** આયુષ્યમાન **કરણઃ** વણિજ
**સુર્યોદય** ૭.૧૧ **સુર્યાસ્તઃ** ૬.૪૮
**ચંદ્ર રાશી** મીથુન શુક્રવારે રાત્રે ૩.૫૪થી કર્ક
**રાશિ અક્ષર** ક.છ.ઘ/ડ.હ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા** ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા** રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૭ થી ૧.૨૩

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

# ભાવનગરના થોરાળામાં શામળાબાપા આશ્રમ ખાતે કાલે સંત શિરોમણી પૂ.લાલબાપુની પધરામણી

## ભવ્ય સામૈયા અને ધર્મસભાનું આયોજનઃ સુરેન્દ્રસિંહ વાળા પરિવાર દ્વારા ધર્મપ્રેમી જનતાને ભક્તિભીનું આમંત્રણ



**અબતક, રાજકોટ**

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના થોરાળા ગામે કાલે એક ભકિતસભર મંગલમય પ્રસંગની ઉજવણી કરવામાં આવશે. ગધેથડ સ્થિત શ્રી ગાયત્રી આશ્રમના ઉપાસક અને સંત શિરોમણી લાલબાપુની થોરાળાની પાવન ધરા પર પધરામણી થશે.

આ ધાર્મિક મહોત્સવની શરૂઆત કાલે શુક્રવારના રોજ સવારે ૯૩૦ કલાકે લાકે ભવ્ય સામૈયા સાથે કરવામાં આવશે. ત્યારબાદ બપોરે ૧૧ કલાકે એક વિશાળ ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઉપસ્થિત ભાવિકોને પ.પૂ. સંત શિરોમણી લાલબાપુના આશીર્વચનો સાંભળવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થશે.

પૂજય દોશુભગત પણ ઉપસ્થિત રહેશે. ભક્તોને તમામ શ્રદ્ધાળુઓ માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ધાર્મિક ઉત્સવમાં પધારવા માટે રાજકોટ મહાનગરપાલિકાના સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિહ વાળા તથા ક્રિષ્નપાલસિહ વાળા દ્વારા સમસ્ત ધર્મપ્રેમી જનતાને નિમંત્રણા પાઠવવામાં આવ્યું છે.

## સૂડોકુ -૬૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૭ | | ૨ | | | | |
| | | | | | | ૯ | | |
| | ૨ | | | ૯ | | | ૧ | |
| ૫ | | ૧ | | | | | | |
| | | ૨ | | | ૪ | | ૯ | |
| | ૩ | | | | | | ૭ | ૮ |
| | | ૪ | ૧ | | | | | ૩ |
| | | | | | | ૮ | | ૨ |
| | | | ૫ | ૮ | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૬૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૬ | ૭ | ૩ | ૪ | ૮ | ૨ | ૫ |
| ૪ | ૮ | ૨ | ૯ | ૫ | ૬ | ૧ | ૩ | ૭ |
| ૫ | ૭ | ૩ | ૮ | ૧ | ૨ | ૯ | ૪ | ૬ |
| ૯ | ૪ | ૧ | ૫ | ૨ | ૩ | ૬ | ૭ | ૮ |
| ૬ | ૨ | ૭ | ૪ | ૮ | ૧ | ૩ | ૫ | ૯ |
| ૮ | ૩ | ૫ | ૬ | ૭ | ૯ | ૪ | ૧ | ૨ |
| ૨ | ૬ | ૪ | ૧ | ૯ | ૭ | ૫ | ૮ | ૩ |
| ૩ | ૫ | ૯ | ૨ | ૪ | ૮ | ૭ | ૬ | ૧ |
| ૭ | ૧ | ૮ | ૩ | ૬ | ૫ | ૨ | ૯ | ૪ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૭.૨.૨૦૨૬ શુક્રવાર, સંવંત ૨૦૮૨, ફાગણ સુદ અગિયારસ, આર્દ્રા નક્ષત્ર, આયુષ્માન યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે**

**મેષ (અ,લ,ઈ)** : તમારા રસ-રુચિમાં આગળ વધી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**વૃષભ (બ,વ,ઉ)** : પરિવાર માટે વિચારવાનો સમય મળે, સામાજિક કૌટિમ્બિક કાર્ય કરી શકો, દિવસ પ્રગતિકારક રહે.
**મિથુન (ક,છ,ઘ)** : તમારા વ્યક્તિત્વને નિખાર આપી શકો, અંગત વ્યક્તિઓ સાથે મતભેદ નિવારી શકો, આનંદ દાયક દિવસ.
**કર્ક (ડ,હ)** : માનસિક વ્યગ્રતાનો અનુભવ થાય, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે, દિવસ એકંદરે સારો રહે.
**સિંહ (મ,ટ)** : નજીકના સ્થળોએ જવા આવવાનું થાય, નવા લોકો સાથે મળવાનું બને, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**કન્યા (પ,ઠ,ણ)** : કામકાજ સારી રીતે પૂર્ણ કરી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, આનંદ માણી શકો, શુભ દિન.
**તુલા (ર,ત)** : લાંબા સમયથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, તમારા કાર્યમાં ઈશ્વરી સહાય પ્રાપ્ત થાય, કામમાં સફળતા મળે.
**વૃશ્ચિક (ન,ય)** : જીવનમાં પરિવર્તન ની શરૂઆત થતી જોવા મળે, મનોમંથન કરી શકો, પોઝિટિવ વિચારોથી લાભ થાય.
**ધન (ધ,ભ,ફ,ઢ)** : જુના પ્રશ્નોનો હલ કરી શકો, તમારા અંદરૂની મામલા નિપટાવી શકો,દિવસ સફળ રહે.
**મકર (ખ,જ)** : વિશ્વાસપાત્ર વ્યક્તિ સાથે સમય વિતાવવો, કુસંગત અને વ્યસનથી દૂર રહેવા સલાહ છે, વાણીમાં સંયમ રાખવો.
**કુંભ (ગ,સ,શ)** : વિદેશ જવા ઈચ્છતા મિત્રોને સારું રહે, વિદ્યાર્થીવર્ગને સારું રહે, ઉચ્ચ અભ્યાસમાં સારું કામ કરી શકો.
**મીન (દ,ચ,ઝ,થ)** : શત્રુઓ પર વિજય મેળવી શકો, કોર્ટ કચેરીમાં રાહત મળે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

## સિંહ રાશિમાં થનારું ચંદ્રગ્રહણ સત્તાધીશો માટે કેવું રહેશે??

તા.૩ માર્ચ ૨૦૨૬ મંગળવારે સિંહ રાશિ અને પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં ખગ્રાસ ચંદ્રગ્રહણ થનાર છે જે વિષે અત્રે લખતો આવ્યો છું આ ગ્રહણ ભારતમાં દેખાવાનું નથી તેથી પાળવાનું નથી પરંતુ આ ગ્રહણ વૈશ્વિક સ્થિતિઓમાં ખાસ્સો ફેરફાર કરી શકે તેમ છે કેમ કે આ ગ્રહણમાં છ ગ્રહો સીધા જ જોડાયેલા છે અને અનેક યોગ સાથે આ ગ્રહણ આવી રહ્યું છે વળી સિંહ રાશિ રાજાની રાશિ છે, સિંહાસનની રાશિ છે, સત્તાની રાશિ છે માટે સિંહ રાશિમાં ગ્રહણ એ સત્તાની બાબતમાં મોટા ઉલટફેર સૂચવે છે સિંહાસનને ગ્રહણ લાગે છે માટે વિશ્વમાં સત્તા પરિવર્તનના પ્રબળ યોગ બને છે અને રાજા કે રાજતુલ્ય વ્યક્તિ કે ઉચ્ચ પદે બિરાજમાન લોકોને મોટા ફટકા પડે વળી સત્તાધીશો માટે આ સમય સંભાળવા જેવો ખરો અને કેટલાક દેશના વડા પર સંકટ વિશેષ જોવા મળે છે અને પદભ્રષ્ટ થવાના યોગ પણ ગણાય તો આ સમયમાં બનતા હોય યુદ્ધને પ્રબળ કરે છે જેથી ઈરાન અમેરિકા ઈઝરાયેલ વિશેષ હરકતમાં આવે અને ચીન પણ છુપી સહાય કરતું જોવા મળે તથા વિશ્વના દેશોમાં સંઘર્ષ વિશેષ જોવા મળે તો કુંદરતી આપદાઓ થી સાવધ રહેવા જેવો સમય ગણી શકાય અને આ સમયમાં આતંકી ગતિવિધિ તેજ થતી જોવા મળે.



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

# સફળતા જ એક માત્ર લક્ષ્યાંકઃ બોર્ડના પરીક્ષાર્થીઓમાં અદમ્ય ઉત્સાહ


તસવીરઃ શૈલેષ વાડોલિયા


તસવીરઃ શૈલેષ વાડોલિયા



## પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક, મોઢા મીઠા કરાવી કરાયું સ્વાગત

રિપોર્ટરઃ કરણ જોગલ, વિપુલ ચૌહાણ, ઉન્નતિ મહેતા
કેમેરામેનઃ વિરલ, દર્શન વાડોલીયા,
હર્ષ ઝીંઝુવાડીયા, અભિષેક આશિયાણી



### મને પરીક્ષાનું જરાય ટેન્શન નથી સારા તરફથી ખુબ જ સારી તૈયારી કરાવી હોવાથી મને જરા પણ ભય નથીઃ ધારવી સીતાપરા



આજથી શરૂ થયેલી ધોરણ ૧૦ ની પરીક્ષામાં માં પેપર ભરવા વિદ્યાર્થીનીધારવી સીતાપરાએ અબતક ની વાતચીતમાં જણાવ્યું હતું કે હું ખૂબ જ ઉત્સાહ સાથે પરીક્ષા આપવા આવી છું કોઈપણ પ્રકારનું ટેન્શન નથી વ્યવસ્થા પણ સારી છે એમને શાળા તરફથી ખૂબ જ સારી તૈયારી કરેલ હોવાથી મને કોઈપણ પ્રકારનો ભયનથી અને મારે ભવિષ્યમાં શિક્ષક બનવાની ઈચ્છા છે.

### પરીક્ષાર્થી અને વાલીઓના મોઢે દેખાતો આત્મવિશ્વાસનો શ્રેય શાળાને જાય': ડોલીબેન વાઝા (આચાર્યઃ વી જે મોદી સ્કૂલ)



આજથી શરૂ થયેલી પરીક્ષા અંગે વિજય મોદી સ્કૂલના આચાર્ય ડોલીબેન વાજા એઅબતકની વાતચીતમાં જણાવ્યું હતું કે આજે બોર્ડની પરીક્ષાઓ શરૂ થઈ છે બાળકો અને વાલીઓના હસતા મોઢે વિશ્વાસ સાથે શાળામાં પ્રવેશ કરી રહ્યા છે. રાજકોટમાં જે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વા દેખાય છે તે દરેક શાળાના અને વાલીઓના ફાળે જાય છે. ગત વર્ષે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં એક ગભરામણ દેખાતી હતી તે આ વર્ષે નથી દેખાતી. તમામ શાળાઓ અને વિદ્યાર્થીઓ પણ ખૂબ જ સારી તૈયારીઓ કરેલ છે જેમાં પ્રી બોર્ડ એક્ઝામ ના કારણે અન્ય સેન્ટર ઉપર જઈ પરીક્ષા આપતે વખતે તે ગભરામણ ન થાય

દિવ્યાંગ બાળકો માટે અલગથી નીચે જ રૂમની વ્યવસ્થા કરવામાં આવેલ છે આ ઉપરાંત લિફ્ટની પણ વ્યવસ્થા છે અને જરૂર પડે તો લહિયા માટેની જરૂર પડે તો વ્યવસ્થા કરવામાં આવેલ છે અને સુપરવાઈઝરને પણ જરૂર પડે તો મદદરૂપ કરવા તાલી આપેલ છે

### બોર્ડની પરીક્ષાનો માહોલ જોઈ મને મારી પરીક્ષાના દિવસો યાદ આવ્યાઃ અધિક પોલીસ કમિશનર રાકેશ દેસાઈ



આજથી શરૂ થયેલી ધોરણ ૧૦ ૧૨ ની પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓને શુભેચ્છા આપવા ઉપસ્થિત રાજકોટ ઝોન ૨ અધિક પોલીસ કમિશનર રાકેશ દેસાઈએ અબ તક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આજથી ગુજરાત ભરમાધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાઓ શરૂ થઈ છે વિદ્યાર્થીઓ હળવા મને પરીક્ષા આપવા આવ્યા છે. અત્યારે મને પણ મારી ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાના દિવસો યાદ આવે છે તે સમયે અંદાજે ૨૦ વર્ષ પહેલા આ જ પ્રકારની વ્યવસ્થાઓ સરકાર દ્વારા કરવામાં આવતી હતી અને મારો મનગમતો વિષય ગણિત હતો તમામ વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસથી પરીક્ષા આપી અને જીવનમાં સફળ થાય તેવી હું તમામને શુભેચ્છા પાઠવું છું.

### વિદ્યાર્થીઓએ કોઈપણ પ્રકારના ટેન્શન વગર શાંતચિતે પરીક્ષા આપવી જોઈએ;: પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા



આજથી શરૂ થયેલી બોર્ડની પરીક્ષા ના વિદ્યાર્થીઓને રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર જાએ શુભેચ્છા પાઠવી હિમાયત કરી હતી કે વિદ્યાર્થીઓએ કોઈપણ પ્રકારના ટેન્શન વગર શાંત રીતે પરીક્ષા આપવી જોઈએ અબતક ના માધ્યમથી બ્રિજેશ કુમારે જણાવ્યું હતું કે દરેક વિદ્યાર્થીએ પેપર શાંતિથી લખવું જોઈએ તેમણે ટેન્શન વગર પરીક્ષા આપી સારા ગુણ મેળવી જીવનમાં આગળ વધવા અને એક સારા નાગરિક બનવા શુભેચ્છા પાઠવી ''અબતક સાથેની વાતચીતમાં તેમણે પોતાની જૂની યાદો વાગોળતા કહ્યું હતું કે, અમારા સમયમાં અત્યાર જેવું ભવ્ય સ્વાગત કે કોઈ વિશેષ વ્યવસ્થા નહોતી, અમે તોબજ્ઞભ સાદી રીતે પરીક્ષા આપી દેતા હતા.વધુમાં, તેમણે હળવા અંદાજમાં જણાવ્યું કે ગણિત તેમનો સૌથી પ્રિય વિષય હતો કારણ કે તેમાં તેમને હંમેશા વધુ ગુણ મળતા હતા.તેમને કોઈ પણ વિષય પ્રત્યે નફરત નહોતી, પરંતુ ગણિત પ્રત્યે વિશેષ લગાવ હતો.

### એક વર્ષ સુધી વિદ્યાર્થીઓ ના અથાગ પરિશ્રમનું શ્રેષ્ઠ પરિણામ મેળવવાનો આ અવસર છેઃ ગાંધી સ્કૂલ વ્યવસ્થાપક જીમીલ વી પરીખ



બોર્ડની પરીક્ષાના ઉત્સાહપૂર્વક માહોલ વચ્ચે રક્તક સાથેની વાતચીતમાં મહાત્મા ગાંધી સ્કૂલના વ્યવસ્થાપક જીમીલભાઈ તરીકે જણાવ્યું હતું કે ૨૦૨૫ થી વિદ્યાર્થીઓએ જે થાક પરિશ્રમ કર્યો છે તેનો શ્રેષ્ઠ પરિણામ મેળવવાનો આ અસર છે શાળા દ્વારા દરેક વિદ્યાર્થીને શ્રેષ્ઠ પરિણામ આપવા માટે પ્રયાસ કરવામાં આવતું જ હોય છે વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારના ડર વગર, પ્રફુલ્લિત મને પરીક્ષા આપે. તેઓ પોતાની જ શાળામાં પરીક્ષા આપી રહ્યા હોય તેવું હળવું વાતાવરણ પૂરું પાડવામાં આવ્યું છે. બોર્ડની મુખ્ય પરીક્ષા પહેલાં શાળામાં બોર્ડની પેટર્ન મુજબ કુલ પાંચ રાઉન્ડ ટેસ્ટ લેવામાં આવી હતી. જેમાં બારકોડ સ્ટીકર, ખાખી સ્ટીકર અને પેપર લખવાની પદ્ધતિ જેવી બાબતોથી વિદ્યાર્થીઓને વાકેફ કરવામાં આવ્યા હતા જેથી તેમને મુખ્ય પરીક્ષામાં કોઈ મૂંઝવણ ન થાય.

### દરેક વાલી નું સપનું હોય છે કે સંતાન બોર્ડની પરીક્ષા માં ઝળહળતી સિદ્ધિ મેળવેઃ વાલી નયનાબેન



ધોરણ ૧૦ ૧૨ ની પરીક્ષાના ઉત્સાહ ભર્યા માહોલ વચ્ચે દીકરાને પરીક્ષા કેન્દ્ર સુધી મૂકવા આવેલા વાલી નયનાબેન અબતક ની વાતચીતમાં જણાવ્યું હતું કે આજે મારા દીકરાની બોર્ડની પરીક્ષાનું પહેલું પેપર છે. દરેક વાલી નું સપનું હોય છે કે પોતાનું સંતાન બોર્ડમાં ઝળહળતું પરિણામ મેળવે આજે અહીં ની વ્યવસ્થા અને વિદ્યાર્થીઓનું ઉત્સાહ જોઈને અમને આનંદ થાય અને આ સાથે કે દરેક મહેનત કરનાર વિદ્યાર્થીને સારું પરિણામ મળશેશાળા તરફથી તમામ યોગ્ય વ્યવસ્થાઓ કરવામાં આવેલ છે અને અહીંયા નો માહોલ પણ ખૂબ જ સારો છે જેથી કોઈપણ જાતની બીક રાખવાની જરૂર નથી.

### આખું વર્ષ શાળામાં સારી મહેનત કરી છે એટલે આજે કોઈ ડર નથી લાગતોઃ પાઠક સ્કૂલ વિદ્યાર્થી ભાવિન પરમાર



બોર્ડની પરીક્ષા ના પ્રથમ દિવસે પેપર ભરવા આવેલા પાઠક પબ્લિક સ્કૂલના વિદ્યાર્થી ભાવિન પરમાર એ બતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, તે પાઠક પબ્લિક સ્કુલ માં અભ્યાસ કરે છે અને તેમનું પરીક્ષા કેન્દ્ર મહાત્મા ગાંધી સ્કૂલમાં આવ્યું છે. ભાવિને જણાવ્યું કે તેમણે વર્ષભર સારી મહેનત કરી હોવાથી તેમને કોઈ પણ પ્રકારનો ડર નથી.

### વિદ્યાર્થીઓ માટે આજનો દિવસ પરીક્ષા નહીં, પણ 'ઉત્સવ': ધોળકિયા સ્કૂલના સંચાલક કૃષ્ણકાંતધોળકિયા



આજથી શરૂ થયેલી બોર્ડની પરીક્ષા નવા હોલમાં શહેર બધાનીતા કેળવણી કા શિક્ષણ વિધધોળકિયા સ્કૂલના સંચાલક કૃષ્ણકાંતભાઈ ધોળકિયાએ વિદ્યાર્થીઓના ઉત્સાહ વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. અબતક સાથેની વાતચીતમાંતેમણે જણાવ્યું હતું કે, ''આજે પરીક્ષા કેન્દ્ર પર જે દ્રશ્યો જોવા મળી રહ્યા છે તે સાબિત કરે છે કે હવે પરીક્ષાનો ડર ગાયબ થઈ રહ્યો છે.''કૃષ્ણકાંતભાઈએ ઉમેર્યું કે, ''અમે બાળકોને વર્ષ દરમિયાન એવી રીતે તૈયાર કર્યા છે કે તેઓ પરીક્ષાને બોજ નહીં પણ એક અવસર માને. બાળકો જ્યારે ખુશ હોય છે, ત્યારે તેમની યાદશક્તિ અને પ્રદર્શન ક્ષમતા બેગણી વધી જાય છે.''સર્વગ્રાહી તૈયારીને લઈને તેમણે વધુમાં જણાવ્યું કે, માત્ર પુસ્તકિયું જ્ઞાન નહીં, પરંતુ વિદ્યાર્થીઓ માનસિક રીતે મજબૂત બને તે માટે સ્કૂલ દ્વારા કાઉન્સેલિંગ અને મોક ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું પરિણામ આજે બાળકોના ચહેરા પરની મુસ્કાનમાં દેખાય છે.

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી ધોરણ ૧૦ ની બોર્ડની પરીક્ષાનું વિધિવત શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રારંભ થયો છે, સવારે બોર્ડના પરીક્ષાર્થીઓ કેન્દ્ર પર પહોંચ્યા ત્યારે વિદ્યાર્થીઓને મો મીઠું કરાવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી,વહેલી સવારથી જ વિદ્યાર્થીઓ હોસભેર મિત્રોને વાલીઓ સાથેપરીક્ષા કેન્દ્રો પર પહોંચતા વાતાવરણમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. શહેરની જાણીતી વીજે મોદી સ્કૂલ ખાતે અધિક પોલીસ કમિશનર રાકેશ દેસાઈ દ્વારા વિદ્યાર્થીઓનું મીઠું કરી સ્વાગત સાથે આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા પ્રોત્સાહિત કર્યા હતા મોટાભાગની શાળાઓમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ખાસ વ્યવસ્થા પણ કરવામાં આવી હતી જેથી તેઓ સરળતાથી પરીક્ષા આપી શકે.

સમગ્ર જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા નો વિધિવત પ્રારંભ થઈ ચૂક્યો છે તંત્ર દ્વારા તમામ પ્રકારની જરૂર સુરક્ષા વ્યવસ્થા ચુસ્તપણે ગોઠવી છે. યોજાઈ રહી છે અને તંત્ર દ્વારા પણ જરૂરી સુરક્ષા અને વ્યવસ્થાની પૂરતી તકેદારી રાખવામાં આવી છે.

ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહકો માહોલ પ્રવર્તી રહ્યો છે વિદ્યાર્થીઓની કારકિ માટે નામ માલ સ્ટોન ગણાતા બોર્ડ ની પરીક્ષા નું વર્તમાન માહોલ શિક્ષણ પ્રત્યે સમાજના દરેક વર્ગમાં આવેલી જાગૃતિ વિદ્યાર્થીઓની મહેનત અને કેળવણી કારો દ્વારા જે રીતે વિદ્યાર્થીઓનું ઘડતર કરવામાં આવી રહ્યું છે તે આજે પરીક્ષાર્થીઓના મોઢા પર છલકતા આત્મવિશ્વાસના ભાવ પરથી ફલિત થઈ રહ્યું છે

# ધો.૧૦માં ગુજરાતીનું પેપર પાઠ્ય પુસ્તક આધારિત સરળ નિકળતા વિદ્યાર્થીઓ ખુશખુશાલ

## મારો યાદગાર પ્રવાસ, એ શિક્ષક ને હું કેમ ભૂલી શકું અને સ્વદેશી અપનાવો, દેશ સમૃદ્ધ બનાવો વિષયક નિબંધ પુછાયા અને વિધા પુસ્તકમાં અને પર કબ્જામાં ધન ભીડ પડે કામ આવે એ વિધા એ ધન વિષયક અર્થ વિસ્તાર પુછાયો

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. આજે સવારે ૧૦:૧૫ વાગ્યાથી ધો.૧૦ની પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો હતો. રાજકોટ જિલ્લામાં વિદ્યાર્થીઓને કુમ-કુમ તિલક કરી આવકારવામાં આવ્યા હતા.ત્યારે આજે ધો.૧૦નું ગુજરાતીનું પ્રથમ પેપર સહેલું નિકળતા વિદ્યાર્થીઓ ખુશખુશાલ થઈ ગયા હતા અને પેપર પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર બહાર નિકળ્યા હતા.વિદ્યાર્થીઓના મુખ



પર સ્મિત છલકાતું હતું. આજે ધો.૧૦ના ગુજરાતીના પેપરમાં રાજકોટ જિલ્લાના કુલ ૩૫૪૯૮ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.૫૮૫ જેટલા વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. સમગ્ર રાજકોટ જિલ્લામાં શાંતીપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજાઈ હતી. વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ના પડે તેમજ તંગદિલીભર્યું વાતાવરણ ન સર્જાય તે માટે તંત્ર દ્વારા સંપૂર્ણ તૈયારી કરવામાં આવી હતી અને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત વચ્ચે બધા જ કેન્દ્રોમાં પરીક્ષા લેવામાં આવી હતી.

આજના પ્રથમ પેપર ગુજરાતીનું હતું. રાજકોટ જિલ્લામાં એક પણ કોપી કેસ નોંધાયો ન હતો. ગુજરાતીનું પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓ આનંદિત થઈ ગયા હતા.ગુજરાતીના પ્રથમ પેપરમાં

મારો યાદગાર પ્રવાસ, એ શિક્ષક ને હું કેમ ભૂલી શકું અને સ્વદેશી અપનાવો, દેશ સમૃદ્ધ બનાવો વિષયક નિબંધ પુછાયા અને વિધા પુસ્તકમાં અને પર કબ્જામાં ધન ભીડ પડે કામ આવે એ વિધા એ ધન વિષયક અર્થ વિસ્તાર પુછાયો હતો. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, પેપર ખુબ જ સરળ હતું અને એમસીક્યુમાં પણ પુરા માર્કસ લઈ શકાય તે પ્રમાણે એમસીક્યુ પુછવામાં આવ્યા હતા. ગુજરાતીનું પેપર સહેલું નિકળતા વિદ્યાર્થીઓ ઉત્સાહભેર બહાર નિકળ્યા હતા અને હવે આવતીકાલે એક દિવસ રજા ત્યારબાદ શનિવારે ધો.૧૦માં વિજ્ઞાનનું પેપર રહેશે આજે બપોર બાદ ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્ર અને વિજ્ઞાનપ્રવાહમાં ભૌતિક વિજ્ઞાનનું પેપરલેવામાં આવ્યું હતું. રાજકોટ જિલ્લામાં પ્રથમ દિવસે એકપણ કોપીકેસ નોંધાયો નથી. નોંધાયેલા ૩૫૪૯૮ વિદ્યાર્થીઓમાંથી ૩૪૯૧૩ હાજર રહ્યા જયારે ૫૮૫ ગેરહાજર રહ્યા હતા. શનિવારે ધો.૧૦માં વિજ્ઞાનનું પેપર લેવાશે.

## રાજકોટ જિલ્લામાં પ્રથમ દિવસે એકપણ કોપીકેસ નહિઃ નોંધાયેલા ૩૫૪૯૮ વિદ્યાર્થીઓમાંથી ૩૪૯૧૩ હાજર રહ્યા જયારે ૫૮૫ ગેરહાજર રહ્યાઃ શનિવારે ધો.૧૦માં વિજ્ઞાનનું પેપર



## બોર્ડની પરીક્ષાના છાત્રોને શુભેચ્છા પાઠવતા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા



આજથી શરૂ થયેલી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાના પર્વ નિમિત્તે રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર તુષાર સુમેરાએ તમામ છાત્રોને શુભકામના પાઠવી હતી. આ અવસરે કમિશનરે શ્રી કડવી બાઈ વિરાણી કન્યા વિદ્યાલયની મુલાકાત લઈ ૩૦૦ છાત્રોને મીઠું મોઢું કરાવી તેઓને ડર રાખ્યા વગર પ્રસન્ન ચિતે પરીક્ષા આપવા અને ઝળહળતી સફળતા માટે શુભકામનાઓ પાઠવેલ તેમજ તેઓને ભરપુર પ્રોત્સાહન આપેલ. આ અવસરે જીલ્લા શિક્ષણ અધિકારીની કચેરી તરફથી ભાવનાબેન ભોજાણી, સંસ્થાના નિયામક હીરાબેન, આચાર્ય વર્ષાબેન ડવ સહિતના મહાનુભાવો ઉપસ્થિત હતા.

## પાલીતાણા છ ગાઉ યાત્રાનો રવિવારથી પ્રારંભ


# જૈન-જૈનેતરો પાલીતાણા છ ગાઉ યાત્રા કરી પૂણ્યનું ભાથ્થુ બાંધશે

### ૩૫ ડોમમાં હજારો યાત્રાળુઓના અંગુઠા ધોઇ, કુમ કુમ તિલક કરી બહુમાન કરાશેઃ રાજકોટથી ૪૫ બસોમાં યાત્રાળુ પાલિતાણાની પાવન ધરાએ પ્રયાણ કરશે

### શેત્રુંજયની પવિત્ર ગુફાઓ અને શિખરોમાં આજે પણ જીવંત છે પ્રભુની હાજરી

જૈન ધર્મના સર્વોચ્ચ અને શાશ્વત તીર્થધામ પાલીતાણામાં પવિત્ર શેત્રુંજય ગિરિરાજ પર બિરાજમાન પ્રથમ તીર્થંકર ભગવાન આદિનાથ (ઋષભદેવ) ના દર્શન અને વંદન માટે શ્રદ્ધાળુઓનો મહાસાગર ઉમટી રહ્યો છે. 'આદિનાથ દાદા' તરીકે ઓળખાતા પ્રથમ પ્રભુનો આ પર્વત સાથે અનોખો સંબંધ છે, કારણ કે તેમણે અસંખ્ય વખત આ ભૂમિ પર વિચરણ કરીને તેને પવિત્ર બનાવી છે.

ભગવાન આદિનાથે માનવ સંસ્કૃતિના પ્રણેતા તરીકે અસિ, મસિ અને કૃષિ જેવી વિદ્યાઓ શીખવી જીવન જીવવાની કળા બતાવી હતી. તેમના જ પ્રથમ પટ્ટધર શિષ્ય અને પુત્ર ભરત ચક્રવર્તીએ શેત્રુંજય પર્વત પર ભવ્ય જિનાલયનું નિર્માણ કરાવ્યું હતું. આજે પણ હજારો સાધુ-સાધ્વીજી ભગવંતો અને દેશ-વિદેશના ભાવિકો ભગવાન આદિનાથના પદચિન્હોને અનુસરીને ૯૯ વખત પર્વતારોહણની કપરી સાધના કરી પુણ્યનું ભાથું બાંધી રહ્યા છે.



### પાલીતાણાના શેત્રુંજય તીર્થ પર 'છ ગાઉ'ની પવિત્ર યાત્રાનો મહિમા

જૈન ધર્મના સર્વોચ્ચ તીર્થધામ પાલીતાણામાં પવિત્ર શેત્રુંજય પર્વત પર યોજાતી 'છ ગાઉ'ની યાત્રાનું વિશેષ આધ્યાત્મિક મહત્વ રહેલું છે. આ યાત્રા પર્વતની તળેટીથી શરૂ થઈને કેડી રસ્તે સિંધવડ ગામે પહોંચે છે, જેનું અંદાજિત અંતર ૧૬ કિલોમીટર છે. દેશી માપ પ્રમાણે આ અંતર છ ગાઉ થતું હોવાથી તેને 'છ ગાઉની યાત્રા' તરીકે ઓળખવામાં આવે છે. આશરે ૬૦૩ મીટરની ઊંચાઈ ધરાવતા આ પર્વત પર બિરાજમાન આદિનાથ દાદાના દર્શન કરવા માટે ભાવિકો ૩૫૦૧ પગથિયાંનું આરોહણ કરે છે.

શેત્રુંજય તીર્થના નામ પાછળનો ગૂઢ અર્થ એ છે કે, જે પર્વત પર જઈને મનુષ્ય પોતાના મનના આંતરિક શત્રુઓનો નાશ કરી અસીમ શાંતિ અને આનંદનો અનુભવ કરે તેને શેત્રુંજય કહેવાય છે. શાસ્ત્રોક્ત ઉલ્લેખ મુજબ, પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ આ પર્વત પર ૯૯ વાર પધાર્યા હતા, જેની સ્મૃતિમાં આજે પણ હજારો ભાવિકો અને સાધુ-સાધ્વીજી ભગવંતો ૯૯ વખત યાત્રા કરી પુણ્યનું ભાથું બાંધે છે. પાલીતાણામાં છ ગાઉ ઉપરાંત દોઢ ગાઉ અને બાર ગાઉની પ્રદક્ષિણા યાત્રાનું પણ વિશેષ આયોજન થાય છે, જેમાં દેશ-વિદેશથી શ્રદ્ધાળુઓ જોડાય છે.

**અબતક, રાજકોટ**

જૈન સમુદાયમાં વિશેષ્ટ મહત્વ ધરાવતી શત્રુંજય તિર્થની છ ગાઉની યાત્રાનો પ્રારંભ પાલીતાણા તળેટી ખાતેથી ફાગણ સુદ ૧૩ ને તા. ૦૧-૦૩-૨૦૨૬ ને રવિવારે વહેલી પરોઢે ૪-૦૦ થશે. ઢેબરા તેરસ તરીકે ઉજવાતી આ યાત્રામાં લાખો જૈન-જૈનેતર ભાવિકો ઉપરાંત દેશ-વિદેશના યાત્રાળુઓ પણ છ ગાઉ યાત્રા કરે છે. રાજકોટ શહેરમાંથી અંદાજીત ૪૦ થી ૪૫ લકઝરી બસો પાલીતાણા પહોંચશે.

રાજકોટથી છેલ્લા ૪૪ વરસ થી એટલે કે ૧૯૮૩ થી

### પાલીતાણા છ ગાઉ યાત્રામાં માટેની વ્યવસ્થા

જૈન જાગૃતિ કેન્ટરના પૂર્વ પ્રમુખ મહેશભાઈ મહેતાની યાદીમાં જણાવ્યા મુજબ પાલીતાણા યાત્રામાં જવા-આવવા માટે તા. ૧ માર્ચ રવિવારે યાત્રાળુઓને એસ.ટી. બસ કરતા પણ ઓછા ભાવથી લકઝરી બસમાં લઈ જવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે નામ લખાવવા માટે કુમારીકા શો રૂમ (મહેતા ટાઈપ બિલ્ડીંગ) લાખાજીરાજ રોડ, રાજકોટ, મો. ૯૮૨૪૨ ૪૪૫૫૦, રાજકોટથી ઉપડતી તમામ બસો શનિવાર તા-૨૮-૦૨-૨૦૨૬ રાતે ૧૦-૦૦ આસપાસ રવાના થશે.

કોઈપણ જાતના વિધ્ન વિના અને ખાસ તો એ કે, કોઈની પાસેથી ડોનેશન કે ફંડફાળા ઉઘરાવ્યા વગર જ ફકત એસ.ટી. બસ કરતા પણ ઓછા ચાર્જથી ૪ થી ૫ બસોમાં જૈન - જૈનેતરોને છ ગાઉ યાત્રા કરાવતા જૈન શ્રેષ્ઠી અને જૈન જાગૃતિ સેન્ટરના પૂર્વ પ્રમુખ મહેશભાઈ મહેતાનું આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા દર વર્ષે સન્માન કરી, કુમકુમ તિલક કરી, શાલ ઓઢાડવામાં આવે છે.

શેત્રુકંજય પર્વત ઉપર ૩૫૦૧ પગથીયા ચડીને ફકત આજના પ્રવિત્ર દિવસે જ ખુલ્લો રહેતો કેડી રસ્તો પસાર કરીને, આદેશ્વરદાદાના પક્ષાલનું જલ જે કૂંડમાં માવે છે તેના દર્શન કરીને તિર્થંકર શ્રી અજીતનાથ સ્વામી તથા શાંતિનાય સ્વામીની ડેરીએ યાતાળુઓ શાંતિ સ્ત્રોતનું સ્મરણ કરે છે. અંદાજીત ૩૫ જેટલા ડોમમાં યાત્રાળુઓનું પગમા અંગૂઠા ધોઈને બહુમાન કરી, તિલક કરી, ચલણી સિક્કાઓ દ્વારા બહુમાન કરવામાં આવે છે. મોટા ભાગના યાત્રાળુઓ મળેલ ૫૦ થી ૬૦ સિક્કાઓ ગૌશાળાની દાન પેટીમાં પધરાવી દેતા હોય છે.શેઠ શ્રી આણંદજી કલ્યાજીની પેઢીની સીનીયર ટીમ જહેમત ઉઠાવતી હોય છે.

પાલીતાણાથી પાલના સ્થળે આવવા જવા માટે સિધ્ધપર-આદપુર-ઘેટી ગામ આવવા માટે મેસ.ટી. તરફથી સ્પેશિયલ ૫૦ થી વધુ બસો ફાળવવામાં આવેલ છે. તેમજ બોમ્બે થી સ્પેશિયલ ટ્રેનનું પણ આયોજન કરેલ છે. સુરત, બરોડા, અમદાવાદ, રાજકોટથી પણ સ્પેશિયલ એસ.ટી.બસો છ ગાઉ યાત્રા માટે મુકવામાં આવશે.

યાત્રાળુઓ માટે માણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા વિશાળ ડોમમાં પીવાનું પાણી, પંખા, આરામની સુવિધાઓ, પાલત સ્થળે દહેરાસરમાં પૂજા માટેના વસ્ત્રો, સ્નાનવીધી, એકાસણા, આયંબીલના પાલ, સાધુ-સાધ્વીજીના સમુહમાં દર્શનનો લાભ, ડોક્ટર, ફીજીયોથેરાપીસ્ટ, તેલ માલીસ વિગેરેની ટીમો પણ સેવામાં જોડાય છે.

આ યાત્રાની આતિથ્ય ભાવના પામવી એ પણ જીંદગીનો એક મોટો લ્હાવો છે. અને એ પણ તમામ સુવિધાઓ નિઃશુલ્ક - એકપણ પૈસાના ખર્ચ વગર પામી શકાય છે.



## ડિમોલીશન વિસ્તારના અસરગ્રસ્તો માટે બોલબાલા ટ્રસ્ટ દ્વારા ભોજન વ્યવસ્થા




### બંને ટાઈમ ભોજન લેવાનો બે હજારથી વધુ લોકોએ લીધો લાભ

**અબતક, રાજકોટ**

બોલબાલા ટ્રસ્ટ છેલ્લા ૩૫ વર્ષ થી રાજકોટ આસપાસના છેવાડાના માનવી સુધી કોઈ ભુખ્યા ઉઠે પણ ભુખ્યા ન રહે તે માટે બોલબાલા અન્નક્ષેત્ર માં વિકલાંગો, વૃધ્ધો, પાગલો, નિરાધારો, બાંધકામ ઝોનના પરપ્રાંતીય મજુરો, કચરો વિણતા વ્યક્તિઓ, ભિક્ષુકો સહિતના ભુખ્યા ૩૦૦૦ થી વધુ વ્યક્તિઓની નિત્ય અને નિયમિત જઠરાગ્નિ ઠારવાના ઉદેશથી અનપુર્ણ રથ થી ભોજન પહોંચાડી અનેરી સેવા કરી રહયુ છે.

હાલમાં ચાલી રહેલા રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં ડિમોલેશન દરમ્યાન અસરગ્રસ્તો માટે બન્ને ટાઈમ ભોજનની સેવામાં પણ બોલબાલા ટ્રસ્ટ પ્રેરણાત્મક ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

જંગલેશ્વર વિસ્તારમાં ડિમોલેસન દરમ્યાન ત્યા રહેતા વૃધ્ધ, અશ્કત, 'બિમાર, દિવ્યાંગ સ્ત્રી/પુરૂષ તેમજ નાના બાળકો ને કોઈપણ જાતના ધર્મ ના ભેદભાવ વગર માનવ સેવાનું ઉતમ ઉદાહરણ બોલબાલા દ્વારા કરવામાં આવી રહયું છે. બોલબાલા મંદિર ૯/૧૮ લક્ષ્મીવાડી ખાતેથી સંસ્થા ના પ્રમુખ જયેશ ઉપાધ્યાય ના સંકલન હેઠળ ૪૦ થી વધુ સ્ટાફ તેમજ સ્વંય સેવકો,કમીટી મેમ્બર વગેરે ને સાથે રાખી અન્નક્ષેત્ર વિભાગ ખાતે થી રોજ ૨૦૦૦ લોકો ની રસોઈ બનાવી ડિર્મોલેશન વિસ્તારમાં બન્ને ટાઈમ ભોજન પીરસ અસરગ્રસ્થોની જઠરાગ્નિ તૃપ્ત કરવાનુ કાર્ય કરી રહયુ છે, આ કાર્ય માટે ખુબ મોટો ખર્ચ થઈ રહયો છે તેમાં જુનાગઢ સત્યમ સેવા યુવક મંડળ મનસુભાઈ વાજાની પ્રેરણાથી ભારતીબેન દેવાણી તથા અન્યદાતાઓનો સહયોગ પ્રાપ્ત થયો હતો.




## રાજકોટના પુર્વ ડીસીપી હાલ અરવલ્લી જિલ્લા પોલિસ વડા મનોહરસિંહ જાડેજાનો જન્મદિવસ

અરવલ્લી જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાનો આજે તારીખ ૨૬ ફેબ્રુઆરીના રોજ જન્મદિવસ છે. વધુ વિગત મુજબ ધ્રોલ તાલુકાના જાબીડા ગામના વતની મનોહરસિંહ જાડેજા એમએસસી કેમેસ્ટ્રી સુધી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ જીપીએસસીમાં પ્રથમ ક્રમે આવેલા ડીવાયએસપી તરીકે પોલીસ ખાતામાં ભરતી થયા હતા બાદ નર્મદા, બનાસકાંઠા, અને અમદાવાદ ગ્રામ્યના ધોળકા ખાતે ડીવાયએસપી તરીકે સુંદર કામગીરી બજાવી હતી. બાદ બઢતી સાથે રાજકોટ સિટીમાં ડીસીપી તરીકે પોસ્ટિંગ આપવામાં આવ્યું હતું.

રાજકોટ શહેરમાં કાર્યકાળ દરમિયાન કુનેહથી કાયદો અને વ્યવસ્થા જાળવી સુંદર કામગીરી બજાવી હતી. ત્યારબાદ ગીર સોમનાથ જિલ્લા પોલીસવડા તરીકે બદલી થઈ હતી ગીર સોમનાથ જિલ્લામાં ૩૫૦ કરોડથી વધુનું ડ્રગ્સ ઝડપી લીધું હતું. રાજ્યના પોલીસ વડા સોમનાથ ખાતે દોડી આવી એસપી મનોહરસિંહને પ્રશંસાપત્ર આપી સન્માન કરતા પોલીસને ગૌરવ અપાવ્યું હતું. તેમજ કોડીનારના જત્રાખડી ગામે માસુમ બાળકી રેપ વિથ મર્ડર કેસનો ભેદ ઉકેલી આરોપીને ઝડપી પાડી ફક્ત ૨૫ દિવસમાં ચાર્જસીટ કરી આરોપીને ફાંસીની સજા અપાવી પીડિત પરિવારને ન્યાય અપાવ્યો હતો. આ ઉપરાંત તાલાલા તાલુકામાં અંધશ્રદ્ધાને કારણે બાળકીની હત્યા કેસમાં આરોપીને જેલના સળિયા પાછળ ધકેલ્યો હતા, સુત્રાપાડા પંથકમાં બોગસ નિમણુકથી લોકોને ફસાવતી ટોળકીને ઝડપી લીધા હતા અને મોરેશિયસમાં ફસાયેલા પુવકને છોડાવવામાં સફળતા મળી હતી. ગીરસોમનાથ જિલ્લાના પોલીસ મથકોનો નવીનીકરણ કરી સિંહ ફાળો રહ્યો છે. પોલીસ જવાનો માટે રમત રમત અને સારી કામગીરી કરનાર પોલીસ સ્ટાફનું સન્માન કરવામાં આવે છે. સ્ટાફની સુવિધાઓ અને માંદગીના સમયે સહાય માટે હંમેશા તત્પર રહે છે. માનવ સંવેદના શીલતાના એક કિસ્સાઓ દાખવ્યા છે. કોડીનાર માં ભિક્ષાવૃત્તિ કરતા બાળકોને શોધી વિરાટનગર શાળામાં અભ્યાસ માટે પ્રવેશ અપાવ્યો હતો. આજે મનોહરસિંહ જાડેજાના જન્મદિવસે સગા સંબંધી, મિત્ર વર્તુળ અને પોલીસ સ્ટાફ દ્વારા અભિનંદનની શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે



### સોમનાથ સ્વાભિમાન પર્વ

## ડિસ્ટ્રિક્ટ સ્વિમિંગ એસો. દ્વારા સોમનાથથી દેલવાડા સુધી 'ઓપન વોટર સ્વિમિંગ' અભિયાન

### તરવૈયાના હૈયે અનેરો ઉત્સાહ મહાનુભાવોની ઉપસ્થિતિથી અભિયાનને વેગ મળ્યો



૨ માર્ચ સુધી ચાલતા અભિયાનમાં સ્વિમર અને કાયર્કિંગની ટીમમાં સાત યુવાનો જોડાયા

**અબતક, રાજકોટ**

સોમનાથ સ્વાભિમાન પર્વ - ૨૦૨૬ નિમિત્તે રાજકોટ ડિસ્ટ્રિકટ સ્વિમિંગ એસોસિએશન દ્વારા સોમનાથથી દેલવાડા (સિમર બીચ) સુધી અંદાજે ૧૫૦ કિ.મી.નું ઓપન વોટર સી સ્વિમિંગ અને કાયકિંગ અભિયાન તા.૨૧ ફેબ્રુઆરીથી ૨ માર્ચ દરમિયાન સાહસિક અભિયાન ભકિત, સ્વચ્છતા અને યુવા પ્રેરણાનો અનોખો સંદેશ આપી રહી છે.

આ અભિયાનમાં સ્વિમર તરીકે વેનેસા શુકલા, પાર્થિવ મેઘાણી, દિવ્યમ ચોટલિયા અને જિનલ પિત્રોડા જોડાશે. જ્યારે કાયકિંગ ટીમમાં આર્યન જોશી, વેદાંત જોશી અને સિદ્ધરાજ સોલંકી ભાગ લેશે. તમામ ખેલાડીઓ ઓપન વોટર સ્વિમિંગ અને કાયકિંગ ક્ષેત્રે અનુભવી છે.

અમારા દરિયાઈ સાહસિક અભિયાનને વ્યાપક જનસમર્થન અને પ્રોત્સાહન આપવા બદલ કોડીનાર ખાતે આયોજિત મીત પ્રીમિયર લીગ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજકોનો અમે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. કોડીનાર નગરપાલિકા સ્ટેડિયમ ખાતે યોજાયેલ આ ભવ્ય ટુર્નામેન્ટમાં અંદાજે ૧૪૦ ટીમોએ ભાગ લીધો હતો અને આશરે ૩૫,૦૦૦થી વધુ પ્રેક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે દીનુ બોઘા સોલંકી (પૂર્વ સાંસદ), શીવા સોલંકી (ઉપપ્રમુખ, કોડીનાર નગરપાલિકા) તથા રવિ સોલંકી રાજમોતી ગ્રૂપ, કોડીનાર દ્વારા અમારી સંપૂર્ણ ટીમને વિશાળ જનમેદની વચ્ચે મંચ પર આમંત્રિત કરી સન્માનિત કરવામાં આવી હતી. આ સન્માન માત્ર અમારા ખેલાડીઓ માટે ગૌરવની ક્ષણ જ નહીં પરંતુ સમગ્ર અભિયાન માટે પ્રેરણારૂપ હતું.

આ અભિયાનના પ્રોજેક્ટ ચેરમેન તરીકે રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા સેવા આપી રહ્યા છે. કાર્યક્રમનું આયોજન રાજકોટ ડિસ્ટ્રીક સ્વિમિંગ એસોસિએશન દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેના પ્રમુખ તરીકે ગુજરાત રાજ્યના પૂર્વ રમત-ગમત મંત્રી ઉમેશભાઈ રાજગુરૂ કાર્યરત છે.

આ સમગ્ર અભિયાનને સફળ બનાવવા માટે ગુજરાત ટુરિજમ, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, સોમનાથ મંદિર ટ્રસ્ટ, જગજીવનબાપુ સેવા આશ્રમ - સિમર ધામ બાન લેબ પ્રાઈવેટ લિમિટેડ, કીચ આર્કિટેકલ્ચર પ્રાઈવેટ લિમિટેડ, મસકત પોલીમર્સ પ્રાઈવેટ લિમિટેડ, વિશાલ સર્જીકલ પ્રાઈવેટ લિમિટેડ, ફાર્મકિંગ ફૂડ પ્રોડક્ટ પ્રાઈવેટ લિમિટેડ, ઑરબિટ બેરિંગ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, સિલ્વર સ્ટાર એકસ્પોર્ટ, ટીલારા પોલીપ્લાસ્ટ પ્રાઈવેટ લિમિટેડ, દાવત બેવ્રેજિસ પ્રાઈવેટ લિમિટેડ, જ્યોતિ સિ.એન.સી., વિક્રમ વાલ્વ, યોલો કાયક, રોલેક્સ રોલ્ડ રિંગ્સ, મેક્ષોલાઈન, સૌરાષ્ટ્ર-કચ્છ ટ્રાયથલોન, ઉમિયા સ્ટીલ, ફાલ્કન પંપ, નેશનલ વાયર પ્રોડક્ટ જેવા પ્રતિષ્ઠિત સહયોગીઓનો સહકાર પ્રાપ્ત થયો છે. આ અભિયાનમાં તરવૈયાઓ હોંશભેર દરરોજ નિયમિત પોતાનું નિર્ધારીત લક્ષ્ય ભણી આગળ વધી રહ્યા છે.

આ તકે વેદાંત જોશી અને દિવ્યમ ચોટલિયાનો જન્મદિવસ પણ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. સાથે સાથે અભિયાનની રૂપરેખા, તેના હેતુ, સાહસિકતા, સ્વચ્છતા અને સમાજ જાગૃતિના સંદેશ વિશે ઉપસ્થિત હજારો લોકો સમક્ષ માહિતી રજૂ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં નિલેષભાઈ રાજ્યગુરૂ પણ ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર આયોજનને પ્રોત્સાહન આપ્યું હતું.

સમગ્ર આયોજન સમિતિ, આમંત્રિત મહાનુભાવો તથા ઉપસ્થિત જનસમૂહનો દિલથી આભાર વ્યક્ત કરાયો હતો. ભવિષ્યમાં પણ આવો સહકાર મળતો રહે તેવી આશા વ્યક્ત કરી હતી.

પાંચ બેંકોમાંથી કેશીયરની નજર ચૂકવી રોકડ સેરવી જવાનો મામલો

# ચોટીલા દર્શનાર્થે આવેલા ભોપાલી મિત્રોને લાલચ જાગતા હાથફેરો કર્યાનો ખુલાસો

**ભુપેન્દ્ર રોડ, લીમડા ચોક, સાધુ વાસવાણી રોડ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, અને અયોધ્યા ચોક નજીક આવેલી પાંચ બેંકને નિશાન બનાવી રૂ. ૯૦ હજારની રોકડ સેરવી ફરાર થઈ ગયેલી બેલડી ઝડપાઈ : તમામ મુદ્દામાલ રીકવર**

**એ ડીવીઝન પીઆઈ બી વી બોરીસાગર અને પીએસઆઈ એસ એમ રાણા ટીમની કામગીરી**

અબતક, રાજકોટ

બેંકમાં નોટ બદલવાના બહાને આવી કેશીયરને રૂ. ૨૦ હજારનું ૨૦૦ ની નોટનું બંડલ આપી ૫૦૦ ની નોટનું બંડલ મેળવી લઈ તેમાંથી નાણાં સેરવી હવે મારે જૂની નહિ ફ્રેશ નોટ જોઈએ છે કહી બંડલ પરત આપી નાસી જવાની મોડસ ઓપરેન્ડીથી કામ કરતી ભોપાલની બેલડીની એ ડિવિઝન પોલિસે ધરપકડ કરી રૂ. ૯૦ હજારની રોકડ કબ્જે કરી છે. બંને આરોપીઓ ચોટીલા મંદિરે દર્શન કરવા આવ્યા હતા ત્યારે લાલચ જાગતા ચોરીને અંજામ આપ્યાનું સામે આવ્યું છે. સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો ભુપેન્દ્ર રોડની ફેડરલ બેંકમાંથી મહિલા કેશીયર પાસેથી ૨૦ હજારનું ૫૦૦ ની નોટનું બંડલ માંગી સામે ૨૦૦ ની નોટનું બંડલ આપવાનું કહી રૂ ૨૦ હજાર સેરવી લેવાયા હતા. આ જ મોડસ ઓપરેન્ડીથી લીમડા ચોક નજીક આવેલી ઉજીવન સ્મોલ ફાયનાન્સ બેંકમાંથી રૂ. ૨૦ હજાર, સાધુ વાસવાણી રોડ પરની આઈસીઆઈસીઆઈ બેંકમાંથી રૂ. ૧૦ હજાર, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલી આઈસીઆઈસીઆઈ બેંકમાંથી રૂ. ૨૦ હજાર અને અયોધ્યા ચોક નજીક આવેલી આઈડીએફસી બેંકમાંથી રૂ. ૨૦ હજાર એમ કુલ પાંચ બેંકના કેશીયરની નજર ચૂકવી રૂ. ૯૦ હજાર સેરવી લેવાયા હતા.

જે ગુનાની તપાસ કરતા એ ડિવિઝન પોલિસ મથકના પીઆઈ બી વી બોરીસાગર અને પીએસઆઈ એસ એમ રાણાની ટીમના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ ચાવડા, કલ્પેશભાઈ બોરીચા અને કરણભાઈ વિરસોડિયાને મળેલી બાતમીના આધારે બે શખ્સોને અટકાયતમાં લઈ યુક્તિ પ્રયુક્તિથી પૂછપરછ કરતા તેમણે જ પાંચ બેંકને ટાર્ગેટ કરી કેશીયરની નજર ચૂકવી રૂ. ૯૦ હજારની રોકડ સેરવી ગયાની કેફીયત આપતાં પોલિસે હાથની કારીગરી કરતા મહેશ દેવીલાલ ગુર્જર (ઉવ ૨૫) અને સૌરભ કુશવાહા (ઉવ ૨૬ બંને રહે. ભોપાલ)ની ધરપકડ કરી તેમની પાસેથી રૂ. ૯૦ હજારની રોકડ રિકવર કરી હતી. ઝડપાયાયેલા બંને શખ્સોએ પોલિસની પૂછપરછમાં જણાવ્યું હતુ કે, મહેશ ગુર્જરના પિતા દેવીલાલ પોતે વર્ષોથી ચોટીલા મંદિરે દર્શન કરવા આવતા હતા. બાદ મહેશ પણ પિતા સાથે અહીં છેલ્લા ચાર વર્ષથી મંદિરે દર્શન કરવા આવતો હતો. આ વખતે મહેશ અને સૌરભ એમ બંને ટ્રેન મારફતે ભોપાલથી રાજકોટ ખાતે આવ્યા હતા. અહીંથી તેઓ ચોટીલા દર્શન કરવા ગયા હતા. અગાઉ મહેશ ઓડિશામાં આ પ્રકારે બેંકમાંથી રોકડ સેરવી ગયો હોય તેને અહીં પણ હાથફેરો કરવાની લાલચ જાગી હતી. જેથી બંને રાજકોટ પરત ફર્યા હતા અને પાંચ દિવસ સુધી બસ સ્ટેન્ડ પાછળ આવેલી એક હોટેલમાં રોકાઈ અલગ અલગ પાંચ બેંકોને ટાર્ગેટ કરી હતી. બાદમાં બંને અમદાવાદ પંથક તરફથી વતન નાસી જવાની ફિરાકમાં હતા તે પૂર્વે જ એ ડીવીઝન પોલીસે બંનેને દબોચી લીધા હતા. આ કામગીરી એ ડિવિઝન પોલિસ મથકના પીઆઈ બી વી બોરીસાગર, પીએસઆઈ એસ એમ રાણા, એએસઆઈ બી વી ગોહિલ, એમ એસ મકવાણા, બી બી પરમાર, હેડ કોન્સ્ટેબલ કલ્પેશભાઈ બોરીચા, મહેશભાઈ ચાવડા, કરણભાઈ વિરસોડિયા, પ્રવીણભાઈ સોનારા, કનુભાઈ બસિયા, સાગરભાઈ માવદિયા, કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ખાંડેખા અને તેજસભાઈ ડેર દ્વારા કરવામાં આવી હતી.

### ભુપેન્દ્ર રોડ ફેડરલ બેંકમાં ચોરીને અંજામ આપી સુરેન્દ્રનગરની ફેડરલ બેંકમાં ત્રાટક્યાં પણ ફાવ્યા નહિ

ભુપેન્દ્ર રોડ પર આવેલી ફેડરલ બેંકમાંથી કેશીયરની નજર ચૂકવી રૂ. ૨૦ હજારની રોકડ સેરવી લીધાના ત્રીજા દિવસે ભોપાલની બેલડી સુરેન્દ્રનગરની ફેડરલ બેંકમાં ત્રાટક્યાં હતા તેવું પોલિસ સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. જો કે, અગાઉથી જ રાજકોટ ફેડરલ બેંકના કર્મચારીઓએ પોતાના વોટ્સઅપ ગ્રુપમાં ૨૦૦ ના બંડલની સામે ૫૦૦ નું બંડલ આપવાના બહાને ચોરી કરતી ગેંગ અંગેની માહિતી મૂકી દીધી હોય સુરેન્દ્રનગરની બ્રાન્ચના કર્મચારીઓને બેલડીની કરામત અંગે વાકેફ હોય બંનેને આ બાબતની ભનક આવી જતાં નાસી ગયા હતા.



### મહેશ બેંકમાં જતો અને સૌરભ બહાર વાહન લઈને રાહ જોતો

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર હાથની કારીગરીમાં મહેશ માહિર હોય જેથી તે ચોરીને અંજામ આપવા બેંકમાં જતો હતો. જયારે સૌરભ બહાર વાહન રાખીને બેસતો હતો. મહેશ ચોરીને અંજામ આપી બહાર આવે તે સાથે જ બંને વાહનમાં બેસી ફરાર થઈ જતાં હતા.

# નાના મવાના યુવાન પાસે વ્યાજખોર ભરત ડાહીમાએ લાખો રૂપિયા અને કાર પડાવી લીધી

**ચાના કપ બનાવતા કિશન તોગડીયાને અકસ્માત થતાં વ્યાજે નાણાં લીધા'તા : પૈસા પાછા આપી દીધા છતાં બળજબરીથી પડાવી લીધેલા વાહનની આર.સી. બુક, પાંચ કોરા ચેક, કાર પરત ન આપી**

**તાલુકા પોલીસ મથકમાં વ્યાજખોર સામે મનીલેન્ડ એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો**

અબતક, રાજકોટ

નાના મવાના યુવાનને અકસ્માત નડતા પૈસાની જરૂરિયાત ઉભી થતાં વ્યાજખોર ભરત ડાહીમા પાસેથી વ્યાજે નાણાં લીધા હતા. જે બાદ યુવાને લાખો રૂપિયા વ્યાજ વસૂલી યુવકની કાર પડાવી લેતાં તાલુકા પોલીસ મથકમાં વ્યાજખોર સામે મનીલેન્ડ એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો.બનાવ અંગે નાના મવા મેઈન રોડ પર શાસ્ત્રીનગર અજમેરામાં બ્લોક નં. ઈ-૪૦૨ માં રહેતાં કિશનભાઈ ગોવીંદભાઈ તોગડીયા (ઉ.વ.૩૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ભરત ડાહીમાનું નામ આપતાં તાલુકા પોલીસે મનીલેન્ડ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ તેમના મમ્મી ગીતાબેન, પત્ની મિતલ અને દિકરી ધ્યાની સાથે રહે છે. તેમના પિતાનું વર્ષ ૨૦૧૫ મા અવસાન થયેલ છે. તે ચાના કપ બનાવવાનુ કામ કરે છે.ગઈ તા.૨૦/૦૬/૨૦૨૫ ના ઘર પાસે અકસ્માત થતા તેમને પગમાં ઈજા થયેલ ત્યારથી ચાર મહીના બેડરેસ્ટમાં રહેલ અને ત્યારથી કાંઈ કામ ધંધો કરી શકેલ નથી. જેથી પૈસાની જરૂરીયાત હોવાથી મિત્ર પરાગભાઈને વાત કરતાં તેમણે ભરત ડાહીમાના મોબાઈલ નંબર આપેલા હતા.

જેથી ભરતને પૈસાની જરૂર હોવાની વાત કરેલ અને તો તેમણે કહેલ કે, કાંઈક ગીરવે મુકવુ પડશે. ફરીયાદીએ તેમની પાસે એકસેસ હોવાની વાત કરેલ હતી, જેથી ગઈ તા.૦૮/૧૨/૨૦૨૫ ના ઘરેથી રાત્રીના સમયે ફોન કરી વાત કરી બાદ એકસેસ જીજે.૦૩.એનસી.૯૧૩૦ આપેલ અને તેના બદલામા ચાલીસ હજાર માંગેલા હતા પરંતુ તેમણે ત્રીસ હજાર આપવાની વાત કરેલ અને વ્યાજના બે હજાર કાપીને ૨૮ હજાર ઓનલાઈન ટ્રાન્સફર કરી ટી.ટી.ઓ. ફોર્મમા સહી કરાવી કોરા બે ચેક તથા એક્સેસની આર.સી. બુક પણ લીધેલ હતી.

બાદમાં તેઓને વધારે પૈસાની જરૂરીયાત હોવાથી આ ભરતને વધારે પૈસાની જરૂરીયાતની વાત કરતા તેમણે કાર ગીરવે મુકવાનુ જણાવેલ જેથી કાર ગીરવે મુકીને રૂ.૧.૫૦ લાખ તા.૧૫/૧૨/૨૦૨૫ ના રોજ ઉપાડેલા હતા. જેના બદલામા તેમણે ટી.ટી.ઓ ફોર્મમા સહી કરાવી કોરા ત્રણ ચેકની સાથે કારની આર.સી. બુક પણ લઈ લીધેલ હતી. આ બન્ને લીધેલ રકમનુ વ્યાજ ૫ % નક્કી કરેલ હતુ. પરંતુ ગઈ તા. ૧૭/૧૨/૨૦૨૫ ના એકસેસ તેમની પાસેથી છોડાવેલ તો તેમણે ત્રીસ હજારનુ ૨૫૦૦ વ્યાજ આપવાનું કહેલ હતું. જેથી તેમને રૂ.૩૦,૫૦૦ ઓનલાઈન આપેલા હતા. ત્યારે તેમની પાસે ચેક, ફોર્મ તથા આર.સી. બુક પરત માંગતા તેમણે પછી આપી દેશે તેમ જણાવી પરત આપેલ ન હતાં.

બાદમાં તેઓને પ્રસંગમાં જવા કારની જરૂરીયાત હોવાથી ભરતને તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ વાત કરેલ હતી કે, મારે કાર જોવે છે જેથી તેમણે વાત કરેલ કે, કાર બહાર ગયેલ છે, કાલે બાર વાગ્યે આવશે. બીજા દિવસે પૈસાની સગવડતા કરીને તેમને પૈસા આપવા માટે નંદા હોલ ગયેલ અને મિત્ર કલ્પેશભાઈને વાત કરેલ કે ભરત મારી કાર પરત આપતા નથી, તમારૂ કોઈ જાણીતુ હોય તો વાત કરો, જે બાદ કલ્પેશભાઈએ આરોપીના સમાજના જયરાજભાઈને વાત કરેલ કે, ભરત તે મારા મિત્રની કાર લઈ ગયા છે અને વ્યાજે પૈસા આપેલા છે, તે વ્યાજ સહીત પૈસા પરત આપે છે પરંતુ તે કાર પરત આપતા નથી, જેથી જયરાજભાઈએ આ ભરત સાથે વાત કરેલ અને તેમને નંદાહોલ ખાતે બોલાવેલ જેથી ચારેય તા.૨૭/૧૨/૨૦૨૫ ના ભેગા થયેલા ભરતભાઈને કાર પરત આપવાનું કહેલ તો તેમણે આઠ વાગ્યા સુધીમા કાર આવી જશે તેમ વાત કરેલ બાદ સાતેક વાગ્યાની આસપાસ તેઓ મામા સાહેબના મંદીરે નંદાહોલ પાસે ગયેલ તે અરસામા તેમના બાઈકની સિટ નીચે રાખેલા રૂ.૧.૩૦ લાખ કાઢી ગયેલ બાદ ભરતને આપવાના પૈસા મમ્મી પાસે મંગાવેલા જેથી તેઓ સોરઠીયાવાડી સર્કલ ખાતે પૈસા આપી ગયેલ બાદ આરોપીને આઠ વાગ્યાની આસપાસ રૂ.૧,૫૭,૫૦૦ રોકડા વ્યાજ સહીત આપેલા હતા.

તેમણે દસ મિનિટમા મારી કાર પરત આપી જશે તેમ વાત કરેલ હતી, બાદ તે કાર પરત આપવા આવેલા નહી, તેમને સાડા નવ વાગ્યા સુધી ફોન કરેલા, તેમણે હમણા આવે છે તેમજ વાત કરેલ પરંતુ કાર પરત ન આપી. જેથી આરોપીએ ઉંચા વ્યાજે નાણા આપી પ્રથમ ત્રીસ હજારનુ ૨૫૦૦ વ્યાજ તથા ૧.૫૦ લાખનુ ૭૫૦૦ વ્યાજ વસુલેલ અને નાણા વ્યાજ સહીત પરત આપી દીધા પરંતુ તેમણે ગીરવે મુકેલ કાર પરત ન આપી કોરા પાંચ ચેક, કાર અને એકસેસની આર.સી.બુક બળજબરીથી કઢાવી લેતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# આજી ડેમ પાસે નશાની હાલતમાં ઝઘડો કરતા પિતરાઈને સમજાવતા બહેનને માર માર્યો

**ઘરમાં ગાળાગાળી કરી માથાકુટ કરતા યુવકને શિખામણ આપતા યુવતીએ પથ્થર વડે હુમલો કર્યો**

અબતક, રાજકોટ

શહેરના આજીડેમ પાસે આવેલા યુવરાજનગર વિસ્તારમાં નશાની હાલતમાં ગાળાગાળી કરતા મામાના દીકરાને શાંત રહેવા અને ઝઘડો ન કરવા સમજાવતા ઉશ્કેરાયેલા શખ્સે પોતાની બહેન પર પથ્થર વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો મુજબ, યુવરાજનગરમાં રહેતા અને મૂળ બિહારના વતની બિંજતીદેવી પ્રમોદનાથ નલાસ (ઉં.વ. ૩૫) ગઈકાલે રાત્રે ૯:૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા. તે સમયે તેમનો મામાનો દીકરો નશાની હાલતમાં ત્યાં આવી ચડ્યો હતો અને ઘરમાં ગાળાગાળી કરી ઝઘડો કરવા લાગ્યો હતો. બિંજતીદેવીએ તેને નશો કરીને ઝઘડો ન કરવા અને શાંત રહેવા માટે શિખામણ આપી હતી. બહેનની વાતથી ઉશ્કેરાયેલા બ્રિજેશ અને તેની સાથે આવેલા વિજય નામના શખ્સે ઝઘડો વધુ ઉગ્ર બનાવ્યો હતો. બંને શખ્સોએ પથ્થર ઉપાડી બિંજતીદેવી પર હુમલો કર્યો હતો. માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતા બિંજતીદેવી બેભાન હાલતમાં ત્યાં જ ઢળી પડ્યા હતા. આ ઘટના બાદ બિંજતીદેવીના પતિ પ્રમોદનાથે ઉશ્કેરાઈને વિજયના દીકરા રવીશ કુમાર સાથે ઝઘડો કરી પાઈપ વડે હુમલો કર્યો હતો. આમ, આ જૂથ અથડામણમાં બિંજતીદેવી અને રવીશ બંને ઈજાગ્રસ્ત થતા તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે બિંજતીદેવીના પતિ પ્રમોદનાથ ખાનગી કંપનીમાં કામ કરે છે, જ્યારે ઈજાગ્રસ્ત રવીશ સીએનસી હોસ્પિટલમાં નોકરી કરે છે. આ અંગે હોસ્પિટલ ચોકી દ્વારા જાણ કરાતા આજીડેમ પોલીસ મથકના સ્ટાફે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મવડી ચોકડી નજીક બે યુવાનો પર મહીરાજ હોટેલના માલિક સહિતનો હુમલો

**અગાઉની માથાકુટ બાબતે સમાધાન કરવા બોલાવી તૂટી પડ્યા : જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી માપમાં રહેજો નહીંતર કાપીને કટકા કરી અહીં ગટરમાં નાખી દઈશ તેવી ધમકી પણ આપી**

અબતક, રાજકોટ

આંબેડકરનગરમાં રહેતા યુવાન અને તેના મિત્રને મવડી ચોકડી નજીક આવેલી મહિરાજ હોટલના માલિકે અગાઉના ઝઘડાના સમાધાન માટે હોટલે બોલાવી માર માર્યો હતો. બાદમાં યુવાનને જ્ઞાતિ અંગે અપમાનજનક શબ્દો કહી ધમકી આપી હતી કે, માપમાં રહેજો નહીંતર કાપીને કટકા કરી અહીં ગટરમાં નાખી દઈશ જે અંગે માલિયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધવવામાં આવી છે.

એસ.ટી વર્કશોપ પાછળ આંબેડકરનગર શેરી નંબર ૯ માં રહેતા મોહિત મનસુખભાઈ ચંદ્રપાલ(ઉ.વ.૨૭) દ્વારા માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે લાલો આહીર અને જયદેવ ડાંગરના નામ આપ્યા છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૦૧/૦૧/૨૦૨૬ ના રાત્રીના નવેક વાગ્યા આસપાસ તે ઘરે હતો ત્યારે મિત્ર રોહિત રાઠોડનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, તે પત્ની મેરૂનબેન સાથે આંબેડકરનગર તરફ આવતો હતો. ત્યારે મવડી ચોકડી ખાતે એક શખસ રોંગ સાઈડમાં મોટર સાયકલ લઈને આવતો હોય જે મેરૂનની સામે જોતો હોય જે બાબતે ઠપકો આપતા બાઈક ચાલક ઝઘડો કરે છે તેવું જણાવતા યુવાન અહીં ગયો હતો.

યુવાનના મિત્રને જે શખસ સાથે ડખો થયો હતો તેને મળી વાત કરતા તે ઉગ્ર થઈ ગયો હતો અને બોલાચાલી કરી ઝઘડો કરવા લાગ્યો હતો જેથી યુવાને કહ્યું હતું કે, મહિલા સાથે છે સભ્યતાથી વાત કરો તેમ કહેતા કહ્યું હતું કે, મહિલાને મૂકીને આવ પછી આપણે વાત કરીએ અને આ બાઈક ચાલકે તેનું નામ જયદેવ ડાંગર કહ્યું હતું અને પોતે મહિરાજ હોટલનો માલિક હોવાનું જણાવ્યું હતું અને યુવાનને તેનું નામ અને તું કેવો છો તેમ પૂછતા યુવાને પોતાનું નામ મોહિત ચંદ્રપાલ હોવાનું કહી મોબાઈલ નંબર લઈ તેમાં મિસકોલ માર્યો હતો. ત્યારબાદ યુવાન તથા તેનો મિત્ર રોહિત અને તેની પત્ની મેરૂન ઘરે જતા રહ્યા હતા.

બાદમાં રાત્રિના દસેક વાગ્યે રોહિતના માનેલા બનેવી નાજાભાઈ ભરવાડનો મેરૂનબેનમાં ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે,તમારે જે મવડી ચોકડી ખાતે ઝઘડો થયો હતો તે બાબતે સમાધાન કરવા માટે મહીરાજ હોટલે મવડી ચોકડી ખાતે આવો જેથી યુવાન તથા તેનો મિત્ર રોહિત રાઠોડ બંને બાઈક લઈ મહીરાજ હોટલે ગયા હતા ત્યાં જઈને બેઠા હતા ત્યારે એક શખસ આવ્યો હતો અને તેણે કહ્યું હતું કે, હું લાલો આહીર તે શું મારા ભાઈ સાથે બબાલ કરી કહી જ્ઞાતિ અંગે અપમાનજનક શબ્દ કહી કહ્યું હતું કે, માપમાં રહેજો નહીંતર કાપીને કટકા કરીને અહીં ગટરમાં નાખી દઈશ. દરમિયાન પાછળથી યુવાનને માથાના ભાગે કડુ માર્યું હતું અને તેણે જોતા જયદેવ ડાંગરે તેના પર હુમલો કર્યો હતો અને જ્ઞાતિ વિશે અપમાનજનક શબ્દ કહી ગાળો આપી લાલો આહીર અને જયદેવ ડાંગરે તથા બીજા બેથી ત્રણ અજાણ્યા માણસોએ યુવાન તથા તેના મિત્ર રોહિતને માર મારવા લાગ્યા હતા. દરમિયાન અહીં અન્ય લોકો એકત્ર થઈ જતા વધુ મારમાંથી બચાવ્યા હતા. આ અંગ યુવાને વડીલો સાથે વાત કર્યા બાદ હવે આ મામલે માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે એટ્રોસિટી એકટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.


## જાહેર નોટીસ

આથી હું ઝાલા અજીતસિંહ શિવુભા રહેવાસી સમય રેસીડેન્સી રાજ ખોડલ હોટલની પાછળ આશાપુરા ચોકડી ગોંડલ જિલ્લો -રાજકોટ.ગુજરાત રાજય તમામ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. કે મારો સુપુત્રશ્રી ઝાલા વીરેન્દ્રસિંહ અજીતસિંહ મોબાઈલ આધારકાર્ડ નંબર- ૨૮૭૬ ૩૦૦૯ ૩૫૪૪ નંબર- ૯૯૯૮૧૦૬૩૨૯ મારા કહ્યા નથી અમારાથી અલગ રહે છે. તેની સાથે કોઈપણ જાતનો કોઈપણ વ્યક્તિએ અન્યોએ નાણાંનો કે અન્ય કોઈપણ જાતનો વ્યવહાર વ્યવહાર કરવો નહી. જે કોઈપણ વ્યક્તિ વ્યવહાર કરશે તેની તમામ પ્રકારની અંગત જવાબદારીઓ પોતાની રહેશે જેની ખાસ નોંધ લેશો.

જેની જાહેર જનતા એ ખાસ નોંધ લેવી.

લી. પ્રમુખશ્રી
ઝાલા અજીતસિંહ શિવુભા


# શહેરમાં યુવક અને મહિલાના હાર્ટ એટેકથી મોત

**નવા થોરાળામા સફાઈ કામદાર અને પરસાણા સોસાયટીમાં યુવાનનું હદય થંભી ગયું**

અબતક, રાજકોટ

શહેરમાં હાર્ટ એટેકના કેસોમાં ચિંતાજનક રીતે સતત વધારો થઈ રહ્યો છે. ગત ૨૪ કલાકમાં શહેરમાં હાર્ટ એટેકથી વધુ બે વ્યક્તિઓના મોત નિપજ્યા છે, જેમાં મનપાના મહિલા સફાઈ કામદાર અને ૨૫ વર્ષીય યુવાને પોતાનો જીવ ગુમાવ્યો છે. આ બનાવને પગલે બંને મૃતકોના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના નવા થોરાળા વિસ્તારમાં કસ્તુરબા હરીજન વાસ શેરી નંબર-૫ માં રહેતા રેખાબેન ભીખાભાઈ મકવાણા (ઉં.વ. ૪૯) પોતાના ઘરે હતા, ત્યારે બેભાન થઈને ઢળી પડ્યા હતા. તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. રેખાબેન રાજકોટ મહાનગરપાલિકામાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા હતા. તેમના પતિનું અગાઉ અવસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. મૃતક રેખાબેનને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રીએ છે.બીજા બનાવમાં, કોઠારીયા રોડ પર આવેલ પરસાણા સોસાયટી શેરી નંબર-૫ માં રહેતા શ્રવણકુમાર વેરણીપ્રસાદ યાદવ (ઉં.વ. ૨૫) ગઈકાલે રાત્રે આઠેક વાગ્યાની આસપાસ ઘરે હતા ત્યારે અચાનક છાતીમાં દુખાવો ઉપડતા બેભાન થઈ ગયા હતા. સિવિલ હોસ્પિટલ પહોંચાડતા તબીબે તેમને હાર્ટ એટેકથી મૃત જાહેર કર્યા હતા. મૂળ ઉત્તર પ્રદેશના વતની શ્રવણકુમાર રાજકોટમાં તે કંપનીમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમને સંતાનમાં એક દીકરી છે. પોતે ત્રણ ભાઈ અને એક બહેનમાં તેઓ વચ્ચેટ હતા. આ બનાવથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે આ બંને બનાવોમાં અકસ્માતે મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.


**ઘરકામ માટે હેલ્પર જોઈએ છે**
Mo. 9428513857
LATEST

## પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ

**રાજકોટ વિભાગ માટે ઈ-હરાજી**

રાજકોટ મંડળ માટે નીચેના કેટલોગ માટે ઈ-હરાજી માટે બિડ મંગાવવામાં આવી છે, જે IREPS વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત થઈ ચૂક્યા છે.વિગતો નીચે મુજબ છે:

| કેટલોગ નં. | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કેટેગરી | સમયગાળો |
|---|---|---|---|
| RJT-ADVT-25-10 | ૧) (વિવિધ-સ્ટેટિક સેવાઓ - ) એપ્લિકેશન આધારિત કેબ / બાઈક સેવાઓ<br>3) (પે અને યુઝ-લાઉન્જ/વેઈટિંગ /રિટાયરીંગ / ક્લોક રૂમ)<br>૪) જાહેરાત - સ્ટેશન પરની જગ્યા (નોન-ડિજિટલ)<br>૫) જાહેરાત - આઉટ ઓફ હોમ | વિવિધ-સ્ટેટિક સેવાઓ જાહેરાત | 03/05 વર્ષ |
| PARKING-RJTBKNG- MX-21-25-1 | ૨) BKNG-MX-21-25-1 (પાર્કિંગ - મિશ્ર) | (પાર્કિંગ - મિશ્ર) | 03 વર્ષ |

**ઈ-હરાજીની તારીખ અને સમય:** ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે ૧૮.03.૨૬ સવારે ૧૦:00 વાગ્યે ઉપરોક્ત કેટલોગ નં. હેઠળના લોટની વિગતો આગામી ઈ-હરાજી, ઝોન: પશ્ચિમ રેલવે, યુનિટ: રાજકોટ મંડળ - વાણિજ્યિક હેઠળ **WWW.IREPS.GOV.IN** (ઈ-હરાજી લીઝિંગ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

RJT 203

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## દ્વારકા નગર પાલિકા કચેરી, દ્વારકા

જાહેરાત અંક - ૬૮ /૨૦૨૫-૨૬

દ્વારકા નગરપાલિકા કચેરી દ્વારકા દ્વારા રાજય સરકારશ્રી ની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના SIMMSVY વર્ષ ૨૦૨૫-૨૬ ગ્રાંટ અંતર્ગત તથા સ્વચ્છ ભારત મિશન-૨.૦ અંતર્ગત દ્વારકા શહેરમાં વિવિધ જ્ગ્યાએ FRP પોલ વીથ LED લાઈટ ઈન્સ્ટોલ કરવાનું પાણીની પાઈપલાઈન તેમજ એસ્પ્રીનલ ટોઈલેટ બ્લોકના કામ બાબતે નીચે મુજબની વિગતે ઓનલાઈન ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

| Sr. No. | Work Details | Tender Online Submission Last Date | EMD & Tender Fee Submission Last Date |
|---|---|---|---|
| 1 | Tender ID No. 280112,280150,280195,280292 | 16/03/2026 | 18/03/2026 |
| 2 | Tender ID No. 280227 | 11/03/2026 | 11/03/2026 |

ઉકત ઓનલાઈન ટેન્ડરો www.tender.nprocure.com પરથી ઉકત વિગતે દર્શાવેલ તારીખના સાંજે ૬ કલાક સુધીમાં ઓનલાઈન ટેન્ડરો ભરી શકાશે. તથા ટેન્ડરની ડીટેઈલ વિગતો ઓનલાઈન જોઈ શકાશે. ઈ.એમ.ડી.અને ટેન્ડર ફી ની રકમ ઉકત વિગતે દર્શાવેલ તારીખ સુધીમાં રજા સિવાયના દિવસોમાં આ કચેરીમાં રજી.એ.ડી./સ્પીડપોસ્ટ/કુરીયર થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધીમાં પહોંચાડવાના રહેશે. ઈ.એમ.ડી. અને ટેન્ડર ફી વગરના ટેન્ડરો રદ ગણાશે. ટેન્ડર કવર ઉપર કામનું નામ સ્પષ્ટ લખવાનું રહેશે. કોઈપણ ભાવો મંજુર - નામંજુર કરવાના અધિકાર આ કચેરીને અબાધિત રહેશે.

તા.૨૪/૨/૨૦૨૬

| અશ્વિન કે.ગઢવી | પરેશભાઈ એસ.ઝાખરીયા | વિજયભાઈ કે. માણેક | કોમલબેન પી.ડાભી |
|---|---|---|---|
| ચીફ ઓફીસર | કારોબારી ચેરમેન | ઉપપ્રમુખ | પ્રમુખ |
| દ્વારકા નગરપાલિકા | દ્વારકા નગરપાલિકા | દ્વારકા નગરપાલિકા | દ્વારકા નગરપાલિકા |

## જોઈએ છે

શ્રી સીમાર સર્વોદય સોસાયટી સંચાલિત
ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન

**શ્રી મહિલા આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ-સીમાર (સેલ્ફ ફાઈનાન્સ)**

| ક્રમ | જગ્યાનો પ્રકાર | લાયકાત | વિષય | જગ્યા |
|---|---|---|---|---|
| 1 | આચાર્ય | MA 55% Ph.D 15 વર્ષનો શૈક્ષણિક અનુભવ | - | 1 |
| 2 | અધ્યાપક | MA 55%,NET,GSET,Ph.D | સમાજશાસ્ત્ર | 2 |
| 3 | અધ્યાપક | MA 55%,NET,GSET,Ph.D | હિન્દી | 1 |
| 4 | અધ્યાપક | MA 55%,NET,GSET,Ph.D | સંસ્કૃત | 1 |
| 5 | અધ્યાપક | MA 55%,NET,GSET,Ph.D | કેમિસ્ટ્રિ | 1 |
| 6 | અધ્યાપક | Msc 55%,NET,GSET,Ph.D | અંગ્રેજી | 1 |
| 7 | અધ્યાપક | Msc 55%,NET,GSET,Ph.D | માઈક્રોબાયોલોજી | 1 |
| 8 | અધ્યાપક | Msc 55%,NET,GSET,Ph.D | ફિઝિક્સ | 1 |
| 9 | લેબ ટેકનિશયન | Msc 55% | - | 1 |

**શ્રી ઉકાભાઈ ડોડીયા કોમર્સ કોલેજ- સીમાર (સેલ્ફ ફાઈનાન્સ)**

| ક્રમ | જગ્યાનો પ્રકાર | લાયકાત | વિષય | જગ્યા |
|---|---|---|---|---|
| 1 | P.T.I | M.P.ED 55% | - | 1 |
| 2 | લાઈબ્રેરિયન | M.L.I.Sc | - | 1 |
| 3 | અધ્યાપક | MA 55%,NET,GSET,Ph.D | અંગ્રેજી | 1 |
| 4 | અધ્યાપક | M.Com 55%,NET,GSET,Ph.D | એકાઉન્ટ | 4 |
| 5 | અધ્યાપક | MA 55%,NET,GSET,Ph.D | અર્થશાસ્ત્ર | 1 |

**શ્રી ઉકાભાઈ ડોડીયા બી.આર.એસ.કોલેજ-સીમાર(સેલ્ફ ફાઈનાન્સ)**

| ક્રમ | જગ્યાનો પ્રકાર | લાયકાત | વિષય | જગ્યા |
|---|---|---|---|---|
| 1 | અધ્યાપક | MRS 55%,NET,GSET,Ph.D | એગ્રોનોમી | 3 |
| 2 | અધ્યાપક | MRS 55%,NET,GSET,Ph.D | બાગાયત | 2 |
| 3 | અધ્યાપક | MRS 55%,NET,GSET,Ph.D | વિસ્તણ | 2 |

નોંધ : લાયકાત ધરાવતા ઉમેદવારોએ જગ્યા માટે અરજી પુરાવા સાથે દિન-15 માં કોલેજના સરનામે રજી. એડીથી અથવા ઈ-મેઈલ પર મોકલી આપવાના રહેશે.

સરનામું :- વેરાવળ - જૂનાગઢ હાઈવે મું.-સીમાર (કીડીવાવ)
તા.વેરાવળ, જી.ગીર સોમનાથ-362255 E-mail: kidivav.bcom.clg@gmail.com

તંત્રી લેખ

# પરીક્ષાને ટેન્શન તરીકે નહીં ઉત્સવ તરીકે અપનાવો


રાજ્યમાં બોર્ડની પરીક્ષા મહોત્સવનો પ્રારંભ થઈ ચૂક્યો છે.છાત્રો માટે આ ઘડી એક ઉત્સવથી રતિભાર પણ કમ નથી.જીવન દરેક પળે એક પરીક્ષા છે.વિદ્યાર્થીકાળ દરમિયાન આવતી બોર્ડની પરીક્ષા વ્યક્તિના ઘડતરમાં બહુ મોટો રોલ ભજવે છે.પરીક્ષા એ જીવનનો અંત નથી પણ નવી શરૂઆત છે. તે વાતને દરેક છાત્રોએ સમજી લેવી જોઈએ.પરીક્ષાને ક્યારેય બોજ ન ગણવી કારણ કે,વર્ષ દરમિયાન અભ્યાસમાં જે ભણ્યા હોય તે રજૂ કરવાનો અવસર હોય છે.લખો વિદ્યાર્થીઓ ભયમુક્ત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે સરકાર દ્વારા પણ ખાસ તકેદારી રાખવામાં આવરી હોય છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં જ પરીક્ષા પે ચર્ચા થકી દેશભરના વિદ્યાર્થીઓને કોઈપણ દબાણ કે ચિંતા વિના સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કર્યા છે. દરેક વ્યક્તિની એક વિશેષ ક્ષમતા હોય છે, એ ક્ષમતાને પારખીને પોતાની સ્કિલ પર વધુ ફોકસ કરીને ચિંતા મુક્ત થઈ પરીક્ષા આપવી જોઈએ.

પરીક્ષાએ વિદ્યાર્થીઓના વર્ષભરની મહેનતનું પરિણામ મેળવવાનો અવસર છે.વિદ્યાર્થીઓ કોઈપણ જાતના ડર કે માનસિક બોજ રાખ્યા વિના આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવી જોઈએ. વિદ્યાર્થીના પરિવારજનોએ ઘરનું વાતાવરણ હળવું રાખવા જોઈએ બાળકો પર વધુ માર્ક્સ લાવવાનું દબાણ લાવવાને બદલે તેના ઉત્સાહ વધારો કરતો રહેવો જોઈએ. રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા તમામ પરીક્ષા કેન્દ્રો પર જરૂરી સુવિધાઓ અને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે, જેથી વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી શકે. તેજસ્વી વિદ્યાર્થીઓ પોતાની પ્રતિભા સાબિત કરી રાજ્યનું અને પોતાના પરિવારનું નામ રોશન કરશે તે વાતમાં કોઈ શંકા નથી. પરીક્ષાના પેપર લખતી વખતે મન સ્થિર રાખી, જે આવડે છે તેને શ્રેષ્ઠ રીતે રજૂ કરો. મહેનત ચોક્કસપણે રંગ લાવશે.પરીક્ષાને એક ટેન્શન તરીકે લેવાના બદલે એક ઉત્સવ તરીકે ઉજવવામાં આવે તો જીવનમાં કોઈપણ કસોટીનો સામનો મકમતા પૂર્વક કરી શકાય છે.આજથી બોર્ડની પરીક્ષાનો આરંભ થઈ ચૂક્યો છે ત્યારે લાખો છાત્રોને સફળતા માટે અઢળક શુભેચ્છા.

(signature)

# ધો.૧૦-૧૨ના વિદ્યાર્થીઓને ઉજજવળ ભવિષ્યની શુભકામના: ઉદય કાનગડ

**અબતક, રાજકોટ**



રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડએ આજે થી ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષાઓ ચાલુ થઈ રહી છે ત્યારે પરીક્ષાર્થીઓને ઉજજવળ ભાવિની શુભેચ્છા પાઠવતા જણાવેલ છે કે ત્યારે ગોખણીયા જ્ઞાનની બદલે સખત મહેનત અને વિષય પરત્વેનું તલસ્પર્શી જ્ઞાન જ વિદ્યાર્થીને પરીક્ષામાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરવામાં કામ આવે છે. કોઈ એક પેપરમાં જો અપેક્ષા મુજબ દેખાવ ન કરી શકીએ તો જરાય હિંમત હાર્યા વગર બીજા પેપરની પૂરી તૈયારી કરી કોઈ એક નબળુ પેપર કે નબળો દિવસ એ આખરી પરીણામ નથી માત્ર એક સ્પીડબ્રેકર છે. પરીક્ષા જીવનનું અંતિમ લક્ષ્ય નથી, પરંતુ સફળતાની સીડીનું એક મજબૂત પગથીયું છે. વર્ષભરની મહેનત, લગન અને સંકલ્પનો આ પરિચય આપવાનો અવસર છે. વિદ્યાર્થીઓએ કોઈપણ પ્રકારના તણાવને મનમાં સ્થાન ન આપીને આત્મવિશ્વાસ અને સકારાત્મ દ્રષ્ટિકોણ સાથે પરીક્ષા આપવી જોઈએ.

પરિણામની ચિંતા કર્યા વગર શ્રેષ્ઠ દેખાવ, તેમજ ધો.૧૦ અને ધો.૧૨ના તમામ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉજજવળ દેખાવ કરી આગામી વર્ષોમાં દેશ,દુનિયા અને પોતાના ગામ-શહેરનું નામ રોશન કરી દેશની વિકાસગાથામાં સહભાગી બને એમ અંતમાં તમામ પરીક્ષાર્થીઓને ઉજજવળ ભાવિની શુભેચ્છા પાઠવતા ઉદય કાનગડએ જણાવેલ હતું.

# બોર્ડના વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા શુભેચ્છા પાઠવતા રાજુ જુંજા

**અબતક, રાજકોટ**



ધો. ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે બોર્ડની આ પરીક્ષામાં તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનો શાંતિપૂર્ણ વાતાવરણમાં શાંતચિતે અને નિર્ભયપણે પરીક્ષા આપી સારા માર્કસ મેળવી ઉતીર્ણ થાય તેવી શુભેચ્છા પાઠવતા સામાજીક અગ્રણી અને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના ડીરેક્ટર રાજુભાઈ જુંજા એ જણાવ્યું હતું કે પરીક્ષાના સેન્ટરે પહોંચવા માટે દરેક પરીક્ષાર્થીએ થોડા વહેલા ઘરે થી નીકળવું જેથી રસ્તામાં ટ્રાફીકની સમસ્યા અસર ન કરે અને સમયસર પરીક્ષા કેન્દ્ર પર પહોંચી શકાય. વિદ્યાર્થીઓએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશો ત્યારે હાથમાં પ્રવેશપત્ર અચુક રાખવુ, પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ કે કોઈ સાહિત્ય સાથે ન રાખવુ, ખંડ નિરીક્ષક જયારે પ્રશ્નપત્ર આપે ત્યારે ચકાસી લેવું, અને ત્યારબાદ શિક્ષકોએ આપેલા માર્ગદર્શન મુજબ સમજી વિચારી અને ઉતાવળ કર્યા વગર પ્રશ્નપત્રમાં સચોટ ઉતરો લખવા અને આત્મવિશ્વાસ સાથે માર્કસ અને ધાર્યુ પરીણામ મેળવી સ્કુલ તથા પરીવારનું ગૌરવ વધારી શકાય. પરીક્ષાના સમય દરમ્યાન વાલીઓએ પણ ખૂબ જ કાળજી રાખી વિદ્યાર્થીઓને રોકટોક વિના સારા વાતાવરણમાં પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા કરવા ઉપરાંત પરીક્ષાના સમય દરમિયાન પોલીસે પણ વિદ્યાર્થીઓ માટે રહેમદ્રષ્ટિ રાખી ટ્રાફીકના નિયમોમા થોડી થોડી છુટ-છાટ આપી વિદ્યાર્થીઓને પરેશાન ન કરવા સામાજીક અગ્રણી અને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના ડીરેક્ટર રાજુભાઈ જુંજાની યાદીમાં જણાવાયું છે.

# જયોતિરાવ સાવિત્રીબાઈ ફુલેને ભારત રત્ન આપવા માળી સમાજની માંગણી

## કલેકટરને આવેદન પત્ર પાઠવી બંને દિવંગતોના સન્માનની કરાય માંગ



**અબતક, રાજકોટ**

મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલે એક એવું વ્યક્તિત્વ કે જેમને પોતાનું સમગ્ર જીવન પછાત, દબાયેલા, કચડાયેલા વર્ગને યોગ્ય સ્થાન અને ન્યાય અપાવવા માટે ન્યોછાવર કરી દીધું અને તેમની ઉન્નતી અને પ્રગતિ માટે સમગ્ર જીવન ખર્ચી નાખ્યું

સાવિત્રીબાઈ ફૂલને મહિલાઓ દ્વારા વિદ્યાની દેવી તરીકે બિરદાવતા સાવિત્રીબાઈ ફૂલે અખંડ ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા બન્યા ભણાવવા માટે પ્રથમ મહિલા સ્કૂલ ખોલી માતા સાવિત્રીબાઈ ફૂલે કવિયત્રી હતા અને તેમને કાવ્ય ફૂલે નામનો પ્રથમ કાવ્યસંગ્રહ પ્રકાશિત કરેલો.

અખંડ ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા એવા આ ફૂલે દપતી સમગ્ર ભારત દેશના માળી સમાજના આરાધ્ય છે. ગુજરાત માળી સમાજ દ્વારા ગુજરાતના દરેક જિલ્લા મથકો ઉપર કલેકટર ને આવેદનપત્ર આપી માંગ કરવામાં આવે છે કે આ બંને મહાન વ્યક્તિત્વને મરણોપરાંત ભારત રત્ન મળવો જોઈએ.

# બોલીવુડ ગાયક હિમેશ રેશમીયા એ કષ્ટભંજનદેવના દર્શન કરી ધન્યતા અનુભવી

**અબતક, રાજકોટ**



વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર ખાતે હિમેશ રેશમિયાએ કર્યા કષ્ટભંજન દેવના દર્શન બોલિવૂડ ગાયક અને સંગીતકાર હિમેશ રેશમિયાએ તેમના પરિવાર સાથે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ગાયક કલાકાર હિમેશ રેશમિયાએ પરિવાર સહિત સાળંગપુર સ્થિત શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરે માથું ટેકવીને દાદાના ચરણોમાં પોતાની અતુટ શ્રદ્ધા પ્રગટ કરી હતી. તેઓએ ભકિતભાવપૂર્વક કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજના અલૌકિક દર્શનનો લ્હાવો લીધો હતો અને પરિવારની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. આ વિશેષ મુલાકાત દરમિયાન સાળંગપુર મંદિર પ્રશાસન દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. દર્શન પશ્ચાત મંદિરના પૂજારી દ્વારા હિમેશ રેશમિયાને ફૂલહાર પહેરાવીને રૂડા આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા.

# સરગમ કલમ દ્વારા રવિવારથી ત્રિ-દિવસીય જયપુર ફુટ કેમ્પ

**અબતક, રાજકોટ**

સાસ્કૃતિક, સામાજિક અને તબીબી ક્ષેત્રેમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફુટ કેમ્પનાં સેવા કેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને લલીતાબેન મનુભાઈ માંડલીયા (સોના જવેલર્સ દુબઈ) કમાણી ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે તા. ૧-૩ થી ૩-૩ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે.

કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખ પત્ર આધાર કાર્ડ અને ડોકટરનું વિકલાંગ સર્ટીફીકેટને ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર આ કેમ્પમાં જરૂરત મંદોને કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે.

તા. ૧-૩ થી ૩-૩ સુધી યોજાશે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા. ૧-૩ ને સવારે ૮ કલાકે સરગમ ભવન, જામટાવર રોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં રાજકોટ ફોન નં. ૦૨૮૧ ૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ હાજર રહેવું. જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ ઉપસ્થિત રહેવું.

કેમ્પની સફળતા માટે પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને નિતેશભાઈ માંડલીયા તથા કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીબેન કમાણી જહેમત ઉઠાવી રહ્યા છે.

# જીલ્લા પંચાયતની બજેટલક્ષી સાધારણ સભા સાથે મહારકતદાન કેમ્પનો કાલે થશે સમન્વય

## કાલે જીલ્લા પંચાયતની ખાસ સાધારણ સભામાં વિકાસલક્ષી બજેટ રજુ થશે

**અબતક, રાજકોટ**



રાજકોટ જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીની આગેવાનીમાં કાલે ૨૭ ફેબ્રુ.એ જીલ્લા પંચાયત ની બજેટ સાધારણ સભા સાથે રકતદાનના સેવા વિકાસનો સમન્વય થશે

આવતીકાલે ૨૭મી ને શુક્રવારે જિલ્લા પંચાયતના છેલ્લા પાંચ વર્ષના અથાગ પરિશ્રમની ઝલક અને ભાવિના સ્વપ્નોનું બજેટ રજુ થશે. જે કેન્દ્ર અને રાજય સરકારની ભાજપ સરકારના ગ્રામ્ય વિસ્તાર અને ખેતી લક્ષી બજેટને અનુસરીને ગ્રામીણ વિકાસને આત્મ નિર્ભરતાની દિશામાં વિકાસની નવી ઉંચાઈઓ આપશે. આત્મ નિર્ભરતાની દિશામાં નવા દ્વાર ખોલશે. આ સામાન્ય સભા દરમિયાન સવારે ૯ થી ૨ સુધી જીલ્લા પંચાયત પ્રમુખ નિવાસ સ્થાન કલેકટર કચેરીની બાજુમાં રાજકોટ ખાતે મહા રકતદાન કેમ્પ યોજાશે. જયાં જિલ્લા પંચાયતના સભ્યો, અધિકારીઓ અને આગેવાનો, ચુંટાયેલા જન પ્રતિનિધિઓ રકતદાન કરીને કહેશે. એક બિંદુ લોહી નવ જીવનની આશા જિલ્લા પંચાયત પ્રમુખે હૃદયસ્પર્શી શબ્દોમાં અપીલ કરી છે.

# ભાજપે બોર્ડના પરિક્ષાર્થીઓને સફળતા માટે આપી શુભેચ્છા



**અબતક, રાજકોટ**

આજથી શરૂ થયેલ બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓને વોર્ડ નં.૮ માં આવેલ કે.જે. કોટેચા ગર્લ્સ હાઈસ્કુલ ખાતે પુષ્પ આપી મોઢા મીઠા કરવવામાં આવેલ અને શુભેચ્છા આપતાં શહેર પ્રમુખ ડો.માધવ દવેએ જણાવ્યું હતું કે,બોર્ડ દ્વારા પુછવામાં આવતાં પ્રશ્નપત્રના પ્રશ્નના જવાબ લખતા વખતે એકાગ્રતા રાખવાથી અને મનમાં કોઈ પણ જાતના બીજા વિચાર ન લાવી ફકત પ્રશ્નના જવાબ લખવામાં ધ્યાન કેન્દ્રિત કરવાથી પરિક્ષા આપવી એક શોખ બની આનંદ સાથે આપણી તેજસ્વિતા બની રહેશે. આ તકે મહામંત્રી લલીત વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા, શહેર ઉપપ્રમુખ દિપાબેન કાચા, શહેર મંત્રી ધર્મિષ્ઠાબેન વાઘેલા, વોર્ડ નં. ૮ ના વોર્ડ પ્રમુખ દેવકરણ જોગરાણા, મહામંત્રી નિલેશ ભટ્ટ, વોર્ડ નં.૧૮ના મહામંત્રી મુન્નાભાઈ જોગરાણા, વોર્ડના કોર્પોરેટર ડો.દર્શનાબેન પંડ્યા, વોર્ડ નં.૧૮ ના કોર્પોરેટર સંજયસિંહ રાણા, મહિલા મોરચા પ્રમુખ લીનાબેન રાવલ, મહામંત્રી કિરણબેન હરસોડા, માધવીબેન જોગીયા, યુવા મોરચા પ્રમુખ મીલન લીંબાસીયા, મહામંત્રી જયકિશન ઝાલા, હિમાંશુ રાજયગુરૂ સહિતના તમામ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બોલબાલા ટ્રસ્ટના વડીલ મહિલા સભ્યો માટે કાલે જામશે સંગીત સંધ્યાની રમઝટ

## જૂના ફિલ્મી ગીતો સાથે રેડ ટાઇટન બીટ્સ મ્યુઝીકલ ગ્રુપ કરાવશે આનંદ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતી બોલબાલા ટ્રસ્ટ દ્વારા સીનીયર સીટીઝન - મહિલા પાંખના મેમ્બર માટે કાલે ૨૭/૦૨/૨૬, શુક્રવાર બપોરે ૩ થી ૭ સુધી મણીયાર હોલ જ્યુબિલી ખાતે રેડ ટાઈટન બીટ્સ મ્યુઝીકલ ગ્રુપ દ્વારા નવા-જૂના ફિલ્મી ગીતોની સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં ડો.હરીષ ચંદારાણા, ડો.રમેશ મારૂ, લલીતભાઈ ત્રિવેદી, અમિત પરમાર, હર્ષલ ભટ્ટ, જયદીપ ડાંગર, ગીતાબેન સોની, દમયંતીબેન પોપટ, અંજુબેન ભટ્ટ, શીતલબેન ભંડેરી સહિતની ટીમ યાદગાર ગીતો રજુ કરી સંગીત સંધ્યાને યાદગાર બનાવશે.

ટ્રસ્ટના આગામી માહિતી/સુચના/પાસ વિતરણ પણ મણીયાર હોલ ખાતે પ્રમુખ જયેશ ઉપાધ્યાય, રમેશભાઈ મારૂ દ્વારા આપવામાં આવશે.

# ધો.૧૦ તથા ૧૨ના પરિક્ષાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતું ડિસ્ટ્રીકટ બાર

## પરિક્ષાને ઉત્સવ બનાવો, મન શાંત રાખી તમારી પ્રતિભા ખિલવવા માટે શ્રેષ્ઠ પ્રયત્નો કરો,વકીલ નરેન્દ્રસિંહ


**અબતક, રાજકોટ**


વકીલોના કલ્યાણ અને વેલફેર અર્થે કાયે કરતા રાજકોટ ડિસ્ટ્રીકટ બાર એસોસિયેશન દ્વારા ધોરણ-૧૦ અને ૧૨નાં પરિક્ષા શરૂ થયેલ હોય સૌ પરિક્ષાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે.પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા એ પરિક્ષાર્થીઓને જણાવ્યું છે કે આ પરિક્ષાને ઉત્સવ બનાવો, પરિક્ષા એ જીવન નથી પરંતુ જીવનનો માત્ર એક ભાગ છે, જેથી મન શાંત રાખી તમારી પ્રતિભા ખિલવવા માટે શ્રેષ્ઠ પ્રયત્નો કરી દરેક પ્રશ્નોને સમજી અથેપુણે જવાબો શાંત ચિત્તે લખવા, આ સમયમાં તમારી તબિયતનું સવિશેષ ધ્યાન રાખવું અયોગ્ય આહાર લેવો નહીં.

આ તમામ વિદ્યાર્થીઓને ડિસ્ટ્રીકટ બાર એસોસિયેશનના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા, ઉપ પ્રમુખ અંબાણી ભરતભાઈ, નયનભાઈ વ્યાસ, હરેશ પરસોડા તથા સહાયક હર્ષેદ બારૈયા અને નિતિશ કથીરીયા, સેક્રેટરી નયનાબેન ચૌહાણ અને અશ્વિન ગોસાઈ, જોઈન્ટ સેક્રેટરી જતિન ઠક્કર, દિવ્યેશ છગ, નિવિદ પારેખ, તસનીમ સાદીકોટ, ટ્રેઝરર લક્ષ્મીબેન જાદવ, રક્ષાબેન ઉપાધ્યાય, મહિલા અનામત કારોબારી સભ્ય બિનલબેન મહેતા, અંજુમન અજમેરી, ડોલી બુદ્ધદેવ, માનસી ગોલ અને સહાયક ધારા ઉન્જીયા, મેધાવી ગજ્જર, નિલમ પલાણ અને કારોબારી સભ્યો વિમલ ડાંગર, હિરેન રૈયાણી, શૈલેષ સુચક, ભાવેશ બાભવા, અજયસિંહ ચુડાસમા તમામ પરિક્ષાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવેલ છે.

# પોરબંદરમાં ભાઈશ્રીના સાનિધ્યમાં હરી મંદિરે હોળી પર્વે રંગોત્સવ ઉજવાશે

**અબતક, રાજકોટ**





ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના સાન્નિધ્યમાં સાંદીપનિ શ્રીહરિ મંદિરમાં હોળી-ધૂળેટીનું રંગોત્સવ પર્વ ઉજવાશે પોરબંદરમાં સાંદીપનિ વિદ્યાનિકેતન, શ્રીહરિ મંદિરમાં તા. ૨/ ૩/૨૦૨૬, સોમવારે હોળી ઉત્સવ તથા તા. ૩/ ૩/૨૦૨૬, મંગળવારના ધૂળેટી રંગોત્સવ પર્વ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવશે. શ્રીહરિ મંદિરમાં ફાગણ સુદ પૂનમ સોમવાર સાંજે ૬:૦૦ વાગ્યેથી ઠાકુરજી સન્મુખ વૃંદાવનથી આવેલ રસિયા મંડળી દ્વારા હોળીના રસિયાનું ગાયન કરવામાં આવશે. ત્યારબાદ સાંજે ૬:૩૦ થી ૭:૦૦ દરમ્યાન શ્રીહરિ મંદિરમાં બિરાજિત ઉત્સવસ્વરૂપ સર્વે દેવી-દેવતાઓના વિગ્રહોની સાથે પૂજ્ય ભાઈશ્રીની ઉપસ્થિતિમાં અબીલ, ગુલાલથી રંગોત્સવ સંપન્ન થશે. ૭:૦૦ વાગ્યે સાયં આરતી થશે ત્યાર પછી સાંદીપનિ પરિસરમાં વિધિવત્ હોલિકાદહન થશે. સર્વે હરિભક્તોને પૂજ્ય ભાઈશ્રીના વરદ હસ્તે પ્રસાદ વિતરણ થશે. તા. ૩/ ૩/૨૦૨૬, મંગળવાર, ફૂલડોલ ઉત્સવ તા. ૩/ ૩/૨૦૨૬, મંગળવારે, ધૂળેટી પર્વના દિવસે સવારે ૯:૦૦ વાગ્યેથી વૃંદાવનની રસિયા મંડળી દ્વારા રસિયા ગાનથી ફૂલડોલ ઉત્સવ ઉજવણીનો પ્રારંભ થશે. ૯:૦૦ થી ૧૧:૩૦ દરમ્યાન શ્રીહરિ મંદિરમાં બિરાજમાન સર્વે દેવી-દેવતાઓ સાથે પૂજ્ય ભાઈશ્રી વિવિધ રંગોથી હોળી રમશે. ત્યારબાદ સાંદીપનિમાં હોળી-ધૂળેટી ઉત્સવ નિમિત્તે પધારેલા મહેમાનો અને દર્શનાર્થીઓ સાથે પૂજ્ય ભાઈશ્રી હોળી રમશે. બપોરે ૧૨:૦૦ કલાકે પૂજ્ય ભાઈશ્રી દ્વારા શ્રીલક્ષ્મી નારાયણ ભગવાનની ફૂલડોલ ઉત્સવની આરતી થશે. મંગળવારે બપોર પછી ખગ્રાસ ચંદ્રગ્રહણ શરુ થવાનું હોવાથી ગ્રહણના સમયે શ્રીહરિ મંદિરમાં દર્શન બંધ રહેશે. આથી ગ્રહણ સમયે સાંજે ૫:૦૦ થી ૮:૦૦ દરમ્યાન શ્રીહરિની બગીચીમાં શ્રીહરિ નામ સંકીર્તન થશે. સંકીર્તનમાં આપ સૌ જોડાઈ શકો છો. હોળી-ધૂળેટીના રંગોત્સવ પર્વનો આનંદ અને દર્શનનો લાભ લેવા માટે સાંદીપનિ, શ્રીહરિ મંદિર નિમંત્રણ પાઠવે છે.

# જૈન સમાજના વિરેન્દ્રભાઇ દોશીનું અવસાન પરિવારજનો દ્વારા ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય

**અબતક, રાજકોટ**

રાજકોટ નિવાસી જૈન વિરેન્દ્ર ભાઈ દોશીનું અવસાન થતા પરિવારજનોએ ચક્ષુદાનનો પ્રેરણાદાયી નિર્ણય લઈને પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચીંધેલ છે. સ્વ. વિરેન્દ્રભાઈના ચક્ષુનું દાન વિવેકાનંદ યુથ ક્લબ માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને ચક્ષુદાન અભિયાન સમિતિ ના સંયોજક અનુપમ દોશી અને ઉપેનભાઈ મોદી દ્વારા કરવા માટે આવેલ ડો. ધર્મેશ શાહ એ સહકાર આપેલ. સંસ્થા એ દોશી પરિવાર નો આભાર માનેલ. સંસ્થાનું આ સળંગ ૧૯૪ મું ચક્ષુદાન છે.

# સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ઈન્ટર કોલેજ સ્પોર્ટ્સ ટૂર્નામેન્ટમાં ૨૦૦૦ વિદ્યાર્થીઓ વચ્ચે કસોકસનો જામ્યો જંગ

## સ્પોર્ટ મહોત્સવમાં ૮ રમતોના વિજેતાઓને ઈનામોથી નવાજાશે

**અબતક, રાજકોટ**



વિસનગર સ્થિત સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે તારીખ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ઈન્ટર કોલેજ સ્પોર્ટ્સ ટૂર્નામેન્ટનું ભવ્ય અને ઉત્સાહભેર ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ દ્વારા આયોજિત આ વિશાળ કક્ષાના સ્પોર્ટ્સ મહોત્સવમાં ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. જે તારીખ ૨૪ ફેબ્રુઆરી થી લઈને ૧૦ માર્ચ સુધી કુલ આઠ રમતોમાં વિવિધ સ્પર્ધાઓ યોજાશે, જેમાં આઉટડોર ગેમ્સમાં ક્રિકેટ, કબડ્ડી, વોલીબોલ, ફૂટબોલ અને ટગ ઓફ વોર તેમજ ઈન્ડોર ગેમ્સમાં બેડમિન્ટન, ટેબલ ટેનિસ અને ચેસમાં છોકરાઓ તથા છોકરીઓ બંને કેટેગરીમાં સ્પર્ધાઓ યોજાશે.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે તાજેતરમાં અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડકપ વિજેતા ટીમના યુવા ક્રિકેટર શ્રી ખીલન પટેલ અને શ્રી વેદાંત ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના સંબોધનમાં અંડર-૧૯ ઈન્ડિયન ક્રિકેટ ટીમ સુધીની પોતાની પ્રેરણાદાયક સફરની વાતો શેર કરી હતી અને વિદ્યાર્થીઓને ફિટનેસ, મહેનત, શિસ્ત અને લગન દ્વારા સફળતા પ્રાપ્ત કરવાની પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલે પોતાના પ્રવચનમાં રમતગમતના સર્વાંગી વિકાસ માટે યુનિવર્સિટીની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ઉપરાંત, આ પ્રસંગે યુનિવર્સિટીમાં નિર્માણાધીન અત્યાધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ એસ.પી.યુ. સ્પોર્ટ્સ એરેના અંગે પણ મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. અંદાજે ૨૫ કરોડ રૂપિયાના ખર્ચે વિકસિત થનારા આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં આધુનિક આઉટડોર ગ્રાઉન્ડ, ફેન્સિંગ અને લાઈટિંગ સુવિધા સાથેનું ક્રિકેટ ગ્રાઉન્ડ, આંતરરાષ્ટ્રીય ધોરણનું સ્વિમિંગ પૂલ તેમજ વિવિધ રમતો માટેની અદ્યતન સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ યુનિવર્સિટીના રમતગમત ક્ષેત્રે વિશાળ વિઝન અને દઢ પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

## મેયરના પતિના ગેરકાયદે બાંધકામમાં નવો વળાંક

# બાંધકામ સૂચિત સોસાયટીમાં, રેગ્યુલરાઈઝ કરવા અરજી કરી શકે: કલેકટર

### મેયર નયનાબેન પેઢડીયાના પતિ વિનોદભાઈ પેઢડીયા દ્વારા શહેરના સામાકાંઠા વિસ્તારમાં આવેલા સંત કબીર રોડ પરની શિવશક્તિ સોસાયટીમાં કરવામાં આવેલું બાંધકામ હાલ વિવાદોના વમળમાં ફસાયું!!!



**અબતક, રાજકોટ**

મેયર નયનાબેન પેઢડીયાના પતિ વિનોદભાઈ પેઢડીયા દ્વારા શહેરના સામાકાંઠા વિસ્તારમાં આવેલા સંત કબીર રોડ પરની શિવશકિત સોસાયટીમાં કરવામાં આવેલું બાંધકામ હાલ વિવાદોના વમળમાં ફસાયું છે.

આ મામલે રાજકોટ જિલ્લા કલેક્ટર ઓમ પ્રકાશે મીડિયા સમક્ષ મહત્વની સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, જે જમીન પર બાંધકામ થયું છે તે સરકારી રેકોર્ડ મુજબ સૂચિત સોસાયટીની શ્રેણીમાં આવે છે.

વિવાદ અંગે જિલ્લા કલેક્ટર ઓમ પ્રકાશે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, આ જમીનનો ઈતિહાસ દાયકાઓ જૂનો છે. તેમણે કહ્યું કે આ જમીન મૂળ વિનોદભાઈના પૂર્વજોની હોવાનું કહેવાય છે, પરંતુ વર્ષ ૧૯૯૭માં ડેપ્યુટી કલેક્ટર દ્વારા આ જમીનને ખાલસા (સરકાર હસ્તક) કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૭માં આ જમીનને બિનખેતી કરવા માટે અરજી કરવામાં આવી હતી, જે તે સમયે વહીવટી તંત્ર દ્વારા રદ કરવામાં આવી હતી. કલેક્ટરે સ્પષ્ટ કર્યું કે આ વિસ્તારમાં સૂચિત સોસાયટી ડેવલપ થઈ છે. રાજકોટની પેરીફેરી (સીમાડા)માં અનેક સોસાયટીઓ સૂચિત શ્રેણીમાં આવે છે, અને આ પણ તે પૈકીની એક છે.

કલેક્ટરે વધુમાં ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૧૭-૧૮ બાદ રાજ્ય સરકાર સૂચિત સોસાયટીઓને નિયમબદ્ધ કરવા માટે ખાસ કાયદો લાવી છે.

આ કાયદા અંતર્ગત સૂચિત સોસાયટીમાં રહેતા રહીશો જરૂરી આધાર-પુરાવા રજૂ કરીને પોતાના બાંધકામને નિયમબદ્ધ કરાવી શકે છે. વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૪માં પણ આ જ સર્વે નંબરમાં શકિત સોસાયટી અને અન્ય સોસાયટીઓ દ્વારા નિયમબદ્ધ થવા માટે અરજીઓ કરવામાં આવી છે.

કલેક્ટરના જણાવ્યા અનુસાર, આ કેસમાં પક્ષકાર પાસે અપીલ કરવાના તમામ માર્ગો ખુલ્લા છે. અરજી નામંજૂર થયા બાદ રહીશો અથવા જમીનધારકો ઉપલી કચેરીમાં અપીલ કરી શકે છે. જોકે, હાલના તબક્કે આ બાંધકામ સરકારી જમીન પરના દબાણ કરતા 'સૂચિત બાંધકામ'ની શ્રેણીમાં વધુ ગણાય છે.

# બાપા સીતારામ ચોકમાં ડમ્પરની ઠોકરે રોડ પર ઉભેલા માતા-પુત્રી ઘવાયા

### ડમ્પરચાલકે વળાંક લેતી વેળાએ અકસ્માત સર્જયો : મોટી પુત્રીને શાળાએથી તેડવા જતી પરિણીતા અને નાની પુત્રીને લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે ખસેડાયા, માતાની હાલત ગંભીર

**અબતક, રાજકોટ**

મવડીના બાપાસીતારામ ચોક નજીક ડમ્પરની ઠોકરે માતા પુત્રી ઘવાયા હતા. મોટી પુત્રીને શાળાએ તેડવા જતી પરિણીતા અને બાળકી રોડની સાઈડમાં ઉભા હતા ત્યારે ડમ્પર ચાલકે વળાંક લેતી વેળાએ અકસ્માત સર્જી બંનેને લોહી લુહાણ કરી દીધા હતા. હાલ બંનેને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બનાવને પગલે તાલુકા પોલીસ મથકના સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને ગુનો નોંધી ડમ્પર ચાલકની ધરપકડ કરવા તજવીજ આદરી હતી.ઘટના અંગે ઈજાગ્રસ્તના પરિજનો પાસેથી મળતી વિગત અનુસાર બપોરે ૧૨:૧૫ વાગ્યા

**બનાવને પગલે તાલુકા પોલિસ મથકના પીઆઈ ધવલ હરીપરા સહિતનો કાફલો દોડી ગયો : ડમ્પરચાલક વિરુદ્ધ ગુનો નોંધવા તજવીજ**

આસપાસ ડિમ્પલબેન ભાવેશભાઈ સાકરીયા (ઉવ ૩૮ રહે. નંદનવન-૩, એફ-૨, રામધણ, મવડી, રાજકોટ) પોતાની નાની પુત્રી જાનકી ભાવેશભાઈ સાકરીયા (ઉવ ૮) સાથે એકટીવા લઈને મોટી પુત્રી મિશ્વાની બોર્ડની પરીક્ષા હોય તેણીને તેડવા ધોળકિયા સ્કૂલે જતા હતા. દરમિયાન બાપા સીતારામ ચોક નજીક તેઓ બંને એકટીવા લઈ રોડની સાઈડમાં ઉભા હતા. ત્યારે નવી નકોર ડમ્પરના ચાલકે વળાંક લેતા બંને માતા પુત્રીને ઠોકરે લીધા હતા. જેને પગલે બંને માતા પુત્રી ગંભીર રીતે ઘવાયા હતા.

બનાવને પગલે લોકોનું ટોળું એકત્રિત થઈ જતા બંને માતા પુત્રીને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. બીજી બાજુ તાલુકા પોલીસ મથકના પીઆઈ ડી એમ હરીપરા સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધવા તજવીજ આદરી હતી.

અકસ્માત અંગે ઈજાગ્રસ્ત પરિણીતાના પતિ ભાવેશભાઈ સાકરીયાએ જણાવ્યું હતું કે, હાલ તેમની પત્ની ડિમ્પલબેનની પરિસ્થિતિ ગંભીર છે, અકસ્માતને કારણે તેમના બંને હાથમાં ગંભીર ઈજાઓ પહોંચી છે. જ્યારે પુત્રી જાનકીને હાથે- પગે ઈજા થયાનું તબીબે જણાવ્યું છે. હાલ બંનેની સારવાર ચાલી રહી છે.

# રંગોના પર્વ ધુળેટીમાં જાહેરમાં કલર ઉડાવવા પર પ્રતિબંધ

### ફાળો ઉઘરાવવા રસ્તા પર વાહનોને રોકી શકાશે નહિ : પોલીસ કમિશનર દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ

**અબતક, રાજકોટ**

રંગોના પર્વ હોળી- ધૂળેટીને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે પર્વને લઈ પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. જેમાં ખાસ કરીને ધૂળેટી પર્વ દરમિયાન જાહેરમાં કોઈ પર કલર ઉડાવવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આગામી તા. ૦૨/૦૩/૨૦૨૬ ના રોજ હોળી તથા તા.૦૪/૦૩/૨૦૨૬ ના રોજ ધુળેટી પર્વની ઉજવણી થનાર છે. આ ધાર્મિક તેમજ સામાજિક પર્વની ઉજવણી રાજકોટ શહેરના જુદા-જુદા મહોલ્લાઓ, સાર્વજનીક જગ્યાઓ, ધાર્મિક જગ્યાઓમાં થતી હોય છે. આ ઉત્સવમાં પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકો જાહેર રસ્તાઓ, જાહેર જગ્યાઓએ જતાં આવતા રાહદારીઓ ઉપર તથા એક બીજા ઉપર કોરા રંગ (પાવડર), પાણી ભરેલા ફુગ્ગાઓ તેમજ રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગાઓ, કાદવ, રંગ મિશ્રિત પાણી, અથવા તૈલી પદાર્થો, તૈલી વસ્તુઓ ફેંકતાં હોય છે જેને લીધે જાહેર રસ્તાઓ-શેરીઓ-ગલીઓમાં ચાલતા જાહેર જનતાને અડચણ, ત્રાસ અથવા ઈજા થવાની તેમજ જાહેર સલામતી જોખમાય અને કોમી લાગણી ઉશ્કેરાય તેવી શકયતા નકારી શકાય નહીં.



રાજકોટ શહેરની વર્તમાન પરીસ્થિતિને લક્ષમાં લઈ સામાન્ય સંજોગોમાં હોળી-ધુળેટીના તહેવારની ઉજવણી માટે લોકો સોસાયટી, શેરી, નાકા, જાહેર સ્થળો, ખુલ્લા મેદાનો તથા રસ્તા ઉપર મોટી સંખ્યામાં એકત્રિત થતા હોય છે. આ હોળી પર્વની ઉજવણી શાંતી અને કોમી એખલાશભર્યા વાતાવરણમાં થાય અને જાહેર સલામતી તેમજ ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે માટે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.

પોલીસ કમિશનરના જાહેરનામા મુજબ,હોળી-ધુળેટીના તહેવાર દરમિયાન કોઈપણ પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકોએ જાહેર રસ્તાઓ, જાહેર જગ્યાઓ ઉપર આવતાં જતાં રાહદારીઓ ઉપર અથવા મિલ્કતો, વાહનો ઉપર અથવા વાહનોમાં જતાં માણસો ઉપર કોરા રંગ (પાવડર), પાણી ભરેલા ફુગ્ગાઓ તેમજ રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગાઓ, કાદવ, રંગ મિશ્રિત પાણી, અથવા તૈલી પદાર્થો કે તૈલી વસ્તુઓ ફેંકવા નહીં અને તે માટેના સાધનો પોતાની સાથે લઈ જાહેર જગ્યાઓ પર નિકળવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. હોળી ધુળેટીના પૈસા (ગોઠ) ઉઘરાવવા પર તેમજ બીજા કોઈ ઈરાદાથી જાહેર રસ્તા ઉપર આવતાં જતાં રાહદારીઓને તથા વાહનોને રોકવા પર પ્રતિબંધ છે.

જાહેર રસ્તાઓ ઉપર આમ તેમ દોડવું નહીં કે અન્ય કોમની લાગણી દુભાય તેવી રીતનુ વર્તન કરવુ નહીં. જાહેર માર્ગો ઉપર ટ્રાફિકને અડચણ થાય કે અકસ્માત થાય કે કોઈને કે પોતાને ઈજા કે હાની થાય તેવી કોઈપણ પ્રવૃતિ તેમજ ટ્રાફિકને અડચણ કરી વાહન વ્યવહારના નિયમનમાં અડચણ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જાહેરનામુ તા. ૨/૩/૨૦૨૬ થી તા.૪/૩/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

# જન વિજ્ઞાન જાથા દ્વારા અંધશ્રધ્ધા નિવારવા શનિવારે યોજાશે મહારેલી

### વિજ્ઞાન દિવસે જાથા લોકજાગૃતિ માટે શ્રેણીબધ્ધ કાર્યક્રમો માટે સજ્જ

**અબતક, રાજકોટ**

ભારત સરકાર દ્વારા ૨૮મી ફેબ્રુઆરીએ દેશભરમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી કરવામાં આવે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા વિજ્ઞાનલક્ષી અનેકવિધ કાર્યક્રમોથી ઉજવણી કરવામાં આવે છે. રાજ્યમાં શનિવારે ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરીએ જિલ્લા-તાલુકા મથકે વૈજ્ઞાનિક મિજાજ કેળવાય તે સંબંધી કાર્યક્રમો અમલમાં મુકયા છે. રાજકોટમાં રાજ્યકક્ષાનો વિજ્ઞાન રેલી, વિજ્ઞાન મેળો યોજી વૈજ્ઞાનિક મિજાજ કેળવવાના કાર્યક્રમ યોજાશે.

રાજકોટમાં રાજ્યકક્ષાના કાર્યક્રમમાં મહેમાન પદે સાંસદ પરસોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, મેયર શ્રીમતિ નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, જીલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, વોર્ડ પ્રમુખ જયેશભાઈ ચોવટીયા સહીત ભાજપના પદાધિકારીઓ અને સ્કૂલ સંચાલક ચંદ્રકાંતભાઈ મંડિર, અલ્પાબેન, બ્રિજેશભાઈ મંડિર, મહાનુભાવો હાજરી આપશે.

જાથાના રાજ્ય ચેરમેન એડવોકેટ જયંત પંડ્યાએ જણાવ્યું કે વિજ્ઞાન રેલીમાં છાત્ર-છાત્રાઓ વિજ્ઞાન પ્રયોગનું નિદર્શન કરશે. વિજ્ઞાન આવે ભૂત ભાગે, વિજ્ઞાન આવે અંધશ્રદ્ધા ભાગે, ભૂત-ભુવાને ડાકલા ત્રણેય તૂતેતુતના નારા સુત્રોચ્ચાર કરી રાજમાર્ગો ઉપર લોકોનું ધ્યાન ખેંચવા પ્રયત્ન કરવામાં આવશે.

ન્યુ પરિમલ સ્કૂલના છાત્ર-છાત્રાઓ વિજ્ઞાનની પોતાની સંશોધન વૃત્તિને ધ્યાનમાં રાખી પોતાની કૃતિ રજૂ કરી આવેલ મહેમાનો અને વાલીઓનું વિશેષ ધ્યાન દોરશે.

રેલીના રૂટમાં કાલાવડ રોડ ન્યુ પરિમલ સ્કૂલથી સવારના ૯-૦૦ કલાકે પ્રારંભ કરી પંચાયતનગર, યુનિવર્સિટી રોડ થઈ પરત સ્કૂલે સમાપન કરવામાં આવશે. કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ વ્યાસ તથા કાર્યક્રમની તડામાર તૈયારી અલ્પાબેન, બ્રિજેશભાઈ મંડિર, ચંદ્રકાંતભાઈ મંડિર અને સમગ્ર શૈક્ષણિક સ્ટાફ કરી રહ્યા છે. વિજ્ઞાન રેલીમાં જોડાવવા ઈચ્છુક રાજકોટ શહેરની શાળાઓ, સંસ્થાઓ કે જાગૃત નાગરિકો વિજ્ઞાનલક્ષી કાર્યક્રમમાં સવારે ૯-૦૦ કલાકે જોડાઈ શકે છે.

# રોકાણકારોના કરોડો રૂપિયા ઓળવી જનાર પ્રદીપ ડાવેરા ઝડપાયો

### રાજકોટ-સૌરાષ્ટ્રના અઢળક લોકોને ધુંબો મારી દેનાર શખ્સ ગઈ તા.૭ ના ગોંડલ કોર્ટમાં તારીખમાં હાજર રહ્યા બાદ ભરૂડી પાસેથી પોલીસ જાપ્તામાંથી કારમાં નાસી છૂટ્યો 'તો

### રૂરલ એલસીબીની ટીમે આરોપીને પુનાથી પકડ્યો, મદદગારી કરનાર સગા ભાઈ સંદીપની શોધખોળ

**અબતક,રાજકોટ**

સમય ટ્રેડિંગ અને આશિષ ક્રેડિટ કોપરેટીવ સોસાયટી નામે મંડળી ખોલી રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના લોકોના કરોડો રૂપિયા ઓળવી જનાર પ્રદિપ ડવેરાને રૂરલ એલસીબીની ટીમે પુનાથી પકડી પાડ્યો હતો. ગઈ તા.૦૭ ના ગોંડલ કોર્ટમાં તારીખમાં હાજર રહ્યા બાદ ભરુડી પાસેથી પોલીસ જાપ્તામાંથી કારમાં નાસી છૂટ્યો હતો. જ્યારે મદદગારી કરનાર સગા ભાઈ સંદીપની શોધખોળ હાથ ધરાઈ છે.

**રોકાણ પર ઉંચું વળતર આપવાના નામે લોકોને ફસાવ્યા'તા**

પ્રદિપ ખોડા ડાવેરા રાજકોટ શહેરમા વર્ષ ૨૦૧૭ થી આશીષ ક્રેડીટ કો.ઓપરેટીવ તથા સમય ટ્રેડીંગ નામથી સહકારી મંડળી ચલાવતો હોય અને આ મંડળીમા રોકાણ કરવા અને તે રોકાણ ઉપર મસ મોટુ વળતર આપવાની લાલચ આપી સામાન્ય નાગરીકોને લલચાવી સામાન્ય નાગરીકો દ્વારા આરોપીની મંડળીમાં કરવામા આવેલ કરોડોની રકમ પુર્વ આયોજીત કાવતરૂ રચી ઓળવી જઈ રાજકોટ શહેર, જુનાગઢ, ગોંડલ, ઓખા તથા વાંકાનેર વિસ્તારના રોકાણકારો સાથે છેતરપીડી અને વિશ્વાસઘાત કરેલ હતો.

ગઈ તા.૦૭ ના રોજ રાજકોટ મધ્યસ્થ જેલના પાકા કેદી પ્રદિપ ખોડા ડાવેરાની ગોંડલ કોર્ટના ત્રણ નેગોશીયેબલના કેસમાં મુદત હોય જેથી કેદીને ગોંડલ કોર્ટમા મુદતે લઈ જવા હથીયારી ગાર્ડ સાથે રાજકોટ ગ્રામ્ય મવડી પોલીસ હેડ ક્વાર્ટરથી હથીયારી ગાર્ડ ફાળવેલ હતાં. જે મુદત પુરી થયા બાદ મુદતેથી પરત ફરતા સમયે રસ્તામા ભરુડી ટોલનાકા પાસે આવેલ રામાધણી હોટલ ખાતે જમવા રોકાયેલ તે વખતે કેદી પ્રદીપ ડવેરાને તેનો ભાઈ સંદીપ ત્યા મળેલ અને તે દરમ્યાન ત્યા હાજર નંબર પ્લેટ વગરની સ્વીફ્ટ કારમાં કેદી પ્રદીપ ડાવેરા બેસી જતા તે કારનો ચાલક સ્વીફ્ટ કારમાં કેદી પ્રદિપ ડાવેરાને ભગાડીને જતો રહેલ હતો.



**પ્રદીપ વિરુદ્ધ જીપીઆઈડી એક્ટ હેઠળ ચાર ગુના, ચેક રિટર્નના ૧૧૨ કેસ**

પ્રદીપ ડાવેરા વિરૂધ્ધ યુનિવર્સીટી પોલીસ મથક અને પ્ર. નગર, જામનગર બી. ડીવીઝનમાં જી.પી.આઇ.ડી. એક્ટ મુજબ છેતરપીંડી અંગેના કુલ-૦૪ ગુન્હાઓ નોંધાયેલ અને તેની પેઢીમા રોકાણ કરનાર રોકાણકારો દ્વારા મજકુર વિરૂધ્ધ જામનગર કોર્ટમાં નેગોશીયેબલના કેસ-૨૦, રાજકોટ કોર્ટમા નેગોશીયેબલના કેસ-૬૦, ગોંડલ કોર્ટમા નેગોશીયેબલના કેસ-૦૪, વાંકાનેર કોર્ટમાં નેગોશીયેબલના કેસ-૨૦, ઓખા કોર્ટમા નેગોશીયેબલના કેસ-૦૬, જુનાગઢ કોર્ટમા નેગોશીયેબલના કેસ-૦૨ મળી નેગોશીયેબલના કુલ-૧૧૨ કેસ દાખલ થયેલ છે.

જે અંગે ગોંડલ તાલુકા પોલીસ મથકના પીએસઆઈ આર.આર.સોલંકી સરકાર તરફે ફરીયાદ પરથી આરોપીઓ વિરૂધ્ધ ગોંડલ તાલુકા પોલીસ મથકમાં તા.૦૭/૦૨/૨૦૨૬ ના ગુનો દાખલ થયેલ હતો.

જે બાદ રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા ગુન્હાની ગંભીરતા તથા આરોપીનો ગુન્હાહીત ઈતિહાસ ધ્યાને લઈ નાગરીકો સાથે છેતરપીંડી કરનાર અને રોકાણકારોની કરોડોની મુડી ડુબાડી પોલીસ જાપ્તામાંથી ફરાર થઈ જનાર આરોપીને તુરંત પકડી પાડવા આપેલ સુચનાથી એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાની રાહબરીમાં પીએસઆઈ એચ.સી.ગોહિલ, કે.એમ. ચાવડા અને આર.વી.ભીમાણી તથા પેરોલ ફર્લો સ્કોડના પીએસઆઈ પી.એન.ભરવાડ અલગ અલગ ટીમ દ્વારા આરોપી જે દિશામાં નાશી ગયેલ તે દિશામા અસંખ્ય સી.સી.ટી.વી. ફુટેજ ચેક કરી તેમજ ટેકનિકલ અને હ્યુમન સોર્સીસની મદદથી આરોપીની તપાસમા હતા તે દરમ્યાન આરોપીને મહારાષ્ટ્રના પુના ખાતેથી શોધી પકડી પાડી આગળની કાર્યવાહી માટે ગોંડલ તાલુકા પોલીસને સોંપી આપેલ છે.

# એસ.કે. ચોક નજીક ઓનલાઇન આઈડી મારફતે સટ્ટો રમતો મહીપત પરમાર ઝડપાયો

### ગેસ રીપેરીંગનું કામ કરતો શખસ વર્લ્ડ કપની ન્યૂઝીલેન્ડ-શ્રીલંકાની મેચ પર દાવ લગાડી નસીબ અજમાવતો'તો

**અબતક, રાજકોટ**

ગાંધીગ્રામ મેઈન રોડ પર એસ.કે. ચોક પાસે મોબાઈલ આઈડી મારફત ટી-૨૦ વર્લ્ડ કપના મેચ પર ક્રિકેટ સટ્ટો રમી રહેલા શખસને પીસીબીની ટીમે ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસેથી મોબાઈલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પીસીબીના ઈન્ચાર્જ પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરી હેઠળ એએસઆઈ હરદેવસિંહ રાઠોડ, કોન્સ્ટેબલ દેવરાજભાઈ કળોતરા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન મળેલી બાતમીના આધારે શહેરના ગાંધીગ્રામ મેઈન રોડ પર એસ.કે. ચોક શ્રીરામ ડેરી ફાર્મ પાસે રોડ પર મોબાઈલમાં શંકાસ્પદ પ્રવૃત્તિ કરી રહેલા શખસની પૂછતાછ કરતા તેને પોતાનું નામ મહિપત મહેન્દ્રભાઈ પરમાર (ઉ.વ. ૪૦ રહે. ગાંધીગ્રામ, અક્ષરનગર મેઈન રોડ, લાખના બંગલા)ની સામે હોવાનું જણાવ્યું હતું.પોલીસે આ શખસના મોબાઈલ ફોનની તપાસ કરતા આ શખસ મોબાઈલમાં સીએનસીર૪૭ ડોટ કોમ નામની આઈડીમાં આઈસીસી વર્લ્ડકપની શ્રીલંકા-ન્યૂઝીલેન્ડની મેચ પર ક્રિકેટ સટ્ટો રમતો હોવાનું માલુમ પડ્યું હતું. જેથી પોલીસે આ શખસ પાસેથી રૂપિયા ૧૫૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન કબજે કરી જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. મોબાઈલ આઈડી મારફત ક્રિકેટ સટ્ટો રમી રહેલો આ શખસ ગેસ રીપેરીંગનું કામ કરતો હોવાનું જાણવા મળ્યું છે.

# ઈડર: આંતરરાષ્ટ્રીય કોલ સેન્ટરની તપાસ એસ.ઓ.જી.ને સોપાઈ

### એસ.પી. પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા સીટની રચના ૧૦ શખ્સો પાંચ દિવસના રિમાંડ પર: ૧૧ની શોધખોળ

**અબતક,સંજય દિક્ષિત, સાબરકાંઠા**

ઈડરના બરવાવ રોડ પર આવેલા એક બિલ્ડિંગમાં ભાડે ચાલતા બોગસ કોલ સેન્ટર પર બે દિવસ અગાઉ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડ્યો હતો આ દરોડામાં કોલ સેન્ટર સાથે સંકળાયેલા ૧૦ લોકોની અટકાયત કરવામાં આવી હતી.

એસ.એમ.સી ટીમે પૂછપરછ બાદ આશરે રૂ.૨૦.૩૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો મંગળવારે ૨૧ લોકો વિરુદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. સ્ટેટ મોનિટરિંગ સેલના ભરત પીઠાભાઈ ચાવડાએ નોંધાવેલી ફરિયાદ મુજબ આ કોલ સેન્ટર આશરે આઠ મહિનાથી કાર્યરત હતું આરોપીઓ અમેરિકામાં સામાન્ય નામો ધારણ કરીને લોકોને ફોન કરતા હતા તેઓ અમેરિકાના નાગરિક ન હોવા છતાં લોન આપવાની લાલચ આપીને લોકોને ફસાવતા હતા. લોન મેળવવા ઈચ્છુક લોકોને 'વેરિફિકેશન ફી', 'લોન પ્રોસેસિંગ' અને 'એગ્રીમેન્ટ' ના નામે ૫૦ થી ૨૦૦ ડોલર પડાવી લેવામાં આવતા હતા એસ.એમ.સી ને મળેલી ચોક્કસ બાતમી અને પુરાવાના આધારે ટીમે દરોડો પાડી ૧૫ કલાકની મહેનત બાદ ૨૧ લોકોના નિવેદન લીધા હતા. આધારભૂત માહિતી મુજબ ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે જ્યારે ૧૧ ફરાર છે તેમની વિરુદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છેએસ.એમ.સી દ્વારા ઝડપાયેલા આ કોલ સેન્ટરની તપાસ એસ.ઓ.જી (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) ને સોંપવામાં આવી છે જિલ્લા પોલીસ વડા ડો.પાર્થરાજસિંહ ગોહિલે આ મામલે તપાસ માટે એસ.આઈ.ટી (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) ની રચના કરી છે.

આ એસ.આઈ.ટી માં હિંમતનગર વિભાગીય કચેરીના ડી.વાય એસ.પી એ.કે.પટેલ,એસ.ઓ.જી પી.આઈ ડી.સી.પરમાર અને સાયબર પોલીસ સ્ટેશનના પી.આઈ બી.પી. ડોડિયાનો સમાવેશ થાય છે.

દરોડા દરમિયાન જપ્ત કરાયેલા મુદ્દામાલમાં રૂ.૩.૨૫ લાખના ૧૨ લેપટોપ,રૂ.૭.૪૫ લાખના ૪૦ મોબાઈલ ફોન, રૂ.૪૦,૫૯૦ રોકડ, રૂ.૧૦ લાખની એક કાર, રૂ.૧,૬૦૦ ના ૮ માઉસ, રૂ.૧૨૦૦૦ ના ૧૨ લેપટોપ ચાર્જર, રૂ.૧૦૦૦ ના ૧૦ મોબાઈલ ચાર્જર અને રૂ.૪૦૦૦ ના ૮ હેડફોનનો સમાવેશ થાય છે.

# રાજકોટવાસીઓની સમયનિષ્ઠા અને પરિશ્રમ ખુબજ પ્રશંસાને પાત્રઃ સુનિલ સાગરજી ગુરુદેવ

## અષ્ટાનિકા મહાપર્વે સિદ્ધચક્ર મહામંડલ વિધાનનો દ્વિતીય દિવસ ધામધૂમથી સંપન્ન

**અબતક, રાજકોટ**

રાજકોટમાં અષ્ટાનિકા મહાપર્વના પાવન અવસર પર આયોજિત સિદ્ધચક્ર મહામંડલ વિધાનનો દ્વિતીય દિવસ અત્યંત શ્રદ્ધા, ઉત્સાહ અને ભવ્યતા સાથે સંપન્ન થયોમ કાર્યક્રમમાં શ્રદ્ધાળુઓની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી અને સમગ્ર વાતાવરણમાં ભક્તિમય આનંદ છવાઈ ગયોમ





આ અવસરે પરમ પૂજ્ય આચાર્ય શ્રી ૧૦૮ સુનીલ સાગરજી ગુરુદેવને વિધિવત શાસ્ત્ર ભેટ અર્પણ કરવામાં આવ્યું તથા ભક્તો દ્વારા ગુરુચરણોનું પાદપ્રક્ષાલન કરીને પોતાની શ્રદ્ધા વ્યક્ત કરવામાં આવી હતી.

તેમના મંગલ પ્રવચનમાં આચાર્યએ રાજકોટવાસીઓની સમયનિષ્ઠા અને પરિશ્રમની વિશેષ પ્રશંસા કરતાં જણાવ્યું કે અહીંના લોકો સમયનો સદુપયોગ કરવાનું જાણે છે.તેમણે કહ્યું કે સમય સતત ગતિમાન છે, પરંતુ જે વ્યક્તિ સમયસર જાગૃત બને છે, તેનું ભાગ્ય પણ જાગી ઊઠે છેમ અષ્ટાનિકા મહાપર્વ જેવા મહામંગલ કાર્ય આવી જ જાગૃતિ અને પુરુષાર્થનું પરિણામ છેમ

દ્વિતીય દિવસની પૂજામાં પંચ પરમેષ્ઠીની મહિમાનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યુંમ આચાર્યશ્રીએ જણાવ્યું કે પરમાત્માના પંચ સ્વરૂપ છે-અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુમ મુનિરાજ ચાલતા-ફરતા સિદ્ધ સમાન છે, કારણ કે તેઓ સતત આત્મસ્વરૂપનો અનુભવ કરતા કર્મ અને નોકર્મથી ભિન્ન ચૈતન્ય આત્માનો સાક્ષાત્કાર કરે છેમ સિદ્ધ ભગવાન સંપૂર્ણ રીતે કર્મબંધનથી મુક્ત થઈ ચૂક્યા છે, જ્યારે મુનિરાજ દેહધારી હોવા છતાં દેહમાં આત્મબુદ્ધિ ધરાવતા નથીમ તેમનો ભાવ એવો હોય છે-હું આ દેહ નથી, હું ચૈતન્ય સ્વરૂપ આત્મા છુંમ

આ સંદર્ભમાં આચાર્ય કુન્દકુન્દ સ્વામી દ્વારા રચિત 'પંચ મહાગુરુ ભક્તિ'નો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો, જેમાં પંચ પરમેષ્ઠીની અદ્વિતીય સ્તુતિ કરવામાં આવી છેમ

કાર્યક્રમમાં સંઘસ્થ આર્યિકા શ્રી સંપુર્ણમતિ માતાજીએ પણ પોતાના પ્રેરણાદાયી પ્રવચનમાં શ્રદ્ધાળુઓના ઉત્સાહની પ્રશંસા કરીમ તેમણે જણાવ્યું કે જયારે અષ્ટાનિકા મહાપર્વે વિશાળ સંઘ રાજકોટ પધારશે એવી માહિતી પ્રસરી, ત્યારથી જ નગરવાસીઓના ચહેરા પર અદભુત આનંદ ઝળહળી રહ્યો છેમ તેમણે કહ્યું કે અષ્ટાનિકા પર્વ પર્વોમાં મહાપર્વ છે, જેની મહિમા માત્ર જૈન સમાજમાં જ નહીં પરંતુ અન્ય સમાજોમાં પણ પ્રસિદ્ધ છેમ

માતાજીએ જણાવ્યું કે સિદ્ધોની આરાધનાનો આ પાવન અવસર રાજકોટ માટે સૌભાગ્યની વાત છેમ પ્રભુના નામનું સ્મરણ માત્ર કરવાથી જ જીવ ભવસાગર પાર કરી શકે છેમ

અષ્ટાનિકા મહાપર્વ અંતર્ગત આગામી દિવસોમાં પણ વિવિધ ધાર્મિક અનુષ્ઠાન, પૂજન અને પ્રવચનોનું આયોજન કરવામાં આવશે, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાશે તેવી સંભાવના છે.

# લાખાબાવળ સ્ટેશન પર ફુટઓવરબ્રીજની કામગીરી સંદર્ભે બે જોડી ટ્રેન રોકાય

**અબતક, રાજકોટ**

રાજકોટ ડિવિઝનના લાખાબાવળ રેલવે સ્ટેશન પર નવા ફૂટ ઓવર બ્રિજના નિર્માણ કાર્યને કારણે બે જોડી ટ્રેનોના સ્ટોપેજ હંગામી ધોરણે રદ કરવામાં આવ્યા છે. લાખાબાવળ સ્ટેશન પર આ વ્યવસ્થા હવે ૨૬ ફેબ્રુઆરીથી ૫ માર્ચ, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. સ્ટોપેજ રદ થવા અંગેની માહિતીઃ લાખાબાવળ સ્ટેશન પર ટ્રેન નંબર ૧૯૨૦૯/૧૯૨૧૦ ભાવનગર-ઓખા-ભાવનગર એકસપ્રેસ અને ટ્રેન નંબર ૫૯૫૫૨/૫૯૫૫૧ ઓખા-રાજકોટ-ઓખા લોકલ ટ્રેનોનું સ્ટોપેજ ૨૬ ફેબ્રુઆરીથી ૫ માર્ચ, ૨૦૨૬ સુધી રદ રહેશે.

રેલ મુસાફરોને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ માહિતી માટે www.enquiry.indianrail.gov.in પર અવલોકન કરે, જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

# સમસ્ત હિન્દુ સેવા ગ્રુપ દ્વારા સિંદુર સમુહ લગ્નોત્સવ સાથે યોજાશે નારી સન્માન સમારોહ

## સમુહ લગ્નમાં દિકરીઓને ૧૦૧ વસ્તુના કરીયાવર સાથે સાસરે વળાવાશે

**અબતક, રાજકોટ**

સમસ્ત હિન્દુ સેવા ગ્રુપ દ્વારા ૮-૩ના રાજે ઠેબચડા ચોકડી, માલીયાસણ ગોંડલ બાયપાસ રીંગરોડ ખાતે વિશ્વ મહિલા દિન નિમિતે સિંદુર સમુહ લગ્નોત્સવ અને નારી સન્માન સમારોહ યોજાશે. દાતાઓના સહયોગથી દિકરીઓને કરીયાવરમાં ૧૦૧ વસ્તુઓ આપવામાં આવશે.

આ સમુહ લગ્નમાં જોડાવા માટે ૧ માર્ચ સુધી ફોર્મ વહેલા તે પહેલાના ધોરણે આપવા જણાવ્યું આ આયોજનમા તન મન ધનથી સહકાર આપવા માટે સમસ્ત હિન્દુ સેવા ગ્રુપના અધ્યક્ષ જયેશભાઈ સોમાણી ૮૪૮૮૮ ૯૦૨૪૮ અને રમેશભાઈ વસવેલીયા મો. ૯૨૬૫૫ ૧૯૨૧૪ તથા હરેશભાઈ ઝાલા મો. ૮૮૪૯૯ ૨૪૨૪૨ સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# બોર્ડના પરીક્ષાર્થીઓને જવલંત સફળતાથી શુભેચ્છા પાઠવતા શહેર ભાજપ પ્રમુખ માધવ દવે

**અબતક, રાજકોટ**

શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મહામંત્રી વલ્લભ દુધાત્રા, લલીત વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજાએ પરીક્ષા આપી રહેલ વિદ્યાર્થીઓને શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે લાખો વિદ્યાર્થીઓવિદ્યાર્થીનીઓ બોર્ડની પરીક્ષા આપી રહયા હોય ધો.૧૦અને ધો.૧૨ની પરીક્ષા કે જે વિદ્યાર્થીઓની કારકીર્દી માટે માઈલસ્ટોન ગણાય છે તેના માટે માટે વિદ્યાર્થીઓ આખુ વર્ષ મહેનત કરતા હોય છે ત્યારે વિદ્યાર્થીઓને વધુ માર્ગદર્શન આપતા તેઓએ જણાવ્યું હતું કે કોઈપણ પરીક્ષામાં જવલંત સફળતા મેળવવા માટે વાંચવાની ગુણવતા કેળવો એટલે સફળતા મળેજ

# પુજીત રૂપાણી ટ્રસ્ટ દ્વારા શનિવારે યોજાશે નિઃશુલ્ક કેન્સર નિદાન કેમ્પ

## સમયસરના નિદાન સારવાર થકી કેન્સરના દર્દીનું જીવન બચાવી શકાયું

**અબતક, રાજકોટ**

શહેરના જરૂરીયાત મંદ નાગરિકોના આરોગ્ય, શિક્ષણ તેમજ સામાજીક વિકાસ ક્ષેત્રે છેલ્લા ૨૪ વર્ષથી કાર્યરત પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ, રોટરી કલબ ઓફ રાજકોટ મીડ ટાઉન તથા અમદાવાદ સ્થિત ગુજરાતની નામાંકિત આસ્થા ઓન્કોલોજી એશોશિયેટસ હેલ્થ કેર ગ્લોબલ નાં સંયુકત ઉપક્રમે છેલ્લા એક દસકાથી સમગ્ર વિશ્વને ભરડામાં લઈ લેનાર રોગ કેન્સરને ના થવા દર મહિનાના બીજા તથા ચોથા શનિવારે ટ્રસ્ટના ભવન ખાતે'' કેન્સર અવેરનેસ તથા નિદાન પ્રોગ્રામ'' હાથ ધરાયો છે. શ્રી પુજીત રૂપાણી ટ્રસ્ટના ઉપક્રમે આ નિદાનની સેવાનો રાજકોટ ઉપરાંત સમગ્ર સૌરાષ્ટ્ર તથા કચ્છના પેશન્ટ પણ અગાઉથી રજીસ્ટ્રેશન કરાવી લાભ લઈ શકશે. પરિણામે તેમનો અમદાવાદ જવા આવવાનો ખર્ચ તથા સમય બચી જશે.

જે અંતર્ગત તા.૨૮/ ૨/ ૨૦૨૬, શનિવારના રોજ કેન્સર નિષ્ણાંત ડો.હર્ષવર્ધન શુકલા શ્રી પુજીત રૂપાણીમેમો. ટ્રસ્ટ''કિલ્લોલ'', ૧-મયુરનગર, રાજકોટ મહાનગરપાલિકા પૂર્વ ઝોન કચેરી સામે, ભાવનગર રોડ, રાજકોટ (ફોનનં.૨૭૦૪૫૪૫) ખાતે નિઃશુલ્ક કેન્સર નિદાન કરી અપાશે. જેનો સમય સવારે ૯ થી ૧૦ વાગ્યા સુધીનો રહેશે. રજિસ્ટ્રેશન રૂબરૂ અથવા ફોનથી પણ કરાવી શકાશે.

આ કેમ્પમાં ગુજરાતના સુપ્રતિષ્ઠિત તબીબ ડો. હર્ષવર્ધન શુક્લા સેવાઓ આપશે. જે અંતર્ગત મોં, ગળું, જડબાંના કેન્સરનું નિદાન કરી અપાશે. જેનો વિનામૂલ્યે લાભ લેવા ટ્રસ્ટી અંજલિબેન રૂપાણીએ અનુરોધ કર્યો છે.

ટ્રસ્ટના મેડિકલ સેન્ટરમાં ટ્રસ્ટીઓ અંજલિબેન રૂપાણી, પ્રવિણભાઈ રૂપાણી, રંજનબેનરૂપાણી, મહેશભાઈ ભટ્ટ, મેહુલભાઈ રૂપાણી, રાજેશભાઈ રૂપાણી તથા અમીનેશભાઈ રૂપાણી સહિતનાઓના માર્ગદર્શન હેઠળ ચાલતા આ પ્રોજેકટમાં સેવાઓ આપવા માટે ટ્રસ્ટની મેડીકલ કમિટીના મેમ્બર્સ ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, ડો.નયનભાઈ શાહ, દિવ્યેશભાઈ પટેલ, બિપીનભાઈ વસા, શૈલેષભાઈ લોટીયા, હરીશભાઈ શાહ, કેતનભાઈ મેસવાણી કાર્યરત છે.

વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી શ્રી ભાવેનભાઈભટ્ટ નો શ્રી પુજીતરૂપાણીમેમોરીયલ ટ્રસ્ટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫ દ્વારા સંપર્ક સાધવા એક યાદીમાંજણાવાયું છે.

(પહેલા પાનાનું ચાલું)

### દુશ્મનની મિસાઈલ...

કરે છે. નિષ્ણાતો તેને વાસ્તવિક યુદ્ધભૂમિની પરિસ્થિતિઓ માટે રચાયેલ પ્રથમ ઓપરેશનલ લેસર-આધારિત હવાઈ સંરક્ષણ પ્રણાલીઓમાંની એક કહે છે.

આયર્ન બીમની વિશેષતા એ છે કે તે પ્રકાશની ગતિએ મુસાફરી કરતા ઉચ્ચ-ઊર્જાવાળા લેસર બીમને ફાયર કરવાની ક્ષમતા ધરાવે છે, જેનાથી તે શોધ થયા પછી તરત જ રોકેટ, ડ્રોન, મોર્ટાર અને ટૂંકા અંતરના પ્રોજેક્ટાઇલ્સને અટકાવી શકે છે. જ્યારે મિસાઈલ ઈન્ટરસેપ્ટર્સને લોન્ચ સમય અને ફ્લાઈટ સમયની જરૂર પડે છે, ત્યારે લેસર લોકિંગ શરૂ થતાં જ પ્રહાર કરે છે. આ પ્રતિભાવ સમયને ઘટાડે છે અને ઈન્ટરસેપ્શન કાર્યક્ષમતામાં વધારો કરે છે.

આયર્ન ડોમ સહિત પરંપરાગત મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ સૌથી મોટી ખામીઓમાંની એક કિંમત છે. દરેક ઈન્ટરસેપ્ટર મિસાઈલ હજારો ડોલર કે તેથી વધુ ખર્ચ કરી શકે છે. આયર્ન બીમ આ સમીકરણને સંપૂર્ણપણે બદલી નાખે છે. એક લેસર શોટ માટે વીજળીનો ખર્ચ ફક્ત થોડા ડોલર થાય છે. એવી પરિસ્થિતિઓમાં જ્યાં સેંકડો રોકેટ અથવા ડ્રોન એકસાથે લોન્ચ કરવામાં આવે છે, ત્યાં ખર્ચનો ફાયદો બની જાય છે.

મિસાઈલ-આધારિત સિસ્ટમો ભૌતિક ભંડાર પર ખૂબ આધાર રાખે છે. એકવાર ઈન્ટરસેપ્ટર ખાલી થઈ જાય, પછી સિસ્ટમને ફરીથી સપ્લાય કરવી પડે છે. જોકે, આયર્ન બીમ મુખ્યત્વે વીજળી પર આધાર રાખે છે. જ્યાં સુધી પૂરતા પાવર સ્રોતો હોય ત્યાં સુધી સિસ્ટમ ફાયરિંગ ચાલુ રાખી શકે છે. મિસાઈલોને ફરીથી લોડ કરવાની જરૂર નથી.

### પીએમ મોદી...

વ્યક્ત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ઈઝરાયલની જેમ ભારત પણ આતંકવાદ સામે ઝીરો ટોલેરન્સની નીતિ ધરાવે છે અને આતંકવાદીના મુદ્દે કોઈ બેવડા ધોરણો ધરાવતું નથી.

### ફ્યુઅલ ચાર્જ...

ઉલ્લેખનીય છે કે, એઆઈ સિસ્ટમ સામાન્ય ઈન્ટરનેટ સેવાઓ કરતા અનેક ગણી વધુ વીજળી વાપરે છે. અમેરિકાના ઊર્જા વિભાગના અંદાજ મુજબ હાલ ડેટા સેન્ટર દેશની ૪% વીજળી વાપરે છે, જે વર્ષ ૨૦૨૮ સુધીમાં વધીને ૧૨ ટકા સુધી પહોંચી શકે છે. આ વિકટ પરિસ્થિતિમાં સરકારની આ કડક નીતિ સામાન્ય લોકોને મોટી આર્થિક રાહત આપશે.

### વેકિસન...

મહિલાઓ જીવ ગુમાવે છે. કેન્સર થયા પછીની મોંઘી અને પીડાકારક સારવાર કરતા, નાની ઉંમરે રસી આપીને તેને થતું અટકાવવું એ જ શ્રેષ્ઠ ઉપાય છે.

સરકારે સ્પષ્ટતા કરી છે કે આ રસીકરણ ઝુંબેશ પ્રાથમિક અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા હોસ્પિટલો અને સરકારી મેડિકલ કોલેજોમાં ચલાવવામાં આવશે. રસીકરણ સમયે તાલીમબદ્ધ મેડિકલ સ્ટાફ હાજર રહેશે જેથી કોઈ પણ આડઅસરની સ્થિતિમાં તાત્કાલિક સારવાર મળી શકે.

(૧૧માં પાનાનું ચાલુ)

### સાંઢીયા પુલ

અને પ્રેસીંગ વગરેની કામગીરી કરવામાં આવશે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય શહેરમાં ટ્રાફિકનું સુવ્યવસ્થિત અને સરળ સંચાલન, જામનગર રોડ પર ટ્રાફિક જામીની સમસ્યાનો કાયમી ઉકેલ, રેલ્વે ક્રોસિંગ પર થતા વિલંબને દૂર કરવો અને ભવિષ્યના વાહનવ્યવહારના વધતા દબાણને દયાનમાં રાખી મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવશે.

રેલ્વે સાઈડ વર્કમાં બે ફાઉન્ડેશન અને પીયર અને સ્ટીલ ગર્ડર વર્ક પૂર્ણ રેલ્વે વિભાગ સાથે સંકલન કરીને તમામ સલામતી ધોરણોનું પાલન કરવામાં આવ્યું છે.બ્રિજની બંને બાજુ વાહન વ્યવહાર સુગમ બને તે માટે, ૭.૫૦ મીટર પહોળાઈના સર્વિસ રોડ અને સુવિધાસભર ફૂટપાથ વ્યવસ્થા છે.આથી સ્થાનિક વાહનચાલકો અને પગપાળા ચાલતા નાગરિકોને વધુ સલામત અને આરામદાયક મુસાફરી સુવિધા પ્રાપ્ત થશે.

હાલ સર્વિસ રોડની કામગીરી પ્રગતિમાં છે. જયારે સેન્ટ્રલ સ્પાન-૨ ની કામગીરી ચાલુ છે અને આર.સી.સી. વોલની ૩૦ મીટરની બાકી કામગીરી પ્રગતિ હેઠળ છે.હાલ સાંઢિયા પુલ ખાતે ૯૦% કામગીરી પૂર્ણ કરવામાં આવી છે, અન્ય બાકી રહેલ કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવશે. પિયર, ગર્ડર અને સ્લેબ વર્ક મોટા ભાગે પૂર્ણ થયું છે. રેલ્વે ઉપર સ્ટીલ ગર્ડર સ્થાપન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ છે. ફિનિશિંગ અને એપ્રોચ રોડ કાર્ય પ્રગતિ હેઠળ છે.

આ પ્રોજેક્ટ રાજકોટ શહેરના ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસમાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે. ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો, સમયની બચત અને ઈંધણની બચત સાથે આ બ્રિજ શહેરના સર્વાંગી વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપશે. રાજકોટ મહાનગરપાલિકા શહેરના નાગરિકોને સુદ્રઢ, સુરક્ષિત અને આધુનિક સુવિધાઓ પૂરી પાડવા કટિબદ્ધ છે.

### એમ્બ્યુલન્સ અર્પણ

ઉકાણી, જયંતીભાઈ ભાલોડીયા, ભુપતભાઈ જીવાણી, કાંતિભાઈ કનેરીયા તથા રાજેશભાઈ ત્રાંબડીયા તથા બ્લડ ડોનેશન ટીમ પ્રફુલભાઈ દેત્રોજા, અશ્વિનભાઈ બરોચીયા, નિલેશ હિન્સુ, નિરજ મણવર, મિતલ ચનિયારા, પીનલ ટીલવા, દિપકભાઈ ભુત, ભરતભાઈ દેત્રોજા, ડેડકીયા મયુર, ડેડકીયા પ્રશાંત, ડેડકીયા ચિરાગ, મેંદપરા ઘનશ્યામ, અર્જુન બરોચીયા, ડેનીશ રોકડ, પ્રશાંત સોળીયા, અનિલભાઈ કનેરીયા તથા સંસ્થાના સભ્યોએ આભાર વ્યક્ત કરેલ છે. બ્લડ ડોનેશન કેમ્પ માટે મો. ૭૮૮૮૫ ૧૨૧૫૧ પર સંપક'' કરવો.

### સાંઈરામ દવે

દાતાઓએ સહયોગ આપવા માટે યુનાઈટેડ કેર હોસ્પિટલ પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ થી આગળ તુલસી માર્કેટની બાજુમાં રૈયા રોડ રાજકોટ નો ૮૦૯૦૦૮૦૦ ૭૧ નો સંપર્ક કરવા ની સાથે સાથે આ ફસાયરા સાથે મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે તેમાં ૫૦૦ થી વધુ યુનિટ કરવાનું લક્ષ્ય રાખ્યું છે આ કાર્યક્રમ માં હાસ્ય રસીકોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યું છે.

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે ગૌરવ અને ગર્વની પળ છે. સમગ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પરિવાર તથા શારીરિક શિક્ષણ વિભાગ તરફથી ચેમ્પિયન ટીમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### પરીક્ષાનો પ્રારંભ...

૮૦૦૦૦થી વધુ વિદ્યાર્થીઓની કસોટી શાંતિપૂર્ણ માહોલમાં શરૂ થઈ છે.

પરીક્ષાર્થી ગેરરીતિમુકત વાતાવરણમાં નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તે માટેની પણ વ્યવસ્થા દરેક પરીક્ષા કેન્દ્ર પર કરવામાં આવી છે. પરીક્ષા કેન્દ્રની તમામ બિલ્ડિંગ સીસીટીવીથી સજ્જ કરવામાં આવ્યા છે. તેમજ તમામ પરીક્ષા સેન્ટર પર આરોગ્ય વિભાગની ટીમ પણ હાજર છે. દિવ્યાંગ વિદ્યાર્થીઓને આ વર્ષે એક કલાકનો સમય વધારે આપવામાં આવ્યો છે.

ધો.૧૦ના ૯.૦૭ લાખ અને ધો.૧૨ સાયન્સના ૧.૧૯ લાખ, ધો.૧૨ સામાન્ય પ્રવાહના ૫.૦૧ લાખ વિદ્યાર્થીઓની પરીક્ષા આપશે, ધોરણ ૧૦માં પહેલુ પેપર ભાષાનું છે. ધો.૧૨ સાયન્સમાં ફિઝિક્સનું પેપર છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્રનું પેપર છે. ૧૭૦૧ સેન્ટર પર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ટ્રાફિકમાં ફસાયેલા વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઈન પણ જાહેર કરવામાં આવી છે. ૧૦મા ધોરણની પરીક્ષાઓ ૧૬ માર્ચ સુધી અને ૧૨મા ધોરણની પરીક્ષાઓ ૧૮ માર્ચ સુધી ચાલશે.વિદ્યાર્થીઓ માટે બોર્ડ દ્વારા ખાસ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, કોઈપણ શંકાસ્પદ ઈમેલ કે ધમકી મળે તો તુરંત પોલીસનો સંપર્ક કરવા અને અજાણ્યા વ્યક્તિઓને શાળામાં પ્રવેશ ન આપવા કડક સૂચના આપવામાં આવી છે.

### શૈક્ષણિક કેલેન્ડર...

દિવસો, જાહેર રજાઓની વિગતો તેમજ બોર્ડની જાહેર પરીક્ષાની વિગતો જાહેર કરાય હતી. જાહેર રજાઓની તારીખમાં સરકાર દ્વારા કોઈ ફેરફાર કરવામાં આવ્યો છે જે મુજબ ફેરફાર કરવા

અગાઉ જાહેર થયેલી રજા અનુસાર ધુળેટીની રજા ૩ માર્ચે, ચેટી ચાંદ રમઝાદ ઈદની રજા, ૨૦મી માર્ચે અને રામ નવમીની રજા ૨૭મી માર્ચના રોજ જાહેર કરવામાં આવી હતી. દરમિયાન રજામાં કરાયેલા ફેરફાર અનુસાર હવે ધુળેટીની જાહેર રજા ૪ માર્ચના રોજ, ચેટીચાંદની રજા ૧૯મી માર્ચના રોજ, રમઝાદ ઈદની જાહેર રજા ૨૧મી માર્ચના રોજ અને રામ નવમીની ૨૬મી માર્ચના રોજ જાહેર કરાય છે.

### ડ્રગ્સ મુક્તિ...

પાસાઓને ધ્યાનમાં રાખીને ઈન્વેસ્ટિગેશન કરી ડ્રગ નેટવર્કના મુળ સુધી પહોંચી ગુનેગારો સામે કડક પગલાં લીધા છે.

સંઘવીએ ઉમેર્યું હતું કે, ડ્રગ્સના દુષણ સામે લડવા માટે સરકારે માત્ર કાયદાકીય કાર્યવાહી જ નહીં, પણ માનવીય અભિગમ પણ અપનાવ્યો છે. ડ્રગ્સની આદતનો ભોગ બનેલા યુવાનોને જેલમાં મોકલવાને બદલે, સુરત અને અમદાવાદ જેવા શહેરોમાં પોલીસ કમિશનરના અધ્યક્ષ સ્થાને તેમના પરિવાર સાથે મળીને કાઉન્સેલિંગ દ્વારા તેમને ફરી મુખ્ય પ્રવાહમાં લાવવાના પ્રયાસો કરવામાં આવે છે. અસરગ્રસ્તોને સ્થાનિક સ્તરે જ મદદ મળી રહે તે માટે આ વર્ષના બજેટમાં દરેક જિલ્લામાં ડ્રગ્સ મુક્તિ માટે નવા સેન્ટર ખોલવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ બાબતે વિગતે માહિતી આપતા મંત્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં સમગ્ર રાજ્યમાં ૧,૬૪૭ ગુનાઓ નોંધાયા છે, જેમાં આશરે ૪૧,૦૦૦ કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે, જેની બજાર કિંમત આશરે રૂ.૩,૭૨૭ કરોડ થાય છે. છેલ્લા બે વર્ષમાં જામનગર અને કચ્છ જિલ્લામાં ૧૩૫ ગુનાઓ હેઠળ ૩૦૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને રૂ.૨૪૪.૫૯ કરોડથી વધુની કિંમતનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે.

દરિયાઈ માર્ગે થતી ડ્રગ્સની હેરાફેરી અટકાવવા માટે એટીએસ અને અન્ય એજન્સીઓ સતત સતર્ક છે. 'ડ્રગ્સને ઉગામો અને પકડનારને પ્રોત્સાહન'ના સૂત્ર સાથે ગુજરાત સરકાર યુવા પેઢીને બચાવવા કટિબદ્ધ છે. ડ્રગ્સ નેટવર્કને તોડવા માટે રાજ્યમાં ૬ ઝોનમાં એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સનું માળખું કાર્યરત કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં ડ્રગ્સ સંબંધિત ક્રાઈમ રેટ માત્ર ૦.૮ છે, જે સમગ્ર દેશમાં સૌથી ઓછો છે. ડ્રગ્સના વેપાર દ્વારા ઊભી કરવામાં આવેલી ગેરકાયદે મિલકતો પર પણ રાજ્ય સરકારે કચ્છ જિલ્લામાં રૂ.૩૨.૨૦ કરોડની મિલકતો જપ્ત કરી છે અને ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવ્યું છે. જામનગરમાં ગૌચર અને સરકારી જમીન પર ડ્રગ્સ માફિયાઓએ ઉભા કરેલા ગેરકાયદે મકાનોને જમીનદોસ્ત કરવામાં આવ્યા છે ઉમેર્યું હતું.

મંત્રીએ કહ્યું કે, દરિયાઈ માર્ગ હોય કે અન્ય માધ્યમ, ગુજરાત પોલીસ અને એટીએસની બાજ નજરને કારણે ડ્રગ્સના સોદાગરો માટે હવે ગુજરાતમાં કોઈ સ્થાન નજામનગરમાં ગૌચર અને સરકારી જમીન પર ડ્રગ્સ માફિયાઓએ ઉભા કરેલા ગેરકાયદે મકાનોને જમીનદોસ્ત કરવામાં આવ્યા છે. સરકારના આ સઘન પ્રયાસોને પરિણામે રાજ્યમાં ડ્રગ્સના દૂષણને જડમૂળથી ઉખેડી નાખવા માટે લોકભાગીદારી પણ વધી રહી છે.

### મોરબીના સિરામિક ઉદ્યોગો...

નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) દ્વારા આકરા પગલાં લેવાયા હતા. સિરામિક એકમોને સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે જો તેઓ પાઈપ્ડ નેચરલ ગેસ (પીએનજી) નો સ્વીકાર કરશે તો જ તેમને ઉદ્યોગ ચલાવવાની મંજૂરી મળશે. તેમ છતાં અનેક એકમોએ નિયમોનો ભંગ કરી કોલ ગેસિફાયરનો ઉપયોગ ચાલુ રાખ્યો હતો.

વર્ષ ૨૦૨૪ માં એક ખાસ કમિટી દ્વારા પર્યાવરણને થયેલા નુકસાનનો અંતિમ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો, જેમાં કુલ નુકસાનીનો અંદાજ રૂ. ૧૨૨.૦૫ કરોડ આંકવામાં આવ્યો હતો. આ રિપોર્ટના આધારે, મે ૨૦૨૫ માં જીપીસીબી દ્વારા કુલ ૬૦૬ જેટલા સિરામિક એકમોને દંડ ભરવા માટે નોટિસ ફટકારવામાં આવી હતી. આ દંડની રકમ તમામ દોષિત ઉદ્યોગો વચ્ચે સમાન ધોરણે વહેંચવાનો પ્રસ્તાવ મુકાયો હતો.

જીપીસીબીના આ આદેશ સામે ૬૦૬ માંથી ૩૩૭ સિરામિક એકમોએ એનજીટીમાં અપીલ કરી હતી. ઉદ્યોગકારોએ વિવિધ કારણો રજૂ કરીને દંડને પડકાર્યો હતો. તેમની મુખ્ય દલીલ એ હતી કે જીપીસીબી દ્વારા કોઈપણ પ્રકારની કારણદર્શક નોટિસ (શો-કોઝ નોટિસ) પાઠવવામાં આવી ન હતી અને તેમને સાંભળવાની તક આપ્યા વિના જ સીધો દંડ ફટકારી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત, કોલ ગેસિફાયરનો કબજો મેળવ્યાના દિવસથી જ પેનલ્ટીની ગણતરી કરવાના નિયમને પણ તેઓએ ગેરકાયદેસર ગણાવ્યો હતો.

આ તમામ દલીલો સાંભળ્યા બાદ એનજીટી પુણે બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે તમામ દોષિત ઉદ્યોગો માટે ઈડીસીની કુલ રકમની ગણતરી યોગ્ય રીતે કરવામાં આવી છે. ટ્રિબ્યુનલે નોંધ્યું હતું કે ઉદ્યોગોને નાના, મધ્યમ અને મોટા એમ ત્રણ ભાગમાં વહેંચીને તેમની સાઈઝના આધારે દંડની વહેંચણી કરવાનો નિર્ણય બિલકુલ વ્યાજબી છે. આટલા મોટા પાયે થયેલા નુકસાનના મામલામાં દંડ વસૂલવા માટે આનાથી સારો બીજો કોઈ વિકલ્પ હોઈ શકે નહીં, તેમ જણાવીને એનજીટી એ ઉદ્યોગોની તમામ અપીલો ફગાવી દીધી હતી.

### પોલીસ ભરતી...

અને ૧૨૯ હથિયારી પીએસઆઈ માટે સીધી ભરતીની પ્રક્રિયા હાલ કાર્યરત છે, જે પૂર્ણ થતા વડોદરા શહેરની ઘટ પૂરી કરવામાં આવશે.

છેલ્લાં બે વર્ષમાં વડોદરા શહેરમાં ૩૮૯ હેડ કોન્સ્ટેબલને એએસઆઈ તરીકે બઢતી આપવામાં આવી છે. જ્યારે ૪૩૪ પોલીસ બિનહથિયારી કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી અપાઈ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

### ''ગાય''ને રાજ્યમાતા...

સરકારની રહેમનજર હેઠળ ધમધમી રહ્યું છે. રોજબરોજ ગૌ-માંસના જથ્થા પકડાય છે, ત્યારે એ સાબિત થાય છે કે સરકારી દાવાઓ માત્ર પોકળ છે અને ગાયોના રક્ષણ માટે કોઈ નક્કર કાયદો અમલવારીમાં આવતો નથી.

### રાજકોટના પેલેસ રોડ...

બંને મૃતદેહને પોસ્ટમોટમ અર્થે ખસેડી તપાસ શરૂ કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર ગત રાત્રીના આશરે ૧૧૩૦ વાગ્યા આસપાસ પેલેસ રોડ નજીક આવેલ વર્ધમાનનગરમાં મનમંદિર એપાર્ટમેન્ટ ફ્લેટ નંબર સી-૪૦૨ માં આગ ભભૂકી ઉઠી હતી. ત્યારે પાર્કિંગમાં હાજર સિક્યુરિટી ગાર્ડ વિક્રમભાઈને કાચ ફૂટવાનો અવાજ સંભળાતા તેઓ ચોથા મળે દોડી ગયા હતા. જ્યાં ફ્લેટ નં. સી-૪૦૨ માં આગ લાગ્યાનું ધ્યાને આવતા તેમણે તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરતા કનક રોડ ફાયર સ્ટેશન અને બેડીપરા ફાયર સ્ટેશન ખાતેથી બે ફાયર ફાઈટર ઘટના સ્થળે દોડી ગયા હતા અને દોઢ કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. જે બાદ ફ્લેટમાંથી એક વૃદ્ધા અને એક વૃદ્ધનું મૃતદેહ મળતા બંનેને સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. આગની ઘટનામાં મોતને ભેટેલા મૃતકોની ઓળખ પ્રભાબેન ભગવાનજીભાઈ પુજારા (ઉવ ૯૨) અને નરેન્દ્રભાઈ ભગવાનજીભાઈ પુજારા (ઉવ ૬૧) તરીકે થઈ હતી.


બનાવને પગલે મૃતકોના પરિજનો દોડી આવ્યા હતા. મૃતકોની મળતી માહિતી મુજબ પ્રભાબેનને પાંચ સંતાનો છે. જેમાં નરેન્દ્રભાઈ ચાર ભાઈ પૈકી ત્રીજા પુત્ર હતા. જયારે નરેન્દ્રભાઈને એક પુત્ર નીલ અને પુત્રી કોમલ છે. પુત્રીના લગ્ન થઈ ગયા હોય તેણી સાસરે રહે છે. બનાવ ટાણે નરેન્દ્રભાઈના પત્ની શિલ્પાબેન અને પુત્ર નીલ બહાર ગયા હોય તે બંનેનો આબાદ બચાવ થયો હતો. મૃતક નરેન્દ્રભાઈ સોની બજાર ખાતે કોમલ હેન્ડીક્રાફટ નામે દુકાન ધરાવી વેપાર કરતા હતા.

પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર ફ્લેટમાં આગ લાગતા માતા-પુત્રનું ગુગળામણથી મોત થયું હતું. જો કે, સચોટ કારણ જાણવા મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા.

## દુઃખદ અવસાન

### સદ્દ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

### જાણીતા એડવોકેટ કે.સી. વ્યાસનું નિધન



ઔદીચ્ય ગઢિયા બ્રહ્મસમાજના અગ્રણી કૌશિકભાઈ ચંદ્રકાન્તભાઈ વ્યાસ (એડવોકેટ ) તે સ્વ. ચંદ્રકાન્તભાઈ ચંપકલાલ વ્યાસ (એડવોકેટ ), શોભાબેન વ્યાસના પુત્ર અને તેજલબેન વ્યાસના પતિ, પ્રણવ વ્યાસ (એડવોકેટ ) ના પિતા, નયનાબેન રજનીકાંત પંડ્યા (લંડન ), આરતીબેન નિરંજનભાઈ પંડ્યા (રાજકોટ ), પ્રવીણભાઈ ચંદ્રકાન્તભાઈ વ્યાસ (પી સી વ્યાસ ,એડવોકેટે) ,જયશ્રીબેન દિપકભાઈ ત્રિવેદી, (અમદાવાદ )ના ભાઈ,દીપ વ્યાસ (એડવોકેટ ) ના કાકા, સ્વ.ઈંદ્રવદનભાઈ વ્યાસ અને કુસુમબેન ઈન્દ્રવદન વ્યાસ ના જમાઈ, સચિન વ્યાસના બનેવીનું આજરોજ અવસાન થયું છે. સદગતની અંતિમયાત્રા સાંજે ૭ કલાકે તેમના નિવાસ સ્થાન શાસ્ત્રીનગર (અજમેરા ) નાના મવા મેઈન રોડ થી નીકળી મોટામવા સ્મશાન ખાતે અગ્નિસંસ્કાર કરવામાં આવશે છે.

**રાજકોટઃ** વડનગરા નાગર રાજકોટના વતની હાલ મુંબઈ નિવાસી સ્વ. ઉષાબેન મહેન્દ્રરાય અંતાણી (ઉ.વ. ૯૬) તેઓ આશા હેમેન્દ્ર મારું, અજયભાઈ, અમિતભાઈ, અક્ષયભાઈ અંતાણીના માતા, મીના અમિત અંતાણીના સાસુ, પાર્થ, ખંજનના નાની, અપૂર્વ, નેહા અંકિતના દાદીનું તા. ૨૫ ના રોજ અવસાન થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી મોહનભાઈ લવજીભાઈ સિધ્ધપુરા (ઉ.વ.૯૯) તે બીપીનભાઈ, રાજુભાઈ સિધ્ધપુરા, ઉષાબેન, અરૂણાબેન, રીટાબેન (મુંબઈ) વિણાબેન (મોરબી) ના પિતા, જીગેશ, દર્શિતના દાદા, જેતપુર નિવાસી સ્વ. મોહનલાલ કેશવજીભાઈ મકવાણાના જમાઈનું તા. ૨૫ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૭ ને શુક્રવારે સાંજે ૪ થી ૬ દરમિયાન નાગર બોર્ડીંગ વિરાણી સ્કુલ સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી ચંદ્રકાંતભાઈ અવિચળભાઈ પીઠડિયા (ઉ.વ.૬૯)નું તા. ૨૫-૨ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૨૭ ને શુક્રવારના રોજ સાંજે ૫ થી ૬ દરમિયાન પંચનાથ મંદિર, લીંબડા ચોક, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ૪૬ વર્ષીય પુરૂષ દર્દીના ગંભીર રોગની સફળ સારવાર કરતી રાજકોટ કેન્સર સોસાયટી

## સામાન્ય લાગતા લક્ષણોની અવગણના એ મોટી બીમારીને આમંત્રણ સમાન છેઃ ડો. કેવલ કાલાવડીયા

**અબતક, રાજકોટ**

તાજેતરમાં રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ) ખાતે એક ૪૬ વર્ષીય પુરૂષ સારવાર અર્થે આવેલ હતા જેમની ફરીયાદમાં શ્વાસ લેવામાં તકલીફ તથા અત્યંત નબળાઈરહેતી હતી તથા કોઈ જુની બીમારી ન હોવા છતા છેલ્લા ધણા સમયથી આવી તકલીફો હતી અને અનેક હોસ્પિટલોમાંથી સારવાર અને તપાસ કરાવ્યા બાદ માલુમ થયુ કે તેમને 'હાઈ ગ્રેડ લિમ્ફોર્મા છે એટલે કે લિમ્ફેટ સિસ્ટમ (રક્ષાણ પ્રણાલી)નું કેન્સર છે.

રાજકોટ કેન્સર સોસાયટીના નિષ્ણાંત મેડીકલ ઓન્કોલોજીસ્ટ



ડો.કેવલ કાલાવડીયાના માર્ગદર્શન હેઠળ દર્દીની તાત્કાલીક ધોરણે સારવાર શરૂ કરવામાં આવી.તેમની વધુ તપાસ કરતા તેમને સ્ટેજ -૪ હાઈ ગ્રેડ બી સેલ લિમ્ફોમા હોવાનું નિદાન થયું.તેમની છાતીમાં ૧૧ સેમી અને ૧૦ સેમી જેટલી મોટી ગાંઠો (લિમ્ફ નોડસ) જોવા મળી જે દર્દીને શ્વાસ લેવામાં ગંભીર અડચણ ઉભી કરી રહી હતી.

દર્દીના કિમોથેરાપીના ચાર સાયકલ પુર્ણ થયા બાદ દર્દીના લક્ષણોમાં નોંધપાત્ર સુધારો થયો, તબીયત સંપુર્ણપણે સુધરતી દેખાઈ અને ફોલોઅપ સ્કેનમાં ટયુમરના કદમાં પણ ઘટાળો નોંધાયો હતો. થોડા દિવસોના હોસ્પિટલના રોકાણ બાદ જરૂરી માર્ગદર્શન સાથે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી અને નિયમીત તપાસ માટે આવવા સુચના આપી હતી. આ પ્રકારની ચોકકસ અને સટીક સારવારથી દર્દી અને તેમના પરિવારજનોએ આભાર વ્યકત કરેલ.

### ઝવેરચંદ મેઘાણીની પુણ્યતિથિ નિમિતે


# બગસરા ખાતે ૭ થી ૧૫ માર્ચ પૂ.મોરારિબાપુની માનસ મેઘાણી 'રામકથા'નું આયોજન

## રામકથામાં ઉપસ્થિત રહેવા મુખ્યમંત્રીને અપાયેલું આમંત્રણ

**અબતક, રાજકોટ**

મહાત્મા ગાંધીએ જેમને રાષ્ટ્રીય શાયરના ગૌરવપૂર્ણ બિરૂદથી નવાજેલા તેવા સાહિત્યકાર, લોકસાહિત્યના સંશોધક, પત્રકાર અને સ્વાતંત્ર્ય-સેનાની ઝવેરચંદ મેઘાણીની પુણ્યસ્મૃતિમાં એમના વડવાઓના વતન બગસરા (જિ.અમરેલી) ખાતે ૦૭ થી ૧૫ માર્ચ ૨૦૨૬ દરમિયાન વિશ્વ વંદનીય પૂ.મોરારિબાપુના શ્રીમુખે દિવ્ય અને ભવ્ય માનસ મેઘાણી રામકથાનું આયોજન કરાયું છે.

ગુજરાત રાજ્યના સંસ્કૃતિ-સાહિત્ય-પ્રેમી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને માનસ મેઘાણી રામકથામાં પધારવા ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણીએ ભાવભર્યું નિમંત્રણ આપ્યું હતું. ગુજરાત સરકારના



કાયદો અને ન્યાયતંત્ર, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યકક્ષા મંત્રી કૌશિકભાઈ વેકરીયા, ધારી-બગસરા-ખાંભાના ધારાસભ્ય જે. વી. કાકડીયા તથા ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ સંઘના ચેરમેન પરાગભાઈ ત્રિવેદીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સર્કિટ અંતર્ગત ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્ય સાથે સંકળાયેલાં વિવિધ ઐતિહાસિક સ્મૃતિ-સ્થળોના વિકાસ બદલ પિનાકી મેઘાણીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો હૃદયથી આભાર માન્યો હતો.

ઝવેરચંદ મેઘાણીની ૭૯મી પુણ્યતિથિ અવસરે જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત અમરેલી સંચાલિત બગસરા સ્થિત પીએમશ્રી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી શાળા નંબર ૦૧ (તે સમયની મિડલ સ્કૂલ) તથા લાખાપાદર સ્થિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા તરીકે નામકરણ કરીને ત્યાં મેઘાણી-સ્મૃતિની સ્થાપના કરવામાં આવશે. આ બન્ને ઐતિહાસિક શાળાઓમાં મનોરમ્ય મેઘાણી-પ્રતિમા, 6x3x1 ફૂટના આકર્ષક કાચના કબાટમાં ઝવેરચંદ મેઘાણી કૃત ૧૦૦ જેટલાં પુસ્તકોનો મેઘાણી-સાહિત્ય કોર્નર તથા ઝવેરચંદ મેઘાણીના રેખાચિત્ર, હસ્તાક્ષર અને ઈતિહાસને આલેખતી 4.5 x3.5 ફૂટની કાળા ગ્રેનાઈટની કલાત્મક મેઘાણી-તકતીની સ્થાપના કરવામાં આવશે.

## ગુજરાત સરકારના મંત્રી કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય જે.વી.કાકડીયા, ખાદી ગ્રામોદ્યોગનાં ચેરમેન પરાગ ત્રિવેદી સહિતના મહાનુભાવો હાજર રહેશે

### નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશનના નેતૃત્વ હેઠળ

# પ્રોજેકટ અમૃત હેઠળ 'સ્વચ્છ જળ, સ્વચ્છ મન'માં ૧૨ લાખ સ્વયસેવકો જોડાયા

## પ્રોજેકટ અમૃત હેઠળ ૧૬૦૦ થી વધુ જળ સ્ત્રોતોની સ્વચ્છતા કરાઈ

**અબતક, રાજકોટ**

'સ્વચ્છત જળ સ્વચ્છ મન' અભિયાનના ચોથા તબકકાના આયોજનમાં ભારતના ૨૫ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૯૩૦ શહેરોમાં ૧૬૦૦ થી વધુ સ્થળોએ સફળતાપૂર્વક કરવામાં આવ્યું.

પ્રોજેક્ટ અમૃતના હેઠળ 'સ્વચ્છ જળ, સ્વચ્છ મન' અભિયાનના ચોથા તબક્કાનું આયોજનમાં ભવ્ય તથા પ્રેરણાસ્પદ આયોજન સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજ અને નિરંકારી રાજપિતા રમિત જીના માર્ગદર્શન હેઠળ ભારતભરના ૨૫ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૯૩૦ શહેરોમાં ૧૬૦૦થી વધુ સ્થળોએ સફળતાપૂર્વક પૂર્ણ થયું, જેમાં લગભગ ૧૨ લાખ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. રાજકોટ શહેરમાં પણ રાંદરડા તળાવ અને લાલપરી તળાવ પર ૨૫૦ થી વધુ સ્વયંસેવકો દ્વારા જળ સ્ત્રોતોની સફાઈ કરવામાં આવી. સંત નિરંકારી મિશનની સામાજિક શાખા સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશનના નેતૃત્વ હેઠળ, બાબા હરદેવ સિંહ જીની અનેક શિક્ષાઓથી પ્રેરણા લઈને 'પ્રોજેક્ટ અમૃત'નું આયોજન કરવામાં આવ્યું. આ પરિયોજના માનવતાને પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલ બનાવીને જળ સંરક્ષણ, સ્વચ્છતા અને પર્યાવરણ સંતુલન પ્રત્યે સામૂહિક સંકલ્પનો સંદેશ આપે છે.



આ અવસર પર દિલ્હીમાં આયોજિત વિશેષ સત્સંગ કાર્યક્રમમાં સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજે તેમના અમૃતમય પ્રવચનોમાં કહ્યું કે બાબાજીની શિક્ષાઓ માત્ર યાદ રાખવા માટે નથી, પરંતુ જીવનમાં ઉતારવા માટે છે. સત્ગુરુ માતા જીએ કહ્યું કે સાચી શ્રદ્ધાંજલિ શબ્દોમાં નહીં, કર્મો થી આપવામાં આવે છે. જો આપણે પોતાને તેમના અનુયાયી કહીએ છીએ, તો આપણે આત્મમંથન કરવું પડશે કે શું આપણે વાસ્તવમાં પ્રેમ, સેવા, કરુણા અને સમદષ્ટિ જેવા માનવીય ગુણોને જીવનમાં ધારણ કરી રહ્યા છીએ. બાબા હરદેવ સિંહ જી મહારાજનું સમગ્ર જીવન માનવ કલ્યાણને સમર્પિત રહ્યું. તેમણે શીખવ્યું કે સેવા, સુમિરણ અને સત્સંગ જીવનનો આધાર છે. ભકિત માત્ર વાણી સુધી મર્યાદિત ન રહે, પરંતુ વ્યવહારમાં ઝળકે - આ જ તેમનો સ્પષ્ટ સંદેશ હતો.

# કુંડલિયા આર્ટસ કોમર્સ અને બી.બી.એ કોલેજનો શનિવારે વાર્ષિકોત્સવ

**અબતક, રાજકોટ**

નવી શૈક્ષણિક નીતિના સંદર્ભમાં આધુનિક સમયની માંગને ધ્યાનમાં રાખીને શિક્ષણની વ્યાખ્યા બદલાતી જાય છે. પરંપરાગત અભ્યાસક્રમને સ્થાને વિદ્યાર્થી પોતાની આંતરિક ક્ષમતાઓને જાણી ને તેનો વિકાસ કરે તે જરૂરી બન્યું છે. અને આજ સંદર્ભેમાં પાછલા પાંચ દાયકા થી શ્રીમતિ.જે.જે.કુંડલિયા આર્ટસ, કોમર્સ એન્ડ બી.બી.એ કોલેજ કાર્યરત છે. અભ્યાસની સાથે સાથે વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિઓનો વિકાસ થાય તે હેતૂ થી તા. ૨૮/૨ શનિવારના બાલભવન ખાતે સાંજે ૬ : ૦૦ કલાક થી વાર્ષિકોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પાછલા વર્ષે માં રાષ્ટ્રીય થતા આતંર રાષ્ટ્રીય સ્તરે સ્પોર્ટસ માં ૪૪ જેટલા વિદ્યાર્થીઓએ કોલેજનું નામ રોશન કર્યું છે. તેમને સ્કોલરશીપ અર્પણ કરવા ઉપરાંત રાજય સરકાર તરફથી ૬ વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતા માટે ૪૦,૦૦૦ ની ગ્રાંટ પ્રાપ્ત થઈ છે તેમનું તથા કોલેજ કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમમાં આવેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું છે.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓનું પણ સંમેલન છે જેથી વર્તમાન વિદ્યાર્થીઓ તેમના અનુભવોથી માર્ગદર્શન પ્રાપ્ત કરી શકે. કાર્યક્રમ નું ઉદઘાટન લાલહાદુર શાસ્ત્રી કેળવણી મંડળ રાજકોટના સેક્રેટરી ડો.અલ્પનાબેન ત્રિવેદીના હસ્તે થશે મુખ્ય અતિથિ તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો.ડો. ઉત્પલભાઈ જોષી, ભાવનગર યુનિવર્સિટી ના વાઈસ ચાન્સેલર પ્રો.ડો.ભરત રામાનુજ ઉપસ્થિત રહેશે. ઉપરાંત રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયા સંસ્થાના ટ્રસ્ટી ધીરૂભાઈ ધાબલીયા, મુખ્યમંત્રી કાર્યાલયના પૂર્વે પીઆરઓ હિતેશ પંડયા, પીપલ્સ કો.ઓપ બેન્કના ચેરમેન, શામજીભાઈ ખૂંટ, પ્રિ. ડો. પ્રિતીબેન ગણાત્રા, પ્રિ. નિલુબેન લાલચંદાણી, પ્રિ.ભરતભાઈ રામાણી, પ્રિ.અજીતાબેન જાની તેમજ કોલેજના ભૂતપૂર્વે વિદ્યાર્થીઓ જે સમાજમાં નામના ધરાવે છે. તેઓ ખારા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી દરેક ભૂતપૂર્વે વિદ્યાર્થીઓ અને વાલીઓને આ કાર્યક્રમમાં આમંત્રણ પાઠવાયું છે.

# રોટરી કલબ મીડટાઉન દ્વારા શ્રવણની સમસ્યા ધરાવતા દર્દીઓને વિનામૂલ્યે શ્રવણ યંત્રનો અપાશે ઉપહાર

## અબતકની મુલાકાતમાં રોટરી કલબ મીડટાઉનના આગેવાનોએ આપી કેમ્પની વિગત

**અબતક, રાજકોટ**



રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં સેવા અને માનવતાના કાર્ય માટે જાણીતી સત્તાઓમાં શિરમોર ગણાતી રોટરી કલબ રાજકોટમોડ ટાઉન ની ૨૯ વર્ષોની સેવાકીય પ્રવૃતિથી સમાજના જરૂરિયાત મંદો અભિભૂત થઈ રહ્યા છે, દર વર્ષની જેમ આ વર્ષે પણ સંસ્થા દ્વારા કાનના મશીનનું વિતરણ વિનામૂલ્ય કરવાનું આયોજન કરાયું છે.

આ અંગે અબતકની મુલાકાતે આવેલા રોટરી મીડ ટાઉન ના પ્રમુખ જીગ્નેશભાઈ કામદાર, પૂર્વ પ્રમુખ ડો, બાબુભાઈ ધકાણ, ડો નીરવ મોદી, એ કાર્યક્રમની વિગત આપતા જણાવ્યું હતું કે રોટરી કલબ ઓફ રાજકોટ ના ડોકટર ની પેનલ ની સેવા સાથે યોજાનારા આ કેમ્પમાં કાનના નિષ્ણાત ડો, સુનિલ મોદી ડો,જતીનભાઈ મોદી, ડો નીરવભાઈ મોદી, ડો દર્શનભાઈ ભટ્ટ, ડો સેજલબેન ભટ્ટ, ડો જુહી મણીયાર, ની સેવા સાથે દર્દીઓ અને તપાસી જરૂરિયાત મંદ વ્યકિતઓને શ્રી શ્રવણ કેમ આપવા નો કેમ્પ રવિવાર તારીખ ૧ માર્ચના રોજ સવારે ૮થી ૧૧/૩૦ સુધી લલીતાલય રોટરી મીટ ટાઉન હોસ્પિટલ પેટ્રિયા ક્યુટ ની સામે રોડ છો ગીત ગુર્જરી સોસાયટી જુના એરપોર્ટ રોડ રાજકોટ ખાતે યોજાશે અને અઢીસો દર્દીઓને વિનામૂલ્ય શ્રવણ યંત્ર અપાશે આ કેમ્પનો લાભ લેવા આયોજકોએ જરૂરિયાત મંદોને અપીલ કરી છે.

# પ્રિન્ટ પેકેજીંગ ઉદ્યોગના વિકાસના મનોમંથન સાથે યોજાયો સેમિનાર

## પ્રિન્ટીંગ ઉદ્યોગના ભવિષ્યને વધુ દમદાર બનાવવા તજજ્ઞો દ્વારા કરાયો પરામર્શ

**અબતક, રાજકોટ**

રાજકોટ ખાતે પ્રિન્ટિંગ અને પેકેજીંગ ઉદ્યોગના ભવિષ્યને કેન્દ્રમાં રાખીને આયોજન કરવામાં આવ્યું હતુ. રાજકોટ પ્રિન્ટિંગ એન્ડ પેકેજીંગ એસોસીએશન દ્વારા ઈન્દુ એજન્સી તથા હ્યુબર ગ્રુપના સંયુકત ઉપક્રમે આયોજિત આ સેમિનારનો મુખ્ય વિષય ''એક્સ્પ્લોર ધી ફ્યુચર ઓફ પ્રિન્ટ એન્ડ પેકેજીંગ રાખવામાં આવ્યો હતો.



આ સેમિનાર માત્ર ટેકનિકલ માહિતી આપવાનો કાર્યક્રમ ન રહ્યો, પરંતુ તે પ્રિન્ટિંગ ઉદ્યોગના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યને જોડતો એક એવો મંચ સાબિત થયો, જ્યાં વિચાર, અનુભવ, નવીનતા અને સહયોગનો સુંદર સમન્વય જોવા મળ્યો.

આજના સમયમાં જયારે પ્રિન્ટિંગ અને પેકેજીંગ ઉદ્યોગ સતત બદલાતી ટેકનોલોજી, બજારની નવી માંગ, ટકાઉપણાની આવશ્યકતા અને સ્પર્ધાત્મક વ્યવસાયિક વાતાવરણનો સામનો કરી રહ્યો છે, ત્યારે આવા સેમિનારો ઉદ્યોગને નવી દિશા આપતા માર્ગદર્શક સાબિત થાય છે.

કાર્યક્રમની શરૂઆત રાજકોટ પ્રિન્ટિંગ એન્ડ પેકેજીંગ એસોસીએશનના પ્રમુખ નવીન કોટડિયા દ્વારા સ્વાગત સાથે કરવામાં આવી. સૌપ્રથમ તમામ મુદ્રક , મહાનુભાવો અને મહેમાનોનું હાર્દિક સ્વાગત કર્યું. ત્યારબાદ સેમિનારના વિષય ''એક્સ્પ્લોર ધી ફ્ફ્યુચર ઓફ પ્રિન્ટ એન્ડ પેકેજીંગ'' અંગે ટૂંકી પરંતુ વિચારપ્રેરક માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે આજનો કાર્યક્રમ માત્ર એક સેમિનાર નથી, પરંતુ તે વિચાર, અનુભવ અને નવીનતાનો સંગમ છે, જ્યાં ઉદ્યોગના તમામ પાસાઓ પર ખુલ્લી અને પ્રામાણિક ચર્ચા થવાની છે.

નવીનભાઈએ હ્યુબર ગ્રુપના તમામ પદાધિકારીઓનું શાબ્દિક સ્વાગત કર્યું અને ઈન્દુ એજન્સી તથા હ્યુબર ગ્રુપ દ્વારા પ્રિન્ટિંગ ઉદ્યોગને મળતા સતત સહયોગ બદલ એસોસીએશન તરફથી આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે આજના વિશિષ્ટ મહેમાનોને વિશેષ સન્માન સાથે યાદ કરવામાં આવ્યા. વર્ષો પહેલા રાજકોટમાં પ્રિન્ટિંગ ઉદ્યોગના બીજ રોપનારમાં મુરલીભાઈ - કરાચી ઓફસેટ, સુનીલભાઈ - ગુજરાત પ્રિન્ટર્સ, જગદીશભાઈ - પૂર્વી ઓફસેટ, સંજયભાઈ - જય ઓફસેટ, વિરજીભાઈ - અમુલ પેકેજીંગ, જીતુભાઈ - પ્રિન્ટવેલ ઓફસેટ, રાજેપભાઈ - અમૃત પેપર, રીન્કુભાઈ-હેમ પેકેજીંગ, રાજેશ પટેલ - સનરાજ બોક્સ એન્ડ પ્રિન્ટરનું નામોલ્લેખ કરીને શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. મહાનુભાવોએ પ્રિન્ટિંગ ઉદ્યોગને જે પાયો આપ્યો છે, તે આજે પણ ઉદ્યોગ માટે પ્રેરણાસ્ત્રોત છે.

# શનિવારે સૂર્યાસ્ત પછી છ ગ્રહોની પરેડ

## આકાશમાં છ ગ્રહોની અદભૂત હારમાળા રચાશે

**અબતક, રાજકોટ**

વિજ્ઞાન જાથાની રાષ્ટ્રીય રાજય કચેરી દ્વારા અવાર નવાર ખગોળીય ઘટનાથી અવગત કરવામાં આવે છે. આગામી તા.૨૮મીએ સૂર્યાસ્ત પછી આકાશમાં ૬ ગ્રહોનો અદભૂત દ્રશ્ય જોવા મળશે. જાથાના ચેરમેન જયંત પંડયાએ જણાવ્યું છે કે ૨૮મી ફેબ્રુઆરી સૂર્યાસ્ત પછી એક કલાકના સમયગાળામાં પશ્ચિમથી દક્ષિણ પશ્ચિમ ક્ષિતિજ તરફ બુધ, ગુરૂ, શુક્ર, શની, નેપચ્યુન, યુરેનસ અદભૂત સીધી લાઈનમાં જોવા મળશે. નેપચ્યુન યુરેનસને ટેલીસ્કોપથી જોઈ શકાશે. બાકીના ગ્રહો નરી આંખે જોવા મળશે. નિર્જાન જગ્યા અંધારૂ હોય ત્યાંથી અવકાશી નજારો જોવા અપીલ કરવામાં આવી છે.

જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ફેબ્રુઆરી ૨૮ મી સૂર્યાસ્ત પછી એક કલાકના સમયગાળામાં પશ્ચિમથી દક્ષિણ-પશ્ચિમ ક્ષિતિજ તરફ બુધ, ગુરૂ, શુક્ર, શનિ, નેપચ્યુન, યુરેનસ અદ્દભુત સીધી લીટીમાં જોવા મળશે. નેપચ્યુન-યુરેનસ ટેલીસ્કોપથી જોઈ શકાશે. સાંજે આકાશમાં છ ગ્રહો એક જ લાઈનમાં જોવાની ઘટનાને પ્લેનેટરી પરેડ અથવા પ્લેનેટરી એલાઈનમેન્ટ કહેવામાં આવે છે. આ દિવસે બુધ, શુક્ર, શનિ, નેપચ્યુન, યુરેનસ અને ગુરૂ એક જ આકાશીય પટ્ટામાં ગોઠવાયેલા જણાશે. સમગ્ર બ્રહ્માંડની દ્રષ્ટિએ આ ગોઠવણી સંપૂર્ણ સીધી લાઈનમાં નથી હોતી, પરંતુ પૃથ્વી પરથી જોતા તેઓ સૂર્યના ''એક્લિપ્ટિક' માર્ગની આસપાસ ગોઠવાયેલા દેખાય છે. તમામ ગ્રહો સૂર્યની આસપાસ લગભગ એક જ સમતલ પર ભ્રમણ કરે છે. તેથી ક્યારેક એવી રીતે ગોઠવણી થાય છે કે જેથી અમુક ગ્રહો એક જ વિસ્તારમાં ભેગા દેખાય છે.

# ભગવતીપરા,ઢેબર રોડ,મોરબી રોડ પરથી વિદેશી દારૂ સાથે ચાર શખસો ઝડપાયા

**અબતક, રાજકોટઃ** શહેર પોલીસ દ્વારા ત્રણ સ્થળોએ વિદેશી દારૂના દરોડા પાડવામાં આવ્યા છે જેમાં ભગવતીપરમાં બેગમાં છુપાવેલ ૨૬ બોટલ દારૂ સાથે એક શખસ જ્યારે મોરબી રોડ પાસે મધુવન પાર્ક શેરીમાંથી દારૂના ત્રણ ચપલા સાથે એકને ઢેબર રોડઝડપી લીધો હતો. આ ઉપરાંત એ ડિવિઝન પોલીસે બે શખસોને દારૂ બોટલ ઝડપી લીધા હતાં. દારૂના આ દરોડાની જાણવા મળતી વિગતો મુજબ, શહેરના બી ડિવિઝનના પી.એસ.આઈ. એસ.એન. શ્યોરાની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, ભગવતીપરા શેરી નંબર ૨૦ માં શંકાસ્પદ શખસને બેગ સાથે પકડી પૂછપરછ કરતા પોતાનું નામ હિતેન જીવનભાઈ ભોજાણી(રહે દાસી જીવણપરા શેરી નંબર ૪) જણાવ્યું હતું. પોલીસે તેની પાસે રહેલ બેગ જપ્ત કરી તપાસતા બેગમાંથી રૂ.૬૮૦૦ની કિંમતની ૨૬ વિદેશી દારૂની બોટલ મળી આવી હતી.જ્યારે શહેરના મોરબી રોડ, રેડ રોઝ હોટલ પાછળ મધુવન પાર્ક શેરી નંબર ૧માં મકાનમાંથી બહાદુર વાલજીભાઈ સોલંકીને રૂ.૫૧૦ની કિંમતના ત્રણ ચપલા સાથે પકડી પાડી ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.એ ડિવિઝન પોલીસે ઢેબર મેઈન રોડ, બસ સ્ટેન્ડની પાછળથી અરવિંદભાઈ લોગમલભાઈ કારિયા(રહે દિગ્વિજય પ્લોટ), મુકેશ કિશોરભાઈ દાવડા(રહે હંસરાજ નગર) ને રૂ.૧૦૦૦ની કિંમતની એક દારૂ બોટલ સાથે પકડી પાડી ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.


# મચ્છરોનો ઉપદ્રવ વધતા શહેરીજનો ત્રાહિમામઃ મ્યુનિ.કમિશનરના ઘેરાવની કોંગ્રેસની ચિમકી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં મચ્છરોનો ત્રાસ સતત વધી રહ્યો છે. જેના કારણે શહેરીજનો ત્રાહિમામ પોકારી ગયા છે. જો મચ્છરોના ઉપદ્રવને નાથવા માટે કોર્પોરેશન તંત્ર દ્વારા કોઈ યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તો મ્યુનીસિપલ કમિશનરનો ઘેરાવ કરવાની ચિમકી ઉચ્ચારી છે.

## મશીનરી ન મળતા આજી નદીમાંથી ગાંડી વેલ કાઢવાની કામગીરી થઈ શકતી નથી

શહેરના નદીકાંઠાના વિસ્તારોમાં મચ્છરોએ આતંક ફેલાવ્યો છે. ૮૦ ફૂટના રોડ પર એક વ્યક્તિની આંખમાં મચ્છર પડતા માંડ માંડ બચ્યો હતો પરંતુ તેનો હાથ તો છોલાઈ જ ગયો એવી રીતે લગભગ વોર્ડ નંબર ૧૫, ૧૬, ૬, ૪, ૫ અને ૧૪ જે નદીકાંઠામાં છે. તેમાં મચ્છરોનો ત્રાસ અસર કરે છે. તંત્ર જેસીબી નહીં મળતા આજ સુધીમાં વેલ કાઢી શક્યા નથી. મ્યુની.કમિશનર પાસે જેમ બને તેમ આનો વેલાસર ઉકેલ લાવો. પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોનો રાજકોટમાં રાફડો ફાટ્યો હોય તેવું લાગી રહ્યું છે. સૂર્યાસ્ત બાદ મચ્છરોના ઝુંડના ઝુંડ વિસ્તારોમાં પ્રસરી જાય છે લોકોને જીવવું પણ મુશ્કેલ કરી દીધું હોય તેવું દેખાય છે.



ડો.જયેશ વાંકાણી સાથે વાત થયા મુજબ ત્રણ મશીનો દ્વારા સ્ટ્રીટ ફોગીંગનું કામ ચાલુ છે અને જલ્દી તેનો નિકાલ કરશું તેવું ફકત આશ્વાસન આપ્યું છે. તંત્રને ચેતવણી રૂપે વિનંતી કરીએ છીએ કે હવે જો ભાજપે બતાવેલા કામમાંથી નવરા થયા હો તો રાજકોટની પ્રજા સામે પણ જુઓ અને આ મચ્છરોના ત્રાસમાંથી રાજકોટની પ્રજાને મુક્ત કરાવો નહિતર ના છુટકે કોંગ્રેસના કોર્પોરેટરો દ્વારા પ્રજાને સાથે રાખી રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરનો ઘેરાવનો કાર્યક્રમ આપવો પડશે.

# ખંભાળીયા નજીક સેવા કેમ્પમાં રાજકોટના પ્રૌઢનું એટેકથી મોત

**અબતક**
**વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

ખંભાળીયા-જામનગર રોડ પર કજુરડા પાસે રાજકોટના સેવાભાવીઓએ પદયાત્રી કેમ્પ શરૂ કરેલો તેમાં રાજકોટથી સેવા કરવા આવેલા એક પટેલ પ્રૌઢ મગનલાલ નામના ઉ.૬૦ વાળાનું હૃદયરોગનો હુમલાો આવતા મૃત્યુ નિપજયું હતુ. હૃદયરોગના હુમલાની થોડીવાર પહેલા તેઓ પદયાત્રીઓ સાથે રાસ રમતા હતા અને થોડીવારમાં એટેકથી મૃત્યુ થતા સેવાકેમ્પમાં શોકની લાગણી છવાઈ હતી. અન્ય બે બનાવોમાં પણ એક યુવાન તથા એક પ્રૌઢને છાતીમાં દુ:ખાવાની ફરિયાદ સાથે ખંભાળીયા હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.

# આવાસ ભાડે આપી દેનારના ૯ કવાર્ટરોની ફાળવણી રદ કરતુ રૂડા

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નીચે મુજબની સાઈટ ખાતે ફાળવેલ આવાસો પૈકી નીચેની યાદી મુજબના આવાસધારકો દ્વારા રૂડાનાં આવાસનો દસ્તાવેજ/ભાડાકરાર આજદિન સુધી કરાવેલ ન હોય. આ બાબતે લાભાર્થીઓને રૂડા કચેરીએથી વારંવાર નોટીસ આપવામાં આવેલ છે. પરંતુ, આજદિન સુધી આવાસધારકો દ્વારા દસ્તાવેજ/ભાડાકરાર કરાવેલ નથી.સદરહુ બાબતે બોર્ડ બેઠકમાં ઠરાવ્યા મુજબ આવા આવાસધારકોનાં આવાસ રદ કરવામાં આવે છે.

આદિત્ય-૭૯ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, પરિવાર હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, વૃંદાવન હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, ગોકુલમ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, પરિશ્રમ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટી, આદર્શ હાઉસિંગ કો. ઓપરેટીવ સર્વિસ સોસાયટીમાં આવાસ સીલ કરાયા હતા.

આ બાબતે કોઈપણ પ્રકારનાં વાંધાવચકા હોય તો ૭ દિવસમાં રૂડા કચેરીમાં કામકાજનાં સમય દરમ્યાન આવાસ શાખાનો સંપર્ક કરવો જણાવાયું છે.



# પીજીવીસીએલની મેગા ડ્રાઈવમાં એક જ દિવસમાં રૂ.૫૯ કરોડથી વધુની વસૂલાતઃ ૩૦ હજારથી વધુ કનેક્શન કપાયા

## રાજકોટ સિટી સર્કલ રૂ.૯૩૦.૯૮ લાખની વસૂલાત સાથે મોખરેઃ ૨૯૫૧ ટીમો મેદાનમાં ઉતારી

**અબતક, રાજકોટ**
રાજ્યમાં વીજ કંપની દ્વારા બાકી લેણાંની વસૂલાત માટે આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ યોજાયેલી 'મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ' દરમિયાન તંત્રએ સપાટો બોલાવતા સમગ્ર રાજ્યમાં ૩૦,૮૫૭ વીજ જોડાણો સ્થળ પર જ કાપી નાખ્યા હતા. આ કામગીરી માટે ૨૯૫૧ ટીમો મેદાનમાં ઉતારવામાં આવી હતી, જેના પરિણામે માત્ર ૨૪ કલાકમાં કુલ રૂ૫૯.૬૮ કરોડની માતબર વસૂલાત કરવામાં સફળતા મળી છે.

વસૂલાતના આંકડાઓમાં રાજકોટ સિટી સર્કલ રૂ૯૩૦.૯૮



લાખની વસૂલાત સાથે મોખરે રહ્યું છે, જ્યારે જામનગર સર્કલમાં રૂ૭૦૪.૮૨ લાખની વસૂલાત થઈ છે. તંત્રની કડક કાર્યવાહીનો ફફડાટ એટલો હતો કે હજારો ગ્રાહકોએ તેમનું કનેક્શન કપાય તે પહેલાં જ રૂ૨૦.૧૪ કરોડથી વધુની રકમ જમા કરાવી દીધી હતી. આ ઉપરાંત, કનેક્શન કપાયા બાદ તુરંત જ ૧૮,૯૫૦ ગ્રાહકોએ રિકનેક્શન ચાર્જ ભરીને વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરાવ્યો હતો.

નગરપાલિકાઓ પાસેથી મળવાપાત્ર લેણાંમાં પણ મોટી સફળતા મળી છે, જેમાં ખાસ કરીને અમરેલી સર્કલની નગરપાલિકા દ્વારા રૂ ૨૬.૫૬ કરોડની ચૂકવણી કરવામાં આવી છે. સુરેન્દ્રનગર, જૂનાગઢ, મોરબી અને પોરબંદર જેવા વિસ્તારોમાં પણ હજારોની સંખ્યામાં જોડાણો કાપીને કડક કાર્યવાહી કરવામાં આવી હતી. વીજ કંપનીએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ જારી રહેશે, તેથી ગ્રાહકો સમયસર બિલ ભરીને ડિસ્કનેક્શનની કામગીરીથી બચે તે હિતાવહ છે.

# ગુરૂકુલ ટ્રેનીંગ એન્ડ કન્સલ્ટન્સી સર્વીસ દ્વારા બિઝનેસ સેમિનાર યોજાયો



**અબતક, રાજકોટ**
ગુરુકુલ ટ્રેનિંગ એન્ડ કન્સલ્ટન્સી સર્વિસેસ પ્રા. લિ. દ્વારા "How to Set Your Business in Auto Mode" વિષય પર વિશેષ બિઝનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ સેમિનારનું માર્ગદર્શન પ્રખ્યાત બિઝનેસ સ્ટ્રેટેજિસ્ટ કિરણ મોરે, ફાઉન્ડર અને ડિરેકટર, ગુરુકુલ ટ્રેનિંગ એન્ડ કન્સલ્ટન્સી સર્વિસેસ પ્રા. લિ દ્વારા આપવામાં આવ્યું હતુ. આ પ્રસંગે તેમની ત્રીજી પુસ્તક "How to Set Your Business in Auto Mode" નું વિમોચન પણ કરવામાં આવ્યું હતુ.

આ સેમિનારમાં ઉદ્યોગસાહસિકો સિસ્ટમ આધારિત બિઝનેસ કેવી રીતે બનાવવું, ઓનર ડિપેન્ડન્સી કેવી રીતે ઘટાડવી, પ્રોડકિટવિટી અને પ્રોફિટ કેવી રીતે વધારવી,

સમયની સ્વતંત્રતા સાથે બિઝનેસ ગ્રોથ સહિતના પાઠ શીખવવામાં આવ્યા હતા.

જે એમએસએમઈ સ્ટાર્ટઅપ, ઉત્પાદકો, વેપારીઓ અને સર્વિસ પ્રોવાઈડર્સ માટે આ કાર્યક્રમ ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

# નિકાસકારોને પ્રોત્સાહન આપતી સ્કીમના જુના દર યથાવત રાખવા ચેમ્બર ઓફ કોમર્સની સરકારમાં રજૂઆત

## ચેમ્બરના પદાધિકારીઓએ સાંસદના માધ્યમથી વાણિજ્ય ઉદ્યોગ મંત્રાલય સુધી ઉદ્યોગોની લાગણી પહોંચાડાય

**અબતક, રાજકોટ**
રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નિકાસકારોને પ્રોત્સાહન આપતી સ્કીમ અંતર્ગત મળવાપાત્ર લાભોનો જૂના દરો યથાવત રાખવા કેન્દ્ર સરકાર તથા સાંસદ સભ્યશ સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવી હતીભારત સરકાર અને વાણિજ્ય અને ઉદ્યોગમંત્રાલય દ્વારા નિકાસકારોને પ્રોત્સાહન આપતી રેમીશન ઓફ ડયુટીસ એન્ડ ટેકસીસ ઓન એકસપોર્ટેડ પ્રોડક્? અંતર્ગત નિકાસકારોને ઉત્પાદનમાં લાગતા ટેકસ અને ડયુટી જેવા કે, વીજળી ખર્ચ, ફયુલ ખર્ચ, મડી ટેકસ, સ્ટેમ્પ ડયુટી, રાજય તથા સ્થાનીક સ્તરના ટેક્સ વિગેરે ઉપર વળતર ચુકવવામાં આવે છે. જેનાથી વૈશ્વિક બજારમાં પોતાનું સ્થાન ટકાવી શકે અને નિકાસને કપુ પોત્સાહીત કરી શકાય. આ સ્કીમમાંનાના લઘુ મદયમ ઉદ્યોગઅને નિકાસકારોને આશરે ૦.૩૬ થી ૩.૯૪ સુધીની રાહત આપવામાં આવતી હતી પરંતુ



ભારત સરકારના વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા તાજેતરમાં જારી કરાયેલો.૨૩-૦૨-૨૦૨૯ ના નોટીશીકેશનને ૮૦ અન્વયે મળવાપાત્ર લાભો અને મુલ્ય મર્યાદામાં તાત્કાલીક ૫૦લ સુધીનો ઘટાડો કરી દેવામાં આવ્યો છે. હાલની વૈશ્વીક પરિસ્થિતીમાં નિકાસ કરવું વધુ મુશ્કેલ થઈ રહ્યુ છે તેવામાં આવો થટાડો કરવો એ ખુબ અયોગ્ય જણાઈ રહ્યું છે.

આવા ઘટાડાથી નિકાસકારોએ અગાઉના દરીને આધારે કરારો અને વ્યવહાર કરેલ છે તે પરીપુર્ણ કરવામાં ખુબ જ મુશ્કેલીઓ પડશે, સ્થાનીક દર નિકાસકાર ને ધંધા ના ભોગેભીગવવા પડશે. ક્ષેત્રો ૧% કે ૨૪ ના નજીવા માર્જીન ઉપર વેપાર ચલાવે છે ત્યારે આવા ઘટાડાને કારણે થયેલ કાર્યકારી ખર્ચ વસુલ કરી શકાય તેમ નથી. આપે સમગ્ર દેશના નિકાસકારોને ખુબ જ મોટું નાણાકીય નુકશાન પડશે ત્યારે નિકાસકારોને પડતી મુશકેલીઓ અને થવાપાત્ર નાણાંકીય નુકશાનને ધ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટીના ઉપપ્રમુખ પાર્થભાઈ ગણાત્રા હારા કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીથી પિયુષ સોપેલજી, નાણામંત્રીશ્રીમતી નિર્મલા સીતારામનજી, પીએમ ઓફિસ તથા સાંસદ સભ્યપરષોતમભાઈ રૂપાલા અને રામભાઈ મોકરીયાસમક્ષ નિકાસકારોને પોત્સાહન આપતી સ્કીમ અંતર્ગત મળવાપાત્ર લાયોના જુના દરો-મુલ્ય મર્યાદાઓ પથાવત રાખવા ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે.

# હોળીની જાળની દિશાથી નકકી થાય છે આવનારૂ વર્ષઃ શાસ્ત્રી નવનીત પંડયા

## હોળી પ્રગટવાનો શુભ સમય સાંજે ૬.૪૯ થી ૮.૨૨ સુધી રહેશે

**અબતક**
**કીરીટ રાણપરીયા, ઉપલેટા**
ઈષ્ટિ, સોમ અને ચયન અગ્નિહોત્ર દર્શ પોર્ણ માસ અને ચાર્તુમાસ્ય વિગેરે ભેદ અનેક છે. ચાર્તુમાસ્ય જે ચાર માસમાં અંતમાં કરવામાં આવે છે. તે ચર્તુમાસ યશ કહેવાય, ૠતુ છ છે. પરંતુ બે ૠતુમાં સમય સરખો હોય છે. તેથી મુખ્ય ૠતુ ત્રણ ગણાય છે. ૠતુની સંધીમાં એક ચાર્તુમાસ કરવાનું ગણાય છે. ફાગણ સુદ પુનમના બીજા દિવસથી ગરમીની ૠતુ શરુ થાય છે.

'હોળી'એ ચાર માસે થયો એ યશ છે. જે લોકોના સારા આરોગ્ય માટે થાય છે. જે ભૂમિમાંથી નવું અન્ન ઉત્પન્ન થાય તે દેવતાઓને યશ દ્વારા અર્પણ કરાય છે. જે અન્નથી દરેક જીવનનું રક્ષણ થાય છે. તે અન્ન માતા પૃથ્વી આપે છે. એટલે ગાયના છાણા ઘી અને અન્નની આહુતિઓનો હોમ એ હુતિક્ષણી કહેવાય ગીતાજીના ત્રીજા અધ્યાયમાં લખેલું છે કે જે અન્ન દેવોએ આપેલું છે. તે દેવતાઓને ન આપીએ તો તે ચોર ગણાય છે.

સાસ્ત્રોમાં લખેલું છે. જે હોળીમાં ઘડામાં અન્ન ભરીને દેવોને ધરેલ પ્રસાદ ગણાય છે. ભવિષ્ય પુરાણમાં એક ઉપાખ્યાન છે એક માલી નામના રાક્ષણની દીકરી 'ઢુંઢા' હતી. તેણે તપ કરી શિવજીને પ્રસન્ન કરી પોતાનું મૃત્યુ ન થાય તે માટે વરદાન માગ્યું જેવું વરદાન મળ્યું કે તેણી ઉન્મત થઈ બાળકોને દુઃખી કરી હણવા લાગી જેમાં નાના બાળકોને સંધી કાળમાં (શરદી - તાવ - ઉધરસ) જેવા રોગથી દુઃખી કરવા લાગી દરેક પ્રજા રઘુરાજા પાસે આવી ફરીયાદ કરી ત્યારે રાજાએ કુલગોર ''વસિષ્ઠજી'' ને ઉપાય પુછ્યો, ત્યારે કુલ ગુરૂ વસિષ્ઠના કહેવાથી ઔષધીના સુકા કાષ્ઠ અને છાણાનો ઢગલો કરી તેને બાળવાથી રોગનો નાશ થાય છે. તેવો ઉપાય શોધ્યો અને ત્રણ પ્રદક્ષિણા કરવી. એટલે જ આપણા ધર્મમાં 'વાડ કરવી' નો રીવાજ છે. જે ગાતા વગાડતા વાંજીત્ર સાથે ત્યાં જવું અને સૌપ્રજાએ સાથે મળીને નિરોગી અને સુખામય જીવન માટે હોળીનો ઉત્સવ ઉજવવામાં આવે છે.જે ઢુઢા રાક્ષસણી હતી તે જ હોલીકા જે હિરણય કસુપની બહેન હતી તેને અગ્નિ ન બાળે તેવી ચુંદડી વરદાનમાં મળેલી હતી તે ચુંદડી ઈશ્વરે પવનથી પ્રહલાદને ઓઢાળી અને હોલીકા બળી ગઈ ત્યારથી લોકો હોલિકા દહનન પવિત્ર ઉત્સવ ઉજવે છે.

# સસ્તા ચાઈનીઝ ફોનનો ક્રેઝ ઘટ્યોઃ લોકો હવે બજેટ નહીં, પણ 'બ્રાન્ડ'ને આપી રહ્યા છે પ્રાધાન્ય

## શાઓમી, ઓપો, રિયલમી, લિનોવો જેવા સ્માર્ટફોનની વેચાણમાં ઘટાડો તેની સામે સેમસંગ એપલના વેચાણમાં વધારો


| કંપનીનું નામ | વેચાણમાં ફેરફાર (%) |
|---|---|
| ઓપો | -૩૮% |
| વનપ્લસ | -૧૩ |
| રિયલમી | -૮.૪% |
| શાઓમી | -૭% |
| વિવો | +૧૦.૯% |
| એપલ | +૧૮% |
| સેમસંગ | +૧૨% |



**અબતક, રાજકોટ**
ભારતીય સ્માર્ટફોન માર્કેટમાં એક મોટો બદલાવ જોવા મળ્યો છે. વર્ષો સુધી સસ્તા ફોનના દમ પર રાજ કરનારી ચાઈનીઝ બ્રાન્ડ્સની પકડ હવે ઢીલી પડી રહી છે. ગ્રાહકો હવે એન્ટ્રી-લેવલના સસ્તા ફોનને બદલે એપલ અને સેમસંગ જેવી બ્રાન્ડના પ્રીમિયમ સ્માર્ટફોન ખરીદવાનું વધુ પસંદ કરી રહ્યા છે.નાણાકીય વર્ષ ૨૦૨૫ માં પ્રથમ વખત શાઓમી, વનપ્લસ અને રિયલમી જેવી કંપનીઓના વેચાણમાં ઘટાડો નોંધાયો છે.₹૨૦,૦૦૦ થી ઓછી કિંમતના ફોનનો બજાર હિસ્સો ૩૮% થી ઘટીને માત્ર ૨૯% રહી ગયો છે.₹૪૫,૦૦૦ થી વધુ કિંમતના ફોનનો હિસ્સો વધીને ૪૭% થયો છે, જેનો સીધો ફાયદો એપલ અને સેમસંગને મળ્યો રિપોર્ટ અનુસાર, મેમરી ચિપ્સના ભાવ વધવાને કારણે અને રૂપિયાના મૂલ્યમાં ઘટાડો થવાને કારણે સ્માર્ટફોનની કિંમતોમાં વધારો થવાની શક્યતા છે. આનાથી ખાસ કરીને બજેટ સેગમેન્ટના ગ્રાહકોને વધુ અસર થશે.ચાઈનીઝ કંપનીઓમાં માત્ર વીવો એકમાત્ર એવી બ્રાન્ડ રહી છે જેણે પ્રીમિયમ સેગમેન્ટમાં પોતાની હાજરી વધારીને ૧૧% ની વૃદ્ધિ જાળવી રાખી છે

# ઈન્સ્ટાગ્રામમાં ૧૦ કરોડ ફોલોવર્સ સાથે નરેન્દ્ર મોદી વિશ્વના પ્રથમ નેતા બન્યાં

## ઈન્સ્ટાગ્રામ યુવાનોનું પ્લેટફોર્મ હોવા છતાં આટલા ફોલોઅર્સ હોવાનો અર્થ છે કે પીએમ મોદી નવી પેઢી સાથે મજબૂતીથી જોડાયેલા છે




વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક નવો ઈતિહાસ રચ્યો છે. તેઓ વિશ્વના એવા પ્રથમ રાજકીય નેતા બની ગયા છે જેમના ફોલોઅર્સની સંખ્યા ૧૦ કરોડને વટાવી ગઈ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ (૪.૩ કરોડ) બીજા ક્રમે છે, જ્યારે ઈન્ડોનેશિયા અને બ્રાઝિલના રાષ્ટ્રપતિઓ પણ મોદી કરતા ઘણા પાછળ છે. ટોચના ૫ નેતાઓના ફોલોઅર્સ ભેગા કરો તો પણ તે મોદી કરતા ઓછા થાય છે. ભારતમાં યુપીના CM યોગી આદિત્યનાથ (૧.૬ કરોડ) અને રાહુલ ગાંધી (૧.૨ કરોડ) કરતા PM મોદીની લોકપ્રિયતા અનેકગણી વધારે છે.

વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ ના સર્વે મુજબ પીએમ મોદી દુનિયાના સૌથી લોકપ્રિય નેતા છે. તેઓ ૬૭% થી ૭૫% રેટિંગ સાથે સતત પ્રથમ સ્થાને રહ્યા છે. લોકપ્રિયતાની યાદીમાં જાપાનના PM અને અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ જેવા નેતાઓ પીએમ મોદીથી ઘણા પાછળ છે. ઈન્સ્ટાગ્રામ મુખ્યત્વે યુવાનોનું પ્લેટફોર્મ છે, ત્યાં ૧૦ કરોડ ફોલોઅર્સ હોવાનો અર્થ છે કે પીએમ મોદી નવી પેઢી સાથે મજબૂતીથી જોડાયેલા છે.

ટેકનોલોજીના યુગમાં પીએમ મોદી માત્ર ભારતના જ નહીં, પરંતુ વિશ્વના સૌથી પ્રભાવશાળી અને લોકપ્રિય નેતા તરીકે ઉભરી આવ્યા છે.

# જૂનાગઢ ધારાસભ્ય સંજય કોરડીયા સાથે રૂ. ૭.૧૫ લાખની છેતરપિંડી

## ફલાઈટ રદ થતા સ્પાર્કલ હોલીડેસ પ્રા.લી.એ રિફંડ નહીં ચુકવી કરી ઠગાઈ

**અબતક, દર્શન જોશી**
**જુનાગઢ**
જૂનાગઢના ધારાસભ્ય સાથે રૂ. ૭.૧૫ લાખની છેતરપિંડી થઈ હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાઈ છે, અમદાવાદની સ્પાર્કલ હોલીડેસ પ્રાઈવેટ લીમીટેડ એ વિદેશ જવા લીધેલ રૂપિયા ફલાઈટ રદ થવા છતાં રિફંડ નહીં આપતા આ ફરિયાદ થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.



જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયાના અંગત મદદનીશ હર્ષ લાલજીભાઈ ગોઠી એ જુનાગઢ બી ડીવીઝન પોલીસમાં અમદાવાદની સ્પાર્કલ હોલીડેસ પ્રાઈવેટ લીમીટેડના ભાગીદારો અને કામ કરતા કર્મચારીઓ સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, કામના આરોપી સ્પાર્કલ હોલીડેસ પ્રાઈવેટ લીમીટેડ (૭૦૪, સેન્ટોરીની સ્કવેર, સટાબજારની સામે સેટેલાઈટ અમદાવાદ) ના ભાગીદારો અને કામ કરતા કર્મચારીઓ મો.૮૩૪૭૫ ૭૮૯૭૨ ની ટ્રાવેલ કંપનીમાં સંજયભાઈ ઉર્ફે સુરેશભાઈ કોરડીયાએ પોતાના પરીવાર સાથે જોજીર્યા દેશમાં જવા સારૂ રૂ. ૭,૧૫,૮૦૦ નુ બુકીંગ કરાવેલ હોય અને ઈરાન યુધ્ધના કારણે ફલાઈટ રદ થતા પ્રવાસે જઈ શકેલ ન હોય અને આ ટ્રાવેલ કંપની દ્વારા બુંકીગના રૂપીયા તા. ૧૫/૬/૨૫ થી ૨૫/૨/૨૬ સુધી રિફન્ડ નહી કરી તેમની સાથે છેતરપીંડી કરી ગુન્હો કરેલ છે.

જૂનાગઢના ધારાસભ્ય સાથે અમદાવાદની સ્પાર્કલ હોલીડેસ પ્રાઈવેટ લીમીટેડ દ્વારા થયેલ છેતરપીંડી અંગે ધારાસભ્યના અંગત મદદનીશ એ કરેલ ફરિયાદના આધારે પોલીસે ગુન્હો નોંધ્યો છે, જેની તપાસ બી ડિવિઝન પો.સ.ઈ. એસ.કે.મહેતા એ હાથ ધરી છે.

# અમદાવાદમાં નવ સ્થળે ઈડીના દરોડા :અનાસ ગ્રૂપ પાસેથી કરોડોની રોકડ, સોનું-ચાંદી જપ્ત

## એક કરોડ રોકડા, ૩૩.૩૪ લાખની વિદેશી કરન્સી, ૧.૬ કિલો સોનું અને ૮૦ કિલો ચાંદી કબ્જે


### પાન મસાલાના મોટા ઉત્પાદક અનાસ ગ્રૂપ પાસેથી દસ્તાવેજ, બાનાખત અને કાચી તેમજ પાકી લખાણની ચિઠ્ઠીઓ પણ મળી

**અબતક, રાજકોટ**
એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અમદાવાદની ટીમ દ્વારા શહેરના પાન મસાલા અને ખૈનીના મોટા ઉત્પાદક અનાસ ગ્રૂપ અને તેમના ભાગીદારો તથા સંકળાયેલા માણસો મળી કુલ ૯ પ્રિમાઈસિસ પર દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન ઈડીના અધિકારીઓએ એક કરોડ રૂપિયા રોકડા, ૩૩.૩૪ લાખની વિદેશી કરન્સી, ૧.૬ કિલો સોનું અને ૮૦ કિલો ચાંદી જપ્ત કરી હતી. સાથે સાથે તપાસ દરમિયાન મોટા પ્રમાણમાં મિલકતો અને ટ્રાન્ઝેક્શનની વિગતો મળી આવી છે. આ ઉપરાંત દુબઈ સહિત અન્ય દેશોમાં પણ તેમની મિલકતો હોવાની વિગતો મળતા તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. અનાસ ગ્રૂપ તમાકુ પ્રોસેસિંગ, પેકેજિંગ અને મેન્યુફેક્ચરિંગના વ્યવસાય સાથે જોડાયેલ છે અને અંબર ટોબેકો, ઉમદા ટોબેકો તથા શમા ફિલ્ટર ખૈની જેવા બ્રાન્ડ નામ હેઠળ પોતાની પ્રોડક્ટ બજારમાં વેચે છે.અનાસ ગ્રૂપની આર્થિક ગતિવિધિઓ અંતર્ગત નોંધાયેલી ફરિયાદના અનુસંધાનમાં ઈડીના અધિકારીઓએ તપાસ શરૂ કરી હતી અને થોડા સમય પહેલા પૂરતા પોલીસ બંદોબસ્ત સાથે ગ્રૂપના સંચાલકો અને ભાગીદારો ઉપરાંત તેની સાથે સંકળાયેલા લોકોના વેજલપુર, જુહાપુરા અને દાણીલીમડા સહિતના વિસ્તારોમાં નવ પ્રિમાઈસિસ પર દરોડા પાડીને કાર્યવાહી શરૂ કરી હતી. લાંબા સમય સુધી ચાલેલી તપાસમાં અધિકારીઓને સંચાલકો અને તેમના ભાગીદારોના ઘરમાંથી એક કરોડ રૂપિયા રોકડા, ૩૩.૩૪ લાખની વિદેશી કરન્સી, વિદેશી માર્કિંગ ધરાવતા સોનાના ૧૬ બિસ્કિટ કે જેનું વજન ૧.૬ કિલો થાય છે (જેની બજાર કિંમત ૨.૫ કરોડ રૂપિયા થાય) અને ચાંદીના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૬૦ બિસ્કિટ, જેનું કુલ વજન ૮૦ કિલો થાય છે અને તેની બજાર કિંમત બે કરોડ રૂપિયા થાય છે.

આ ઉપરાંત અધિકારીઓને મોટા પ્રમાણમાં દસ્તાવેજ, બાનાખત અને કાચી તેમજ પાકી લખાણની ચિઠ્ઠીઓ મળી આવી છે. જેના આધારે ગ્રૂપ અને તેની સાથે સંકળાયેલા લોકોની દુબઈ સહિત વિદેશમાં ઘણી બધી પ્રોપર્ટી હોવાનું સામે આવી રહ્યું છે. હવે આ પ્રોપર્ટી વિદેશમાં કરાયેલા હવાલા અને તેને સંલગ્ન તમામ બાબતોની તપાસ શરૂ કરવામાં આવી છે.

અનાસ ગ્રૂપ પરના દરોડાને કારણે તમાકુ, પાન મસાલા, ગુટકા તેમજ સોપારીનો વેપાર કરતા વેપારીઓ દોડતા થઈ ગયા છે, કેમકે દરેક ઉત્પાદકો સાથે આ ગ્રૂપ સંકળાયેલું હોવાની વિગતો સામે આવી રહી છે.

# સાંઢીયા પુલનું ૯૦ ટકા કામ પૂર્ણ: એપ્રિલના બીજા સપ્તાહમાં લોકાર્પણ


## ગઈકાલે રાતે રેલવે પાટા પરના સેન્ટ્રલ સ્પાનના ૭ સ્ટીલના ગર્ડર ચઢાવી દેવાયા

**અબતક, રાજકોટ**

જામનગર રોડ પર રૂ. ૭૪.૩૨ કરોડના ખર્ચે નિર્માણ પામી રહેલા સાંઢીયા પુલનું ૯૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. આગામી ૧૫ એપ્રિલ આસપાસ બ્રિજ વાહન ચાલકો માટે ખુલ્લો મુકી દેવાશે.રાજકોટ શહેરમાં વધતા વાહનવ્યવહાર અને ભવિષ્યની ટ્રાફિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ઓવરબ્રિજ અને અન્ડરબ્રિજોના નિર્માણ અને નવીનીકરણના કાર્યને ગતિ આપવામાં આવી છે. આ દિશામાં જામનગર રોડ પર આવેલ હયાત ૨-લેન સાંઢીયા પુલને ડિસ્મેન્ટલ કરી તેના સ્થાને આધુનિક સુવિધાઓ સાથેનો નવો ૪-લેન ફ્લાયઓવરબ્રિજ નિર્માણ કરવાનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે.

આ પ્રોજેક્ટમાં રૂ. ૭૪.૩૨ કરોડના ખર્ચે થવાનો છે. ગઈકાલે રાત્રિના સમયે રેલ્વે પાટા ઉપર સેન્ટ્રલ સ્પાનના ૭-સ્ટીલ ગર્ડર સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં આવ્યા હતા, જે પ્રોજેક્ટના મહત્વપૂર્ણ તબક્કા તરીકે ગણાય છે. હજુ આગામી બે દિવસ રાત્રના સમયે રેલ્વેના બ્લોકના સમયગાળા દરમ્યાન ક્રોસ ગર્ડર

(અનુ. આઠમા પાને)

### જંગલેશ્વર વિસ્તારના ડિમોલેશન

# ‘આશરો’ ભલે તૂટ્યો પણ ભવિષ્યનો આધાર ‘અભ્યાસ’ નહિં બગડે

## શિક્ષણ સમિતિ દ્વારા બાળકોનું શિક્ષણ ન બગડે તેવું આયોજન




રમેશભાઈ જેઠવા

વિક્રમભાઈ પુજારા

રિપોર્ટર:- અરૂણ દવે
કેમેરામેન:- દર્શન વાડોલીયા

**અબતક, રાજકોટ**

જંગલેશ્વર વિસ્તારમાં થયેલ ડિમોલેશનના પગલે એ વિસ્તારની પ્રાથમિક શાળા નં.૭૦ જર્જરીત હોવાથી એ બાળકો શાળા નં.૭૩ માં હાલ શિક્ષણ મેળવી રહ્યા છે. જંગલેશ્વર વિસ્તારના લોકો અન્ય સ્થળે રહેવા જવાથી આ બાળકોનું શિક્ષણ ન બગડે તેવું માઈક્રો પ્લાનીંગ આયોજન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ કરેલ છે.

‘અબતક’ સાથેની વાતચીતમાં શાસનાધિકારી રમેશભાઈ જેઠવાએ જણાવેલ કે અમો આચાર્યશ્રીના સતત સંપર્કમાં છીએ આવા બાળકો જયાં રહેવા જશે ત્યાંની સરકારી શાળામાં પ્રવેશ કરાવી આપીને તેનું શિક્ષણ બગડવા નહી દઈએ.

શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારાએ ‘અબતક’ સાથેની વાતચીતમાં જણાવેલ કે આવા બાળકોની મુશ્કેલીમાં શિક્ષણ સમિતિએ આયોજન કર્યુ છે. જે વાલીઓને મુશ્કેલી હોય તે અમારો સંપર્ક પણ કરશો. જો કે હાલ જયાં ભણે છે તે શાળા આચાર્ય સ્ટાફને પણ માર્ગદર્શન આપેલ છે. કોઈપણ બાળકનું ભવિષ્ય બગડવા નહી દઈએ.

અત્રે ઉલ્લેખનીય છે કે બીજા રાજયોમાં કામ અર્થે આવેલા પરિવારને માઈગ્રેશન સર્ટી પણ આપવામાં આવશે. જેથી તેને ત્યાં પ્રવેશ મળી શકશે. વિસ્તારનું એક પણ બાળક શિક્ષણમાં ડ્રોપ આઉટ ન થાય તેવું સુવ્યવસ્થિત આયોજન શિક્ષણ સમિતિએ કરેલ છે.

# ઉમિયા પદયાત્રીક પરિવારની સેવાને વેગવાન બનાવવા બ્લડ મોબાઈલ એમ્બ્યુલન્સ અર્પણ

## એમ્બ્યુલન્સ અર્પણ કરનાર દાતા પરિવારનું કરાયું સન્માન




**અબતક, રાજકોટ**

ઉમિયા પદયાત્રીક પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શહેર તેમજ આજુબાજુ ગામડા તથા શહેરમાં સ્નેહમિલન, ભાગવત સપ્તાહ, મનોરથ તથા અન્ય પ્રસંગોપાતબ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરે છે. સંસ્થા દ્વારા ૩૧૬ કેમ્પ કરવામાં આવેલ છે.

ઉમદાકાય’’ થી પ્રેરાયને ગૌ.વા. બટુકલાલ ખિમજીભાઈ કાલાવડીયા પરિવાર તરફથી વિજયાગૌરી બટુકલાલ કાલાવડીયા (શૈલેષ સ્ટીલ) તરફથી બ્લડ મોબાઈલ એમ્બ્યુલન્સ સંસ્થાને અર્પણ કરેલ.

દાતાનું સન્માન કાર્યક્રમ માતૃશ્રી જેઠીબેન ગોરધનભાઈ ગોવાણી ઉમાભવન ખાતે દાતાને સન્માનીત કરાયા હતા. સંસ્થાના પ્રમુખ વિનુભાઈ મણવરે દાતાનો આભાર સાથે મોમેન્ટોઆપી સન્માનિત કરેલ હતા.

આ સાથે સંસ્થાના પ્રમુખ વિનુભાઈ મણવર, ઉપપ્રમુખ અતુલભાઈ ભુત, ધમેન્દ્રભાઈ

(અનુ. આઠમા પાને)

# કર્મયોગ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલના લાભાર્થે શનિવારે કર્મયોગ ગાથા હાસ્યની થેરેપીમાં સાંઈરામ દવે કરશે જમાવટ

## ‘અબતક’ની મુલાકાતમાં કર્મયોગી ચેરિટેબલ ટ્રસ્ટના આગેવાનોએ હોસ્પિટલના લાભાર્થે યોજાનારા કાર્યક્રમની આપી વિગતો



**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં સેવાભાવી દરે ચાલતી હોસ્પિટલોમાં અગ્રીમ સ્થાન ધરાવતી કર્મયોગ ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પિટલ ના વિસ્તરણ માટે ‘‘કર્મયોગ ગાથા હાસ્યની થેરાપી’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે અબતકની મુલાકાતે આવેલા કર્મયોગી ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શામજીભાઈ રૈયાણી, મહેન્દ્રભાઈ કનેરિયા, પરાગભાઈ તન્ના, ડો મહેશ ગુંદણીયા, કૈલાશભાઈ મોવલીયા અને ભરતભાઈ સોરઠીયા એ કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું હતું કે યુનાઈટેડ કેર હોસ્પિટલ રૈયા રોડ રાજકોટ ના વિસ્તરણ માટે હોસ્પિટલના વ્યાપ વધારવાની જરૂર હોય અને સમાજના તમામ વર્ગના દર્દીઓને વધુમાં વધુ હોસ્પિટલના લાભો મળે અને વધુમાં વધુ સેવાભાવી લોકો આ સંસ્થામાં જોડાય તે હેતુથી ૨૮/ ૨શનિવારે સાંજે કર્મયોગ ગાથા હાસ્યની થેરાપી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સુપ્રસિધ્ધ હાસ્ય કલાકાર કેળવણી કાર ને તત્વચિંતક સાયરામ દવે ના સાનિધ્યમાં ગંગોત્રી પાર્ક મેન રોડ સામે બીટી સવાણી કિડની હોસ્પિટલની સામેના રોડ પર યુનિવર્સિટી રોડ ખાતે ૨૮મી ફેબ્રુઆરીએ સાંજે હાસ્યરસના કાર્યક્રમનું નિશુલ્ક આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા કર્મયોગ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વર્કિંગ કમિટી તેમજ સેવાભાવી યુવાનો જહેમત રહ્યા છે દર્દીઓ એ આ સંસ્થાનો લાભ લેવા તેમજ

(અનુ. આઠમા પાને)

# જંગલેશ્વરમાંથી કાટમાળ હટાવવાની કામગીરી પુરજોશમાં ચાલુ

## ૫૯૧ ડમ્પર અને ટ્રેક્ટરના ફેરા કરાયા



**અબતક, રાજકોટ**

જંગલેશ્વર વિસ્તારમાં આજી નદી પટ્ટા તથા ટી.પી. રોડ પરના ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કાર્યવાહી અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બ્લોક નંબર ૪, ૫, ૬, ૭ માંથી કાટમાળ ઉપાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં ગઈકાલે ડમ્પરના ૪૮૩ ફેરા અને ટ્રેક્ટરના ૫૯૨ ફેરા સહિત ૧૦૭૫ના ફેરા કરવામાં આવ્યા હતા.આજે સવારથી અત્યાર સુધીમાં ડમ્પર અને ટ્રેક્ટરના ૫૯૧ ફેરા દ્વારા કાટમાળ દુર કરાયેલ છે. હાલ કાટમાળ ઉપાડવાની કામગીરી પ્રગતિમાં છે.

બે દિવસ સુધી ચાલેલી ડિમોલિશની કામગીરી ગઈકાલે પૂર્ણ થયા બાદ યુધ્ધના ધોરણે કાટમાળ હટાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.જે આવતા સપ્તાહે પૂરી થતાની સાથે જ બાપુનગરથી નાડોદાનગર સુધી અઢી કિમીના ટીપી રોડને ડામરથી મઢવા સહિતની કામગીરી હાથ પર લેવામાં આવશે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વેસ્ટ ઝોન હેન્ડબોલ મહિલા ટુર્નામેન્ટમાં ચેમ્પિયન

## એઆઈયુ વેસ્ટ ઝોન હેન્ડબોલ મહિલા ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી ગુજરાત માટે ગૌરવનો નવો અધ્યાય રચ્યો




**અબતક, રાજકોટ**

રાજકોટ ખાતે યોજાયેલી એઆઈયુ વેસ્ટ ઝોન હેન્ડબોલ મહિલા ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી ગુજરાત માટે ગૌરવનો નવો અધ્યાય રચ્યો છે. ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર કોઈ મહિલા હેન્ડબોલ ટીમ વેસ્ટ ઝોન સ્તરે ચેમ્પિયન બની હોય તેવી આ અનોખી અને ગૌરવસભર ઘટના બની છેસવારે રમાયેલી ફાઈનલ મેચમા રાજસ્થાન યુનિવર્સીટી સામે ૨૪-૨૦ના સ્કોરથી શાનદાર જીત મેળવી છે. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ટીમે ઉત્કૃષ્ટ રમતગમત કૌશલ્ય, સંકલન અને દ્રઢ મનોબળનું પ્રદર્શન કર્યું હતું.

ઈનામ વિતરણ અને સમાપન સમારોહ ભવ્ય રીતે યોજાયો હતો. આ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આદરણીય કુલપતિ ડો. ઉત્પલ જોશી સાહેબ, એસ.જી.એસ. યુનિવર્સિટીના હેડ ઑફ ડિપાર્ટમેન્ટ ડો. રણછોડ રથવી, ડો. જયદીપસિંહ ચૌહાણ, ઓબ્ઝર્વર ડો. ધીરેન્દ્ર તિવારી તથા અન્ય આગેવાનો અને મહેમાનોની ઉપસ્થિતિ રહી હતી.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ ડાયરેક્ટર ડો. હરીશ રાબા અને શારીરિક શિક્ષણ વિભાગની ૧૦૦થી વધુ સભ્યોની ટીમ, વોલન્ટિયર્સ અને વિવિધ કમિટીઓના સક્રિય સહયોગથી સમગ્ર ટુર્નામેન્ટ અને સમાપન સમારોહ સફળતાપૂર્વક સંપન્ન થયો.

આ ઐતિહાસિક વિજય

(અનુ. આઠમા પાને)

### આગામી માસમાં ઓલ ઈન્ડિયા હેન્ડબોલ સ્પર્ધા યોજાશે

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ગોલ્ડ મેડલ, રાજસ્થાન યુનિવર્સીટીએ સિલ્વર મેડલ, પારૂલ યુનિવર્સીટીએ બ્રોન્ઝ મેડલ જયારે ભાવનગર યુનિવર્સીટી ચોથા ક્રમે રહી છે. ત્યારે આ ચારેય ટીમો હવે આવનાર માર્ચ મહિનામાં કેરળ ખાતે યોજાનારી ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી હેન્ડબોલ સ્પર્ધામાં ભાગ લેશે.

## સ્પોર્ટ્સ અબતક



# શિસ્ત અને સમજણથી ન્યૂઝીલેન્ડે લંકાને હરાવી સેમિફાઈનલ માટે સ્થાન મજબૂત કર્યું

### ન્યુઝીલેન્ડે પહેલા બેટિંગ કરીને ૧૬૮ રન બનાવ્યા, જવાબમાં શ્રીલંકાની ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં માત્ર ૧૦૭ રન જ બનાવી શકી!!!

**અબતક, રાજકોટ**

ન્યુઝીલેન્ડે શ્રીલંકાને ૬૧ રનથી હરાવ્યું. આ સાથે શ્રીલંકા ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૬ માંથી બહાર થઈ ગયું છે, જ્યારે ન્યુઝીલેન્ડે તેની સેમીફાઈનલની આશા જીવંત રાખી છે. કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં ન્યુઝીલેન્ડે પહેલા બેટિંગ કરીને ૧૬૮ રન બનાવ્યા હતા. જવાબમાં શ્રીલંકાની ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં માત્ર ૧૦૭ રન જ બનાવી શકી હતી.શ્રીલંકાના ઘરઆંગણે ટી૨૦ વર્લ્ડ કપ જીતવાનું સ્વપન ચકનાચૂર થઈ ગયું છે. શ્રીલંકાએ ભારત સાથે મળીને વર્લ્ડકપનું આયોજન કર્યું હતું, પરંતુ ન્યુઝીલેન્ડ સામેની હારથી શ્રીલંકાની ટીમ સેમીફાઈનલની દોડ અને વર્લ્ડકપમાંથી બહાર થઈ ગઈ છે. કામિન્દુ મેન્ડિસ અને દુનિથ વેલાલેજ સિવાય શ્રીલંકાના અન્ય કોઈ બેટ્સમેન સારી ઈનિંગ્સ રમી શક્યા નથી.

પહેલા બેટિંગ કરતા ન્યુઝીલેન્ડે ૮૪ રનમાં ૬ વિકેટ ગુમાવી દીધી હતી. પરંતુ મિચેલ સેન્ટનરના માત્ર ૨૬ બોલમાં ૪૭ રનની ધમાકેદાર ઈનિંગે તેમની ટીમને ૧૬૦ રનથી વધુ સ્કોર સુધી પહોંચાડી દીધી. તેને અને કોલ મેકકોન્ચીએ ૮૪ રનની પાર્ટનરશીપ કરી. સેન્ટનરના ૪૭ રને ન્યુઝીલેન્ડની વાપસીમાં મહત્ત્વની ભૂમિકા ભજવી.



રચિન રવિન્દ્રએ બોલ સાથે બાકીનું કામ કર્યું. તેને ૪ ઓવરમાં માત્ર ૨૭ રન આપીને ૪ વિકેટ લીધી. તેને કુસલ મેન્ડિસ, પવન રત્નાયકે, કેપ્ટન દાસુન શનાકા અને દુષણ હેમંથાને આઉટ કર્યા. રવિન્દ્રએ પણ બેટિંગમાં ૩૨ રનનું યોગદાન આપ્યું. શ્રીલંકાને ઈનિંગના પહેલા જ બોલ પર મોટો ઝટકો પડ્યો. મેટ હેનરીએ પહેલા જ બોલ પર પથુમ નિસાંકાને ક્લીન બોલ્ડ કર્યો.

## કિવિઝ ઈંગ્લેન્ડ સામે જીતે કે ન જીતે, લંકા પાકિસ્તાનને હરાવશે તો પાક. વર્લ્ડકપમાંથી બહાર!

ગઈકાલની મેચ માત્ર શ્રીલંકા માટે જ નહીં, પણ પાકિસ્તાનની સેમિફાઈનલની આશાઓ માટે પણ નિર્ણાયક હતી. ન્યૂઝીલેન્ડની આ શાનદાર જીતે ગ્રુપ ૨ ના સમીકરણો બદલી નાખ્યા છે, જેના કારણે હવે પાકિસ્તાન માટે સેમિફાઈનલની ગલીઓ સાંકડી થઈ ગઈ છે. શ્રીલંકા આ હાર સાથે ટૂર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગયું છે, જ્યારે ન્યૂઝીલેન્ડે અંતિમ ચારમાં પહોંચવાનો પોતાનો દાવો મજબૂત કર્યો છે.

પાકિસ્તાન માટે સેમિફાઈનલમાં પહોંચવાની ગણતરી એવી હતી કે ન્યૂઝીલેન્ડ તેની બાકીની બંને મેચ હારી જાય. જોકે, કીવી ટીમે મેદાન પર શાનદાર પ્રદર્શન કરીને શ્રીલંકાને એકતરફી મુકાબલામાં હરાવી દીધું છે. આ પરિણામની સીધી અસર પાકિસ્તાન પર પડી છે, કારણ કે હવે ન્યૂઝીલેન્ડ પાસે સેમિફાઈનલમાં જવા માટે વધુ સ્પષ્ટ રસ્તો છે.

# ઝિમ્બાબ્વે-૮૩ના વર્લ્ડકપનો બદલો લઈ ભારતને ટુર્નામેન્ટમાંથી બહાર "ફેંકી" દેશે?

### ટી૨૦ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પ્રવેશની આશા જીવંત રાખવા ભારતે જીતવું ફરજિયાત, સુપર-૮ની મેચ અગાઉ ભારતની મુખ્ય ચિંતા મોખરાના ક્રમના બેટરના ફોર્મની રહેશે



**અબતક, રાજકોટ**

સાઉથ આફ્રિકા સામેના કારમા પરાજય બાદ અચાનક જ બાજી પલટાઈ જતાં દબાણમાં આવી ગયેલી સૂર્યકુમાર યાદવની ભારતીય ટીમ આજે ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપની સુપર-૮ની મેચમાં ઝિમ્બાબ્વે સામે ટકરાશે ત્યારે તેના માટે આ મુકાબલો કરો યા મરોના જંગ સમાન બની રહેશે ત્યારે ઝિમ્બાબ્વે ૮૩ના વર્લ્ડકપનો બદલો લઈ ભારતને ટુર્નામેન્ટમાંથી બહાર ''ખદેડી'' દેશે?ટુર્નામેન્ટના પ્રારંભથી લીગ રાઉન્ડના અંત સુધી ટુર્નામેન્ટની ફેવરિટ રહેલી ટીમ અત્યારે એવી સ્થિતિમાં આવી ગઈ છે જ્યાં તેણે આ રાઉન્ડની બાકીની બંને મેચ જીતવી ફરજિયાત બની ગયું છે. ગુરુવારે અહીંના ચેપોક ખાતે આ મેચ સાંજે ૭.૦૦ કલાકે શરૂ થશે. વર્તમાન ચેમ્પિયન ભારતને પરેશાન કરી રહ્યો છે.

આ મેચમાં ભારતને હવે માત્ર જીત જ નહીં પરંતુ પોતાની લડાયક ક્ષમતાનું પ્રદર્શન કરવું પડશે. રવિવારે સાઉથ આફ્રિકા સામે ૭૬ રને થયેલી હારને કારણે ભારતનો નેટ રન રેટ ઘટીને -૩.૮૦ થઈ ગયો છે. સેમિફાઈનલની રેસમાં રહેવા માટે ભારતે આ મેચ મોટા અંતરથી જીતવી અનિવાર્ય છે. ટીમની સમસ્યા ઓપનિંગ જોડી અને ત્રીજા ક્રમની બેટિંગ સૌથી મોટી ચિંતાનો વિષય છે. ઈશાન કિશન અને અભિષેક શર્માની જોડીએ અગાઉ ઘરઆંગણે પ્રભાવ પાડ્યો હતો, પરંતુ હાલમાં તેઓ સંઘર્ષ કરી રહ્યા છે. પેટના ઈન્ફેક્શન બાદ અભિષેક શર્મા લય ગુમાવી બેઠો હોય તેમ જણાય છે. ધીમી પિચો અને ઓફ-સ્પિનરો તેને મોટો શોટ રમતા અટકાવવામાં સફળ રહ્યા છે, જેને કારણે ભારતની શરૂઆત નબળી પડી રહી છે. આમ ભારતે ઓપનિંગ અને ત્રીજા ક્રમની બેટિંગની સમસ્યા ઉકેલવી પડશે. ઓપનર અભિષેક શર્મા હાલમાં એક એક રન માટે સંઘર્ષ કરી રહ્યો છે. જોકે, તેની ક્ષમતા તેના વર્તમાન આંકડા કરતાં ઘણી વધારે છે. અત્યાર સુધી રમાયેલી ચાર મેચોમાં તેણે માત્ર ૩.૫ની સરેરાશ અને ૭૫.૦૦ સ્ટ્રાઈક-રેટથી માત્ર ૧૫ રન જ ફટકાર્યા છે. બીજી તરફ તિલક વર્માએ પણ પોતાની રમતમાં સુધારો કરવાની જરૂર છે, જોકે તેની સ્થિતિ થોડી અલગ છે. એવું કહી શકાય કે અભિષેકની નિષ્ફળતાને કારણે તિલકે ઈશાન કિશનને સાથ આપવાની ભૂમિકા ભજવવી પડી રહી છે. જોકે મોખરાના ક્રમના ધબડકા



વચ્ચે પણ ઈશાન કિશન ૧૯૩ના શાનદાર સ્ટ્રાઈક-રેટ સાથે સતત પ્રભાવિત કરી રહ્યો છે.આધુનિક ટી૨૦ ક્રિકેટના આક્રમક અભિગમ સામે ભારતીય બેટર્સનો સ્ટ્રાઈક-રેટ હાલ ચિંતાનો વિષય બન્યો છે. ખાસ કરીને પાવર-પ્લે દરમિયાન રન ગતિ જાળવી રાખવામાં ટોચના ખેલાડીઓ સંઘર્ષ કરી રહ્યા હોય તેવું જણાય છે.

## અક્ષર અને સુંદર બન્ને રમશે? બેટિંગ ક્રમમાં પરિવર્તન નિશ્ચિત



સાઉથ આફ્રિકા સામેની મેચ બાદ હવે ભારતીય ટીમ ઝિમ્બાબ્વે સામે ટકરાવા તૈયાર છે. જોકે, ટીમની બેટિંગ લાઈન-અપમાં કેટલાક પ્રશ્નો હજુ પણ સતાવી રહ્યા છે. ટોચના ત્રણ બેટ્સમેનોમાં જમણેરી બેટ્સમેન તરીકે સંજુ સેમસનનો સમાવેશ એક વિકલ્પ હોઈ શકે છે, પરંતુ સેમસન પોતે હાલમાં ફોર્મમાં નથી. આ સંજોગોમાં, ટીમ મેનેજમેન્ટ સૂર્યકુમાર યાદવને ત્રીજા ક્રમે પ્રમોટ કરી શકે છે અને તિલક વર્માને ચોથા ક્રમે મોકલી શકે છે, જેથી ઉપરના ક્રમમાં સતત ડાબોડી બેટ્સમેનોનો ક્રમ તોડી શકાય. ભારતની બોલિંગ લાઈન-અપ મજબૂત દેખાઈ રહી છે. જસપ્રિત બુમરાહ ફોર્મમાં છે અને તેને વરુણ ચક્રવર્તી, અર્શદીપ અને હાર્દિક પંડ્યાનો સાથ મળી રહ્યો છે. હવે તેમાં લેફ્ટ આર્મ સ્પિન ઓલરાઉન્ડર અક્ષર પટેલને સામેલ કરાય તો ભારતીય ટીમ વધુ મજબૂત બની શકે છે. અક્ષર પટેલ ટીમને ઘણો ઉપયોગી બની શકે છે.

# જમ્મુ-કાશ્મીરે પ્રથમ ઈનિંગમાં રનનો પહાડ ખડકતા કર્ણાટક માટે ચેમ્પિયનશીપ અઘરી



**શુભમ પુનદીરની શાનદાર સદી**

પહેલા દિવસે જમ્મુ-કાશ્મીર માટે શુભમ પુનદીરે સદી ફટકારી હતી. તેમણે ૧૨૧ રનની ઈનિંગ રમી હતી. તેના સિવાય ઓપનર યાવર હસને ૮૮ રન બનાવ્યા હતા. પહેલા દિવસે ટીમે ૨ વિકેટના નુકસાન પર ૨૮૪ રન બનાવ્યા હતા. બંને વિકેટ પ્રસિદ્ધે ઝડપી હતી.

**અબતક, રાજકોટ**

રણજી ટ્રોફી ૨૦૨૫-૨૬ની ફાઈનલ કર્ણાટક અને જમ્મુ-કાશ્મીર વચ્ચે હુબલી ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાઈ રહી છે. જમ્મુ-કાશ્મીરે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરી રહી છે. ત્યારે આજે ત્રીજા દિવસે કાશ્મીરરે રનનો ખડકલો કર્યો હતો અને ૫૮૪ રન બનાવી ઓલઆઉટ થયું હતું. જવાબમાં કર્ણાટક ૧૦૦ રનની અંદર જ ચાર વિકેટ ગુમાવી દીધી છે.ઓકિબ નબી ડારે ત્રણ વિકેટ ઝડપી છે.

ઉલ્લેખનીય છે કે, પ્રથમ દિવસના ૨ વિકેટે ૨૮૪ રનના સ્કોરથી આગળ રમતા જમ્મુ-કાશ્મીરે બે વિકેટ ઝડપથી ગુમાવી દીધી. પ્રથમ દિવસના સદીવીર શુભમ પુનદીરને વિદ્યાધર પાટીલે પેવેલિયનનો રસ્તો બતાવ્યો. શુભમ ૧૨૧ રનના સ્કોર પર કે.વી. અનીશને મિડ-વિકેટ પર કેચ આપી બેઠા.

તેના પછીની ઓવરમાં જ અબ્દુલ સમદ પણ પ્રસિદ્ધ ક્રિષ્નાના બોલ પર આઉટ થઈ ગયો. વિકેટકીપર કૃતિક ક્રિષ્નાએ કેચ પકડ્યો. સમદ ૬૧ રન બનાવીને આઉટ થયો અને ટીમનો સ્કોર ૩૦૩/૨ થી ૩૦૭/૪ થઈ ગયો.

કેપ્ટન પારસ ડોગરા અને વધવાને ઈનિંગ્સ સંભાળી. બંનેએ પાંચમી વિકેટ માટે સદીની ભાગીદારી કરતા ૧૧૦ રન જોડ્યા. આ દરમિયાન કનૈયા વધવાને પોતાની ફિફ્ટી પૂરી કરી હતી.સાહિલ અને આબિદ મુશ્તાકે સાતમી વિકેટ માટે ૫૬ રન ઉમેરીને ટીમનો સ્કોર ૫૦૦ રન પાર પહોંચાડ્યો હતો. દિવસની રમત પૂરી થતાં સુધીમાં બંને અણનમ પાછા ફર્યા હતા.



### પ્રથમ ઈનિંગમાં જમ્મુએ ૫૮૪ રન બનવ્યા, કર્ણાટકની પ્રથમ ઈનિંગમાં નબળી શરૂઆત, ૧૦૦ રનની અંદર જ ચાર વિકેટ ડાઉનઃ ઓકિબ નબી ડારે ત્રણ વિકેટ ઝડપી

# એફઆઈએચ પ્રો લીગમાં ઓસ્ટ્રેલિયાને હરાવી ભારતીય મેન્સ હોકી ટીમે પ્રથમ જીત મેળવી

**અબતક, રાજકોટ**

ભારતીય પુરુષ હોકી ટીમે ઓસ્ટ્રેલિયાને હરાવીને એફઆઈએચ પ્રો લીગ ૨૦૨૫-૨૬માં પોતાની પ્રથમ જીત મેળવી છે. આ જીત ખાસ છે કેમકે ટીમની છેલ્લી આઠ મેચોમાં પહેલી જીત છે.

મેચ ઓસ્ટ્રેલિયાના હોબાર્ટમાં રમાઈ હતી. નિયમિત સમયમાં મેચ ૧-૧થી બરાબર રહી હતી. ઓસ્ટ્રેલિયાએ ચોથા ક્વાર્ટરમાં કેપ્ટન જેરેમી હેવર્ડ દ્વારા ૪૯મી મિનિટે ગોલ કરીને આગળ વધ્યું હતું.





પરંતુ ભારતે ફક્ત બે મિનિટ પછી જ શિલાનંદ લાકરા દ્વારા ૫૧મી મિનિટે સુંદર ફિલ્ડ ગોલ કરીને સ્કોર બરાબર કરી દીધો હતો.

પહેલા ત્રણ ક્વાર્ટરમાં બંને ટીમો ગોલ વિના રહી હતી, પરંતુ ચોથા ક્વાર્ટરમાં આ રોમાંચક ઘટનાઓ બની. નિયમિત સમયમાં કોઈ ટીમ વિજેતા ન બની શકી તેથી મેચ પેનલ્ટી શૂટઆઉટમાં ગઈ.

શૂટઆઉટમાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કર્યું અને ૩-૧થી જીત મેળવી. ભારત તરફથી શિલાનંદ લાકરા, મનિંદર સિંહ અને વિષ્ણુકાંત સિંહએ પોતાના શૂટ સફળતાપૂર્વક કન્વર્ટ કર્યા. યુવા ગોલકીપર મોહિત એચએસએ શાનદાર સેવિંગ્સ કરીને ઓસ્ટ્રેલિયાને ત્રણ વખત નિષ્ફળ બનાવ્યું, જેણે ભારતની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી.

આ જીતથી ભારતીય ટીમને બોનસ પોઈન્ટ મળ્યો અને ટીમના ખેલાડીઓમાં આત્મવિશ્વાસ પણ વધ્યો. એફઆઈએચ પ્રો લીગમાં આ સિઝનમાં ભારતે આઠ મેચો રમી હતી, જેમાં અગાઉ છ હાર અને એક ડ્રો થયો હતો (અને અન્ય મેચોમાં પણ શૂટઆઉટમાં હાર્યા હતા). આ જીત ટીમ માટે લાંબા સમય પછીની રાહત અને પોઝિટિવ સંકેત છે, ખાસ કરીને એલએ ૨૦૨૮ ઓલિમ્પિકસ ક્વોલિફાયિંગ ઈવેન્ટ તરીકે આ લીગ મહત્વની છે.

આ પરફોર્મન્સથી ભારતીય હોકી ચાહકોમાં ઉત્સાહ જાગ્યો છે અને ટીમના આગામી મેચોની રાહ જોવાઈ રહી છે, જે જૂનમાં રમાશે.

## પીઠડીયા ટોલનાકા નજીક સ્ટેટ મોનીટરીંગ સેલ ત્રાટકી

# પાયલોટીંગ સાથે જતો રૂ.૫૧ લાખનો ૫૦૦ પેટી દારૂ ભરેલો ટ્રક ઝડપાયો

### મોડી રાતે અમદાવાદ તરફથી આવતો દારૂ ભરેલ ટ્રક જેતપુર પંથકમાં પહોંચે તે પહેલાં જ એસએમસીની ટીમે દરોડો પાડ્યો : રાજકોટ ગ્રામ્ય પોલીસ ઊંઘતી ઝડપાઈ

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ફરી એકવાર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દરોડો પાડતા સ્થાનિક પોલિસની સજાગતા પર સવાલો ઉભા થયાં છે. જેતપુર નજીક પીઠડીયા ટોલનાકા પાસે એસએમસી ટીમે દરોડો પાડી પાયલોટીંગ સાથે જતો રૂ. ૫૧ લાખનો ૫૦૦ પેટી ભરેલો દારૂ ઝડપી રૂ. ૮૬. ૩૩ લાખના મુદ્દામાલ સાથે પડધરી, કચ્છ અને રાજસ્થાનના પાંચ શખ્સોની ધરપકડ કરી હતી. હાલમાં જ રાજકોટ શહેરના માર્કેટિંગ યાર્ડમાંથી દારૂ ભરેલ ટ્રક પકડાયાના થોડા દિવસો બાદ જ ફરીવાર ડીજીપી સ્કવોડએ વિરપુર પોલિસની હદમાં દરોડો પાડતા સ્થાનિક પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. એસએમસી ડીઆઈજી નિરલિપ્ત રાય અને એસપી મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો રાજ્યભરમાં દારૂ-



જુગાર અને એનડીપીએસની બદી નેસ્ત નાબૂદ કરવા કાર્યવાહી કરી રહી છે. ત્યારે ગઈ મોડી રાતે એસએમસીની એક ટીમને મળેલ ચોક્કસ બાતમીના આધારે અમદાવાદ તરફથી એક દારૂ ભરેલ ટ્રક જેતપુર તરફ જઈ રહ્યો છે અને કારમાં અમુક શખ્સો ટ્રકનું પાયલોટીંગ કરી રહ્યા હોય તેવી મળેલ બાતમીના આધારે ટીમ પીઠડીયા ટોલનાકા પાસે વોચમાં હતી ત્યારે બાતમી વાળો દારૂ ભરેલ ટ્રક ત્યાંથી પસાર થતાં તેને અટકાવી તપાસ કરતાં અધિકારીઓ પણ ચોંકી ગયાં હતાં.

એસએમસીની ટીમે હાલ અંદાજે ૫૦૦ પેટી દારૂ પકડી પાડવામાં આવ્યો હોવાની માહિતી મળે છે. જેની કિંમત રૂ.૫૧ લાખ હોવનનું પોલીસ સૂત્રો જણાવી રહ્યા છે. પોલીસે દારૂની બોટલ ૨૫,૯૨૦ રૂ. ૫૧,૯૦,૨૪૦, વાહનો ૦૨ રૂ. ૩૨ લાખ, મોબાઈલ સહિત કુલ રૂ.૮૬.૩૩ લાખનો મુદ્દમાલ કબ્જે કરી નૌશાદ ઈશાકખાન (રહે. રાજસ્થાન), ખાલીન ખુસીદખાન (રહે. હરિયાણા), હર્ષવર્ધન શિવરાજસિંહ શેખાવત (રહે. કચ્છ), મનીષ દેવીલાલ પારગી (રહે. ગલપાદર, ગાંધીધામ) અને , નરેન્દ્રસિંહ ઉર્ફે મુન્નો બલભદ્રસિંહ જાડેજા (રહે. પડધરી) ની ધરપકડ કરી હતી.

જ્યારે દારૂનો જથ્થો મોકલનાર શિવરાજસિંહ મદનસિંહ સેખાવત (રહે. ગાંધીધામ, કચ્છ અને ચંદીગઢ), ટ્રકના માલીક મોહમ્મદ ઝફર જબ્બાર અને જેતપુરનો બુટલેગર જે દારૂના જથ્થાનો રીસીવર હોવાનું ખુલતાં પોલીસે ત્રણેયને વોન્ટેડ જાહેર કરી શોધખોળ આદરી છે.

હાલ એસએમસીની ટીમે તમામ આરોપીની પૂછતાછ આદરી છે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા જ રાજકોટ શહેરના માર્કેટિંગ યાર્ડમાં ઘઉંના બાચકાની આડમાં દારૂ ભરેલ ટ્રક એસએમસીની ટીમે પકડી પાડી બે શખ્સોની ધરપકડ પણ કરી હતી. ત્યારે ફરીવાર એસએમસીની ટીમ રાજકોટના ગ્રામ્ય વિસ્તારમાં ત્રાટકતા સ્થાનિક પોલીસમાં દોડધામ મચી ગઈ હતી.

**હોળી ધુળેટીના પર્વ પૂર્વે બુટલેગરો દ્વારા દારૂની રેલમછેલ...**

## રાજુલા નજીક દારૂની કટીંગ વેળાએ એસએમસી ત્રાટકી, રૂપિયા ૪૬.૮૮ લાખનો શરાબ પકડાયો

### ટ્રક, ચોક પાઉડર ૧૫૧૭૮.બોટલ, બોલેરો રોકડ અને મોબાઈલ મળી ૬૮.૫ લાખ નો મુદ્દામાલ કબજે, ટ્રક ડ્રાઈવરની ધરપકડ,બુટલેગર, ખેડૂત સહિત સાત શખ્સો નાસી છૂટ્યા

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભાચાદર ગામની સીમમાં એસએમસીએ વિદેશી દારૂનો દરોડો પાડી રૂપિયા ૪૬.૮૮ લાખની કિંમતનો ૧૫૧૭૮ બોટલ વિદેશી દારૂના જથ્થા સાથે ટ્રક ચાલકની ધરપકડ કરી રૂપિયા ૬૮.૫૫ લાખનો મુદ્દા માલ કબજે કરી બુટલેગર અને ખેડૂત સહિત સાત શખ્સોની શોધ કોણે હાથ ધરવામાં આવી છે.હોળી ધુળેટીના પર્વ પૂર્વે બુટલેગરો દ્વારા વિદેશી દારૂની રેલમ છેલને પગલે એસએમસીએ અમરેલી પંથકમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે રાજુલા તાલુકાના ભાચાદર ગામના દાદુભાઈ સુરંગભાઈ ધાખડા નામના શખ્સની વાડીમાં વિદેશી દારૂનું કટીંગ થતું હોવાની પીઆઈ આર કે કરમટા ને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી ટ્રકમાં ચોક પાવડરની બેગમાં છુપાવેલો રૂપિયા ૪૬.૮૮ લાખની કિંમતનો ૧૫ એક ૭૮ બોટલ દારૂ સાથે જામનગરના વિજય આલા વગોરા ની ધરપકડ કરી પોલીસે ટ્રક, ચોક પાઉડર ૧૫૧૭૮.બોટલ, બોલેરો રોકડ અને મોબાઈલ મળી ૬૮.૫ લાખ નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે દાદુભાઈ સુરંગભાઈ ધાખડા, વસીમ યુસુફ મકરાણી સેલાર ધાખડા, બુટલેગર અજય ખુમાણ, બજ્ઞહયજ્ઞિ નો ચાલક ટ્રકનો માલિક અને દારૂ મોકલનાર સહિત સાત શખ્સો ની શોધ ખોળ હાથ ધરવામાં આવી છે ધુળેટીના પર્વ પૂર્વે બુટલેગરો દ્વારા દારૂની રેલમછેલ.

**કુલ રૂ. ૮૬.૩૩ લાખથી વધુનો મુદામાલ જપ્ત : પડધરી, કચ્છ અને રાજસ્થાનના પાંચ શખ્સોની ધરપકડ : જેતપુરનો બુટલેગર, ગાંધીધામનો સપ્લાયર સહિત ત્રણ શખ્સો વોન્ટેડ**

## અકસ્માતના ક્લેઈમ કેસમાં મૃતક આચાર્યના વારસદારોને વ્યાજ સહિત દોઢ કરોડનું વળતર ચૂકવવા હુકમ

### માલધારી ફાટક પાસે ટ્રકે બાઈકને હડફેટે લેતા સર્જાયેલા અકસ્માતમાં રસુલપરા શાળાના પ્રિન્સિપાલનું મોત નિપજ્યુ'તું

**અબતક, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ માલધારી ફાટક પાસે બાઈકને ટ્રકે હડફેટે લેતા સર્જાયેલા અકસ્માતમાં રસુલપરા શાળાના પ્રિન્સિપાલના થયેલા મૃત્યુ અંગે વારસદારોના ક્લેઈમ કેસમાં ટ્રિબ્યુનલ દ્વારા વ્યાજ સહિત રૂપિયા દોઢ કરોડનું વળતર મંજૂર કરવામાં આવ્યું છે.આ કેસની હકીકત મુજબ, મુળ રાજકોટનાં લોહાણા સમાજનાં મોભી અને રસુલપરા પ્રાથમિક શાળામાં પ્રિન્સીપાલ તરીકે ફરજ બજાવતા હીતેષભાઈ નરોતમદાસ પુજારા ગત તા.૦૭/ ૦૪/ ૨૦૨૨નાં રોજ બાઈક લઈને જઈ રહ્યા હતા, તેમાં માલધારી ફાટક, ગોંડલ રોડ ઉપર પહોંચેલ ત્યારે ટ્રકનાં ચાલકે પોતાના હવાલાવાળો ટ્રક પુરઝડપે ચલાવીને બાઈકને પાછળથી હડફેટે લેતા ગંભીર ઈજા થવાથી હિતેશ પુજારાનું ઘટના સ્થળ ઉપર મૃત્યુ નીપજેલ જેથી ગુજરનાર હીતેષભાઈનાં વારસદારો દ્વારા તેમના વકીલ ભાવેશ એચ. મકવાણા મારફત રાજકોટની મોટર અકસ્માત ટ્રિબ્યુનલ સમક્ષ ટ્રકનાં માલિક અને વીમા કું. સામે વળતર મેળવવા અરજી દાખલ કરી હતી. જે અરજી કોર્ટમાં ચાલવા ઉપર આવતા ગુજ.નાં વારસદારો તરફે રજુ થયેલ પુરાવા જેવા કે ગુજરનારની પગાર સ્લીપ, ગુજરનારની પત્નીની કોર્ટ સમક્ષ રજુ થયેલ જુબાની, તેમજ સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદા ધ્યાને લઈ ગુજરનારનાં વારસોને વળતરનાં કેસમાં વ્યાજ સહિત કુલ રકમ ૧.૫૦ કરોડ મંજૂર કરવામાં આવ્યું છે. આ કામમાં ગુજરનારના વારસદારો વતી એડવોકેટ ભાવેશ એચ. મકવાણા રોકાયા હતા.

## ગેરેજ સંચાલકને માર મારવાના ગુનામાં પ્રભાત સબાડના આગોતરા જામીન મંજૂર

### વ્યાજની રકમને મામલે અપહરણ કરી ગોંધી રાખી હથિયાર દેખાડી માર મારી અને જાનથી મારી નાખવાની આઠ શખસોએ ધમકી આપી 'તી

**અબતક, રાજકોટ**

શહેરના તાલુકા પોલીસ મથક વિસ્તારમાં આવેલ બાપા સીતારામ ચોક નજીક મિસ્ટર મેક ડ્રાઈવ ગેરેજના સંચાલકે ધંધા માટે વ્યાજે લીધેલી રકમના મામલે અપહરણ કરી બળજબરીથી ગોંધી રાખી હથિયાર દેખાડી માર મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના ગુનામાં પોલીસ ધરપકડની દેહશતથી પ્રભાત સબાડ નામના શખ્સે કરેલી આગોતરા જામીન અરજી અદાલતે મંજૂર કરી છે. વધુ વિગત શહેરના મોરબી રોડ બેડી ચોકડી નજીક સેટેલાઈટ ચોક પાસે આરાધના એપાર્ટમેન્ટમાં રહેતો ધર્મેશ પ્રકાશભાઈ સિદ્ધપુરા નામના યુવાને ભાગીદારીમાં ગેરેજ નો વ્યવસાય કરવો હોવાથી ગેરેજ પ્રશાંત શૈલેષભાઈ તરાવીયા નામના યુવાન પાસેથી રૂપિયા ત્રણ લાખ લાખ લીધા હતા. બાદ ધર્મેશ સિદ્ધપુરા એ વ્યાજ અને રકમ દેવાની ના પાડતા પ્રશાંત તરાવ્યાએ તેના ગેરેજમાં કામ કરતા કારીગરો અને મિત્રો સાથે મળી ધર્મેશ સિદ્ધપુરાનું અપહરણ કરી પ્રશાંતના ગેરેજમાં ગોંધી રાખી રિવોલ્વર તાકી માર માર્યા અંગેની તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ધરપકડની દેહશતથી મવડીની લાભદીપ સોસાયટીમાં રહેતો સબાડ પ્રભાત નામના શખ્સે આગોતરા જામીન અરજી કરી હતી. જે જામીન અરજી સાંભળવા પર આવતા જેમાં સરકારી વકીલે જામીન અંગે વિરોધ કર્યો હતો. અને મુળ ફરિયાદીના વકીલે આગોતરા જામીન ન મળે તે માટે લેખિત વાંધા રજુ કર્યા હતા. બાદ આરોપી પ્રભાત સબાડના વકીલની દલીલો અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓ અદાલતે માન્ય રાખી આગોતરા જામીન અરજી મંજુર કરી છે. આ કામમાં અરજદાર તરફે એડવોકેટ રાજેશ કનુભાઈ ધ્રુવ, કેયુર મિતલ રાજેશ ધ્રુવ, રવી.બી.ધ્રુવ, તુષાર વાઘેલા, જયોતી એ. સિતાપરા, ખુશાલીબા કે. ગોહિલ, મિતાલીબા ડી. ગોહિલ, કુલદિપ કે. પરમાર તથા મદદનીશ તરીકે પલક વી. પરમાર, શિતલ મોરવાડીયા, ખુશી શાહ, કુલદિપ જોષી રોકાયેલ હતા.

## ૩૦ લાખની ઉઘરાણીના મામલે યુવક ઉપર હુમલો કરવાના ગુનામાં ત્રણ શખ્સો નિર્દોષ

### પેટ્રોલ પંપ બનાવવા માટે આપેલા રૂપિયાની માંગણી કરતા યુવકને છરી ઝીંકી

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર આવેલ પ્રતાપ નોનવેજ હોટલ નજીક ઓફિસમાં રૂપિયા ૩૦ લાખની ઉઘરાણી ના મામલે યુવક ઉપર છરી વડે હુમલો કરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે ત્રણ શખ્સોને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના કોઠારીયા રોડ હુડકો ક્વાર્ટરમાં રહેતા યુવરાજસિંહ રણજીતસિંહ જાડેજા પિતા રણજીતસિંહ જાડેજાએ પેટ્રોલ પંપ બનાવવા માટે ઈન્દ્રજીતસિંહ નાથુભા જાડેજા ને ૩૦ લાખ આપેલ હોય જે રકમ ની ઉઘરાણી માટે કોઠારીયા રોડ પ્રતાપ નોનવેજ હોટલ આગળ ઈન્દ્રજીતસિંહ જાડેજા ની ઓફિસે ગયેલા ત્યારે બંને વચ્ચે થયેલી બોલાચાલીમાં ઉશ્કેરાયેલા ઈન્દ્રજીતસિંહ જાડેજા ભરત પ્રવીણ હાવદરા અને વિમલ વિનુ નોઘણવદરા સહિતના શખ્સોએ છરી અને પાઈપ વડે હુમલો કર્યા અંગેની આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી પોલીસે ત્રણેય સામે ગુનો નોંધી ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા અદાલતમાં તપાસની દ્વારા ચાર સીટ રજૂ કરવામાં આવ્યું હતું બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેચી પુરાવા અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ અદાલતે તમામ શખ્સોને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે આ કેસમાં આરોપી તરફે એડવોકેટ તરીકે રઘુવીર ભાઈ બસીયા રોકાયા હતા

## લાખાજીરાજ ઉદ્યોગનગરમાં કલ્પેશ વાલાણી પર ટોળાં સ્વરૂપે ધારિયા-ધોકા વડે હુમલો

### યુવાનની બહેનને આરોપી ભગાડી ગયા મામલે માથાકૂટ થતાં ત્રણ શખ્સો તૂટી પડ્યા: પગ અને પાસળી ભાંગી નાખી

**અબતક, રાજકોટ**

લાખાજીરાજ ઉદ્યોગનગરમાં રહેતા યુવાનને ત્રણ શખસોએ ધારીયા અને ધોકા વડે મારમાર્યા બાદ યુવાનને તેની માતા અને બનેવીએ પણ ઢીકાપાટુનો મારમાર્યો હતો. જેમાં યુવાનના પગમાં ફ્રેકચર થઈ ગયુ હતું અને એક પાસળી પણ ભાંગી ગઈ હતી. યુવાનની બહેનને આરોપી ભગાડી ગયો હોય જે બાબતે અગાઉ થયેલી બોલાચાલીનો ખાર રાખી આ હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે યુવાનની ફરિયાદ પરથી થોરાળા પોલીસે રાયોટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

લાખાજીરાજ ઉદ્યોગનગર શેરી નંબર ૮ માં મીરા પાનની બાજુમાં રહેતા કલ્પેશ રમેશભાઈ વાલાણી (ઉ.વ.૪૦) નામના યુવાને થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રાહુલ ડાભી, વિનય મનસુખભાઈ ડાભી, પ્રભાબેન રમેશભાઈ વાલાણી, ભરત માધાભાઈ ચાવડા અને એક અજાણ્યા શખસનું નામ આપ્યું છે.

યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે અહીં પરિવાર સાથે રહે છે અને લાકડાનું વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.સંતાનમાં ત્રણ પુત્ર છે જે સાથે રહે છે ગઈ તા. ૨૪/૨ ના બપોરના સાડા ત્રણ વાગ્યા આસપાસ યુવાન ઘર પાસે ડેલીએ બેસી લાકડાના વેપારનો હિસાબ કરતો હતો. ત્યારે એક સ્પેલન્ડર પર રાહુલ ડાભી ત્રણ સવારી ચલાવી અને તેની પાછળ વિનય ડાભી તથા એક અજાણ્યો શખસ પાછળ બેસી યુવાનના ઘર તરફ આવતા હતા. આ શખસો પાસે ધારીયુ અને લાકડાના ધોકો હોય દરમિયાન વિનયે ફરિયાદીને ઘૂંટણના ભાગે ધારીયા મારી દેતા તેઓ નીચે પડી ગયા હતા. બાદમાં અજાણ્યા શખસ પાસે રહેલો ધોકો રાહુલે લઈ આ ધોકા વડે યુવાનને પાંસળીના ભાગે તથા પગના ભાગે ઘા ફટકાર્યા હતા. બાદમાં યુવાનના માતા પ્રભાબેન રમેશભાઈ વાલાણી અને બનેવી ભરત માધાભાઈ ચાવડા પણ તેને ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા. જેથી તેણે બૂમાબૂમ કરતા તેનો પુત્ર દર્શન (ઉ.વ. ૧૮) તથા પત્ની મનીષા અને અન્ય પુત્ર હાર્દિક તેમજ પાડોશીઓ અને આસપાસ લોકો ભેગા થઈ જતા આ શખસો અહીંથી ભાગી ગયા હતા.

બાદમાં ૧૦૮ મારફત યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જેમાં તેને પગની ઘૂંટણથી નીચેના ભાગે હાડકુ ભાંગી ગયું હોય અને ડાબી બાજુ એક પાસળી પણ ભાગી ગયાનું માલૂમ પડ્યું હતું. બંનેનું ઓપરેશન કરાવવું પડશે તેવું ડોક્ટરે કહ્યું હતું.

યુવાને વધુમાં જણાવ્યું હતું કે, આરોપી વિનુ ડાભી તેની બહેનને ભગાડી ગયો હોય જે બાબતે ઝઘડો થયાનો ખાર રાખી તેના પર આ હુમલો કરવામાં આવ્યો હતો. જયારે યુવાનને તેની માતા પ્રભાબેન સાથે છેલ્લા દોઢ વર્ષથી બોલવાનો વ્યવહાર ન હોય જેથી તેને તેની માતા અને બનેવી ભરતે પણ મારમાર્યો હતો.આ અંગે યુવાનની ફરિયાદ પરથી થોરાળા પોલીસે આરોપીઓ સામે રાયોટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

**ઘવાયેલા પુત્રને બાદમાં માતા અને બનેવીએ પણ ફટકાર્યો: થોરાળા પોલીસે રાયોટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધ્યો**

## સારવારનો ખર્ચ રૂ.૬૫.૬૬ લાખ વ્યાજ સહિત કલરવ ચિલ્ડ્રન હોસ્પિટલને ચૂકવવા હુકમ

### નવજાત શિશુઓને અપાયેલી સારવારનો ખર્ચ જામનગર જિલ્લા પંચાયત સામેનો દાવો અદાલતે કર્યો મંજુર

**અબતક,રાજકોટ**

સરકારની બાળસખા યોજના હેઠળ થયેલા એમઓયુ મુજબ, નવજાત શિશુઓને અપાયેલી સારવાર પેટે કલરવ ચિલ્ડ્રન હોસ્પિટલનો રૂા. ૬૫.૬૬ લાખ વ્યાજ સહીત વસુલવાનો જામનગર જિલ્લા પંચાયત સામેનો દાવો અદાલતે વાદીનાં ખર્ચ સહીત મંજુર કર્યો છે. આ કેસની હકીકત મુજબ, જામનગરનાં કલવર ચિલ્ડ્રન હોસ્પિટલના સંચાલક ડો. ડી. એમ. પોપટે સરકારની 'બાળસખા યોજના' હેઠળ એપ્રિલ - ૨૦૧૯થી માર્ચ - ૨૦૨૦ના એક વર્ષનાં સમયગાળા દરમ્યાન જિલ્લા આરોગ્ય અધિકારી અને જામનગર જિલ્લા પંચાયત સાથે 'એમ.ઓ.યુ.' કરાર મુજબ નવજાત શિશુ (ન્યુ બોર્ન)ને જન્મ પછીનાં પ્રથમ - ૨૮ દિવસમાં આપવાની થતી સારવાર નિઃશુલ્ક પુરી પાડીને એક બાળક દીઠ સારવારનો ખર્ચ રૂા. ૪૯ હજાર લેખે કુલ ૧૩૪ બાળકોની સારવારનો ખર્ચ રૂા. ૬૫.૬૬ લાખ ચુકવી આપવા જિલ્લા આરોગ્ય અધિકારી અને જામનગર જિલ્લા પંચાયતને નોટિસ ફટકારી હતી, કોઈ રકમ ન ચુકવતા ડો. ડી. એમ. પોપટે જામનગર કોર્ટમાં નવજાત શિશુને આપેલ સારવાર ખર્ચની રકમ રૂા. ૬૫.૬૬ લાખ વસુલવા અંગેનો દાવો કરેલો અને તે દાવાનાં કામે જામનગર જિલ્લા પંચાયત તરફે જુદા - જુદા કાનુની મુદ્દાઓની તકરાર લઈને વાદીનો દાવો નામંજુર કરવા પ્રયત્ન કરવામાં આવેલ. પરંતુ વાદી પક્ષે રજુ રાખેલ પુરાવા અને જુદી-જુદી ઉચ્ચ અદાલતોનાં ચુકાદાઓ ધ્યાને લઈને એડિશનલ સેશન્સ જજ ગાંધીએ વાદીનો દાવો મંજૂર કરી રૂા. ૬૫.૬૬ લાખ દાવાની તારીખથી ૬% સાદા વ્યાજ સાથે જિલ્લા પંચાયતે ચુકવવા અને દાવાનો, વકીલ ખર્ચ સહીત રૂા. ૧,૦૯,૮૪૨ વાદીને ચુકવવા હુકમ ફરમાવ્યો છે. વાદી તરફે વકીલ તરીકે કેતન એન. સિંધવા, સુનીલ સી. પોપટ, પરેશ વી. અનડકટ અને પંકજ આર. દોંગા રોકાયા હતા.

## કાલાવડ રોડ પર હિટ એન્ડ રન,અજાણ્યા વાહને બાઈકને ઠોકરે લેતા યુવાનનું મોત

### મજૂરી કામ કરી ઘરે જતી વખતે મોટરસાયકલને અજાણ્યા વાહને અડફેટે લેતા સારવારમાં મોત નીપજ્યું

**અબતક, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર છાપરા ગામ પાસે અકસ્માતની ઘટના સામે આવી છે. મજૂરી કામ કરી મોટરસાઈકલ પર ઘરે પરત ફરી રહેલા ૧૮ વર્ષીય પરપ્રાંતિય યુવાનને કોઈ અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. સારવાર દરમિયાન આજે યુવાને દમ તોડતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ મેટોડા જીઆઈડીસીના ક્રાંતિગેટ પાસે રહી કારખાનામાં મજૂરી કામ કરતા દીપકકુમાર મોતીલાલ (ઉં.વ. ૧૮) ગત ૨૩ ફેબ્રુઆરીના રોજ બપોરે ૩:૦૦ વાગ્યાની આસપાસ પોતાનું મોટરસાઈકલ લઈને કામ પરથી ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન છાપરા ગામ પાસે કાલાવડ રોડ પર કોઈ અજાણ્યા વાહને તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં દીપકકુમારને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ગંભીર હાલતમાં તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગંભીર હાલતમાં તેમની સારવાર ચાલી રહી હતી, પરંતુ કમનસીબે આજે ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક દીપકભાઈ ત્રણ ભાઈ અને એક બહેનમાં સૌથી નાના હતા. નાની ઉંમરે ઘરની જવાબદારી ઉપાડી મજૂરી કામ કરતા યુવાનના મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ બનાવ અંગે પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પ્રદ્યુમન પ્રાઈડ પાસે બાંધકામ સાઈટ પર પાંચમાં માળેથી પટકાતા શ્રમિકનું મોત

### કામ કરતી વખતે સંતુલન બગડતા બે શ્રમિકો નીચે પટકાયા, સારવાર દરમિયાન એકનું મોત અન્ય એક ઈજાગ્રસ્ત

**અબતક, રાજકોટ**

શહેરના નવા ૧૫૦ ફૂટ રિંગરોડ પર આવેલી નિર્માણધીન સાઈટ પર ગત સાંજે મોટી દુર્ઘટના સર્જાઈ હતી. પ્રદ્યુમન પ્રાઈડ, કોકોનેટ પાર્ટી પ્લોટ પાસે કામ કરી રહેલા બે શ્રમિકો પાંચમા માળેથી નીચે પટકાતા એકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક શ્રમિક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, ગઈકાલે (૨૫ ફેબ્રુઆરી) સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં રામપ્યારે (ઉં.વ. ૩૭) અને યોગેન્દ્ર રામ (ઉં.વ. ૩૪)નામના બે શ્રમિકો પ્રદ્યુમન પ્રાઈડ, કોકોનેટ પાર્ટી પ્લોટ પાસે સાઈટ પર પાંચમા માળે કામ કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક સંતુલન બગડતા બંને નીચે પટકાતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. રામપ્યારેને મગજ, પેટ અને પગના ભાગે ગંભીર ઈજાઓ થતા આયુષ્માન હોસ્પિટલના આઈ.સી.યુ. વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે યોગેન્દ્ર રામને હાથ, પગ અને મોઢા પર ઈજાઓ પહોંચતા તેમને સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. ત્યારે હોસ્પિટલના ડો. ધવલ અજમેરાએ રામપ્યારેને રાત્રે ૯:૨૧ વાગ્યે તપાસી મૃત જાહેર કર્યા હતા. જેને પીએમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હાલ ઈન્વેસ્ટિગેશન હેડ કોન્સ્ટેબલ કીશનભાઈ એમ. અજાગીયાએ આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૮૧૫મું ચક્ષુદાન તથા ૬૪મું દેહદાન

**અબતક, રાજકોટ**

વારા વિનોદભાઈ દેવજીભાઈનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન તથા ૬૪મું દેહદાન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરૂં પાડ્યું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૧૫મું ચક્ષુદાન થયેલ છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં આઠમું (૮) ચક્ષુદાન તથા ત્રીજું દેહદાન થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન-સ્કીન ડોનેશન- દેહદાનની વધુ માહિતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન, ઉમેશ મેહતા ૯૪૨૮૫ ૦૬૦૧૧નો સંપર્ક કરવા જણાવ્યુ છે.



રિપોર્ટરઃ ઉન્નતિ મહેતા
કેમેરામેનઃ અભિષેક આશીયાણી

### રાજકોટ જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશ ન્યૂ એરા સ્કૂલમાં વિદ્યાર્થીઓને આવકારવા પહોંચ્યા

## બેસ્ટ ઓફ લક

# ધો.૧૦-૧૨ની પરીક્ષાનો પ્રારંભઃ ઢોલ-નગારા અને દાંડિયાના તાલે વિદ્યાર્થીઓનું સ્વાગત





તસવીરઃ શૈલેષ વાડોલિયા

### વિદ્યાર્થીઓ તણાવ મુક્ત વાતાવરણમાં પરીક્ષા આપે તેવી વ્યવસ્થા કરાઈઃ જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશ

રાજકોટ જિલ્લા કલેકટર ડૉ. ઓમ પ્રકાશ આજે ન્યુ એરા સ્કૂલ ખાતે ધોરણ ૧૦ અને ૧૨ના બોર્ડના વિદ્યાર્થીઓને આવકારવા માટે પહોંચ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે અહીં પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થીઓની સાથે વાત કરી. તેઓ ખૂબ જ કોન્ફિડન્ટ છે અને તેમને જોઈએ ત્યારે ચોક્કસપણે આપણું બાળપણ યાદ આવી જાય. કલેકટરે પોતે જ્યારે બોર્ડની પરીક્ષા આપી ત્યારે નર્વસ હતા કે કેમ તેવું પૂછ્વામાં આવતા તેમણે જણાવ્યું કે, જનરલ ઓપરેશન એ પ્રકારની છે કે બોર્ડની પરીક્ષાની શરૂઆતમાં બધા નર્વસ જ હોય છે. વિદ્યાર્થીઓને સંદેશો આપવાનું કે આખું વર્ષ આપે મહેનત કરી છે જેથી કોઈપણ પ્રકારનો સ્ટ્રેસ રાખવાની જરૂર નથી અને અહીં તણાવ મુક્ત વાતાવરણમાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકે તે માટે વહીવટી તંત્ર દ્વારા પ્રયાસ કરવામાં આવેલો છે. સમવેદનશીલ પરીક્ષા કેન્દ્રો ઉપર વર્ગ ૧ અને ૨ના અધિકારીઓને નિરીક્ષણ માટે મૂકવામાં આવ્યા છે.

### ધોરણ ૧૦ અને ૧૨ના કુલ ૧૫.૨૭ લાખ જેટલા વિદ્યાર્થીઓ ૧૭૦૧ સેન્ટર પર ૧૮ માર્ચ સુધી આપશે કસોટી રાજકોટ જિલ્લામાં ૬૫ કેન્દ્રો પરથી ૮૦,૨૪૮ વિદ્યાર્થીઓની બોર્ડની કસોટી શરૂ

**અબતક, રાજકોટ**

આજથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાની શરૂઆત થઈ છે. બોર્ડની આ વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ના કુલ ૧૫.૨૭ લાખ જેટલા વિદ્યાર્થીઓ ૧૭૦૧ સેન્ટર પર પરીક્ષા આપવાના છે.

ધો-૧૦નું પ્રથમ ભાષાનું પેપર શરૂ થઈ ગયું છે.ક્યાંક વિદ્યાર્થીઓનું બેન્ડબાજાથી સ્વાગત કરાયું હતું તો ક્યાંક દાંડિયાના તાલ સાથે વિદ્યાર્થીઓને આવકાર અપાયો હતો. વિદ્યાર્થીઓને તિલક કરી ફૂલ આપી મોઢું મીઠું કરાવી પ્રવેશ અપાયો હતો.રાજકોટમાં

(અનુ. આઠમા પાને)

### હેલ્પલાઈન પરથી વિદ્યાર્થીને માર્ગદર્શન મળશે

પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ, વાલીઓ કે પરીક્ષાની કામગીરીના કર્મચારીને માર્ગદર્શન આપવા માટે જિલ્લાના કંટ્રોલરૂમ પર ફોન નંબર ૦૭૯ ૨૩૨ ૨૦૩૧૪ પર સંપર્ક કરી શકાશે. જે જાહેર રજાઓ સહિત સવારે ૭થી રાત્રે ૮ વાગ્યા સુધી કાર્યરત રહેશે. ઉપરાંત રાજ્ય કક્ષાએ હેલ્પ લાઈન નંબર ૧૮૦૦૨૩૩૫૫૦૦ આપવામાં આવ્યો છે. તમામ દિવસોમાં સવારે૧૦થી સાજે ૬૩૦ સુધી કાર્યરત રહેશે.

# શૈક્ષણિક કેલેન્ડરમાં ધુળેટી અને રામનવમી સહિતની ચાર રજાઓની તારીખમાં ફેરફાર

### ધુળેટીની ૪, ચેટીચાંદની ૧૯, રમઝાન ઈદની ૨૧ અને રામ નવમીની ૨૬મી માર્ચ રજા જાહેર કરાય

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણીક વર્ષ ૨૦૨૫-૨૬ની જાહેર રજાઓનાં કેલેન્ડરમાં ચાર તહેવારની રજાની તારીખમાં ફેરફાર કરાયો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરમાં શૈક્ષણીક વર્ષ દરમ્યાન લેવામા આવનાર શાળાકીય પરીક્ષાની તારીખની વિગતો પ્રથમ અને દ્વિતિય સત્રના શૈક્ષણીક કાર્ય દિવસો, વેકેશનના

(અનુ. આઠમા પાને)

### ગુજરાતમાં બે વર્ષમાં રૂ.૩૭૨૭ કરોડનું ડ્રગ્સ પકડાયું

# ડ્રગ્સ મુક્તિ માટે દરેક જિલ્લામાં નવા સેન્ટર ખોલવાનો રાજ્ય સરકારનો નિર્ણય

### ડ્રગ્સ માફિયાઓની મિલકતો પર પણ ‘દાદાનું બુલડોઝર’ ફરશેઃ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી

**અબતક, રાજકોટ**

રાજ્યમાં ડ્રગ્સના દૂષણને નાથવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા કડક અને નક્કર પગલાંઓની વિધાનસભામાં વિગતવાર માહિતી રજૂ કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર ડ્રગ્સ મુક્ત ગુજરાતના સંકલ્પ સાથે આગળ વધી રહી છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ડ્રગ્સના સોદાગરો સામે ગુજરાત પોલીસે ટોપ ટુ બોટમ ઈન્વેસ્ટિગેશન કરીને કડકમાં કડક કાર્યવાહી કરી છે. રાજ્ય સરકારે કચ્છ જિલ્લામાં ડ્રગ્સ સોદાગરોની રૂ.૩૨.૨૦ કરોડની મિલકતો પણ જપ્ત કરી છે. એટલું જ નહીં, ડ્રગ્સના વેપાર સાથે જોડાયેલા તત્વોના ગેરકાયદે બાંધકામો પર પણ ‘દાદાનું બુલડોઝર’ ફેરવી દેવામાં આવ્યું છે. ગુજરાત પોલીસે અન્ય રાજ્યોની પોલીસ સાથે સંકલન સાધીને ‘પાંડી બ્રધર્સ’ જેવા આંતરરાજ્ય ડ્રગ્સ માફિયાઓના નેટવર્કને તોડી પાડ્યું છે.

ગુજરાત પોલીસે ડ્રગ્સ બનાવતી ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યમાંથી પણ ડ્રગ્સ બનાવતી ફેક્ટરીઓ પકડી છે. તે ઉપરાંત ડ્રગ પેડલર અને ડ્રગ કાર્ટેલ્સને પકડીને ટોપ ટુ બોટમ તમામ પ્રકારના

(અનુ. આઠમા પાને)

### ૩૩૭ જેટલા સિરામિક એકમોને કોઈ રાહત નહિ

# મોરબીના સિરામિક ઉદ્યોગોની રૂ.૧૨૨ કરોડના દંડ સામેની અપીલ એનજીટીએ ફગાવી

### ભૂતકાળમાં કોલગેસીફાયરનો ઉપયોગ કરી પર્યાવરણને નુકસાની પહોંચાડવા બદલ ખાસ કમિટી દ્વારા ફટકારાયો હતો દંડ

**અબતક, રાજકોટ**

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલની વેસ્ટ ઝોન (પુણે) બેન્ચે મોરબી અને વાંકાનેર પંથકના સિરામિક ઉદ્યોગોને મોટો ઝટકો આપ્યો છે. એનજીટીએ ૩૩૭ જેટલા સિરામિક એકમો દ્વારા કરવામાં આવેલી અપીલને ફગાવી દીધી છેઅને પર્યાવરણને નુકસાન પહોંચાડવા બદલ (એન્વાયરમેન્ટલ ડેમેજ કમ્પેન્સેશન - ઈડીસી) ફટકારવામાં આવેલ રૂ. ૧૨૨.૦૫ કરોડનો દંડ યથાવત રાખ્યો છે. પ્રતિબંધિત કોલ ગેસિફાયરનો ઉપયોગ ચાલુ રાખવા બદલ આ આકરી કાર્યવાહી કરવામાં આવી છે.

મોરબી વિસ્તારમાં પ્રદૂષણની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને કોલ ગેસિફાયરના ઉપયોગ પર કડક પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ મામલો છેક સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યા બાદ ગુજરાત પ્રદૂષણ

(અનુ. આઠમા પાને)



### દંડની રકમની ગણતરી અને વહેંચણી કેવી રીતે થઈ?

વર્ષ ૨૦૨૪ માં રચાયેલી કમિટીએ પર્યાવરણને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરીને ૧૨૨.૦૫ કરોડ રૂપિયાનો આંકડો નક્કી કર્યો હતો. પ્રદૂષણ ફેલાવનાર તમામ ઉદ્યોગો પાસેથી આ રકમ વસૂલવા માટે એકમોને તેમની ઉત્પાદન ક્ષમતા અને કદના આધારે ’સ્મોલ’, ’મીડિયમ’ અને ’લાર્જ’ એમ ત્રણ કેટેગરીમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. એનજીટીએ પણ આ પદ્ધતિને સંપૂર્ણપણે યોગ્ય ઠેરવીને સ્વીકારી છે કે આટલા મોટા દંડની વહેંચણી માટે આ જ એકમાત્ર વ્યવહારુ રસ્તો હતો.

### આટલો મોટો દંડ ફટકારતા પહેલા બોર્ડ દ્વારા કોઈ નોટિસ કે બચાવની તક ન અપાતા ઉદ્યોગકારોમાં નારાજગી

જીપીસીબીની દંડ ફટકારવાની કાર્યવાહી સામે ૩૩૭ એકમોએ એનજીટીના દ્વાર ખખડાવ્યા હતા. તેઓની મુખ્ય નારાજગી એ વાતની હતી કે આટલો મોટો દંડ ફટકારતા પહેલા બોર્ડ દ્વારા તેમને કોઈ જ નોટિસ કે બચાવ કરવાની તક આપવામાં આવી ન હતી. વધુમાં, જે દિવસથી એકમમાં કોલ ગેસિફાયર લગાવવામાં આવ્યું હોય, તે જ દિવસથી દંડની ગણતરી શરૂ કરવાની જીપીસીબીની નીતિ સામે પણ ઉદ્યોગકારોએ સખત વિરોધ નોંધાવીને તેને કાયદા વિરુદ્ધ ગણાવી હતી.

# પોલીસ ભરતી માટેની શારીરિક કસોટીમાં ૧,૧૦,૬૬૫ ઉમેદવારો પાસઃ ૧૯ એપ્રિલે લેખીત પરીક્ષા લેવાશે

### ૭૪૫૯૧ પુરૂષો અને ૩૬૦૭૪ મહિલાઓ ઉતિર્ણ

**અબતક, રાજકોટ**

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પીએસઆઈ અને લોકરક્ષક કેડરના ભરતી માટે લેવામાં આવેલી શારીરિક પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ભરતીની જાહેરાત બાદ આવેલી અરજીમાં ૧૦ લાખથી વધુ ઉમેદવારોની શારીરીક કસોટી રાજ્યના અલગ અલગ ૧૫ ગ્રાઉન્ડ ખાતે લેવામાં આવી હતી.જેનું પરિણામ જાહેર થયું છે. કુલ ૧,૧૦,૬૬૫ ઉમેદવારો પાસ થયા છે. આગામી ૧૯મી એપ્રીલના રોજ પરીક્ષા લેવામાં આવશે.

કન્ફર્મ થયેલા ઉમેદવારો પૈકી, ફક્ત પીએસઆઈ અને લોકરક્ષક બન્ને માટે ઉમેદવારી નોંધાવેલી હોય તેવા ૩,૯૩,૫૫૮ ઉમેદવારોની શારીરિક કસોટી શરૂઆતના દિવસોમાં લેવામાં આવી હતી.

શારીરિક કસોટીમાં ઉતિર્ણ થયેલ ૧,૧૦,૬૬૫ ઉમેદવારોનું પરીણામ ભરતી બોર્ડની વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવેલુ છે. જેમાં ૭૪,૫૯૧ પુરૂષ ઉમેદવારો તથા ૩૬,૦૭૪ મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે.

શારીરિક કસોટીમાં ઉતિર્ણ થયેલ આ ઉમેદવારોની લેખિત પરીક્ષા તા.૧૯.૦૪.૨૦૨૬ના રોજ યોજાવાની સંભાવના છે.

વિધાનસભા ગૃહ ખાતે રાજ્યમાં પોલીસ ભરતી અને બઢતી અંગેના મહત્ત્વના આંકડાઓ રજૂ કરતાં કાયદા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ જણાવ્યું કે રાજ્યમાં વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૦,૨૮૮ પોલીસ અધિકારીઓની ભરતીની પ્રક્રિયા ચાલી રહી છે. જ્યારે વર્ષ ૨૦૨૪માં ૬,૩૧૯ અને વર્ષ ૨૦૨૫માં ૪,૭૮૧ મળીને કુલ ૧૧,૧૦૦ પોલીસ અધિકારીઓને બઢતી આપવામાં આવી છે.

વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન સમગ્ર રાજ્યમાં ૪૭૫ બિનહથિયારી પીએસઆઈની ભરતી કરવામાં આવી છે. જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬માં અંદાજે ૬૫૯ બિનહથિયારી પીએસઆઈ

(અનુ. આઠમા પાને)

# ગુજરાતમાં “ગાય”ને રાજ્યમાતાનો દરજ્જો આપવા કોંગ્રેસ પ્રમુખની માંગ

### ગાયોના રક્ષણ માટે કોઈ નક્કર કાયદાની અમલવારી કરાતી નથીઃ અમિત ચાવડા

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ગાયને રાજ્યમાતાનો દરજ્જો આપવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ માંગણી ઉઠાવી છે.

વિધાનસભામાં અમિતભાઈ ચાવડાએ પ્રશ્નોત્તરી કાળ દરમિયાન ભાગે લેતા જણાવ્યું હતું કે ગાય ભારતીય સંસ્કૃતિ, સંસ્કાર અને આસ્થાનું પ્રતિક, ગાય માતાને રાજ્યમાતાનો દરજ્જો આપવાની માંગ કરી હતી. ભાજપ માત્ર મતોના રાજકારણ માટે ગાયના નામનો ઉપયોગ કરે છે, પરંતુ વાસ્તવિકતામાં ગૌમાતાની હાલત દયનીય છે. જો મહારાષ્ટ્રની સરકાર ગાયને ‘રાજ્યમાતા’ જાહેર કરી શકતી હોય, તો ગુજરાત સરકાર કેમ પાછી પાની કરી રહી છે?

રાજ્યમાં કડક કાયદાની વાતો વચ્ચે પણ અનેક શહેરો અને અંતરિયાળ વિસ્તારોમાં ગાયોની કતલ અને ગૌ-માંસ પકડાય રહ્યું છે. જે ભાજપ સરકારની નિષ્ફળતા છતી કરે છે. ગૌ માંસ ભરેલા વાહન પર જો ભાજપના સ્ટીકર, ઝંડા લગાવેલા હોય તો પોલીસ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરતી નથી. ભાજપ સરકાર એક તરફ ગાયને માતા કહી મત માંગવામાં આવે છે, તો બીજી તરફ કતલખાનાઓ સુધી ગૌવંશને પહોંચાડતું નેટવર્ક પોલીસ અને

(અનુ. આઠમા પાને)

# રાજકોટના પેલેસ રોડ નજીક ફ્લેટમાં આગ ભભુકતા વૃદ્ધ માતા-પુત્રનું મોત

### રાત્રિના સમયેમન મંદિર એપાર્ટમેન્ટમાં આગ લાગતા ૯૨ વર્ષીય પ્રભાબેન અને ૬૧ વર્ષીય નરેન્દ્રભાઈએ ગુંગળામણથી દમ તોડી દીધાનું પ્રાથમિક તારણ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના પેલેસ રોડ નજીક વર્ધમાનનગરના મનમંદિર એપાર્ટમેન્ટમાં ગત રાત્રિના ૧૧૩૦ વાગ્યાની આસપાસ આગ લાગતા વૃદ્ધ માતા પુત્રનું ગુંગળામણથી મોત નીપજ્યું હતું. આગની ઘટનાને પગલે બે ફાયર ફાઈટર, પોલીસ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને પાણીનો માળો ચલાવી આગ પર કાબુ મેળવી

(અનુ. આઠમા પાને)





### એસીમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગ્યાનું પ્રાથમિક તારણ

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર હાલ આગ લાગવાનું સચોટ કારણ જાણી શકાયું નથી પરંતુ એસીમાં શોર્ટ સર્કિટ થતાં ફ્લેટના રસોડામાં અને હોલમાં આગ લાગતા ગુંગળાઈ જતાં માતા-પુત્રનું મોત થયું હતું. જો કે, આગ લાગવાનું સચોટ કારણ જાણવા એફએસએલ ટીમની મદદ લેવાઈ છે.

### દરવાજો તોડી ફાયર બ્રિગેડની ટીમે ફ્લેટમાં પ્રવેશ મેળવ્યો દોઢ કલાકની જહેમત બાદ આગ કાબુમાં આવી

ફાયર બ્રિગેડમાંથી પ્રાપ્ત વિગત અનુસાર રાત્રીના ૧૧૩૧ વાગ્યે આગની ઘટના અંગે કોલ મળ્યો હતો. જેથી તાત્કાલિક કનકરોડ ફાયર સ્ટેશન અને બેડીપરા ફાયર સ્ટેશન ખાતેથી બે ફાયર ફાઈટરો દોડી ગયા હતા. રાત્રીના ૧૨૫૮ સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. ફ્લેટનો દરવાજો અંદરથી બંધ હોય ફાયરની ટીમે દરવાજો તોડી ફ્લેટમાં પ્રવેશ મેળવ્યો હતો.

### બનાવને પગલે બે ફાયર ફાઈટરોએ દોડી જઈ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યોઃ એ ડિવિઝન પોલિસે એફએસએલ રિપોર્ટના આધારે તપાસ આદરી